પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

સંસ્થાપક : રવિશંકર રાવળ


સપ્ટેમ્બર ૧૯૯૭ - વર્ષ ૭૦મું - સળંગ અંક ૮૩૬

કુમાર

તંત્રી
ધીરુ પરીખ



મન મોર બની થનગાટ કરે • અનુ. ઝવેરચંદ મેઘાણી • છબીકાર : હેમેન્દ્ર એ. શાહ



એક ભૂદૃશ્ય] [નટુ મિસ્ત્રી 'ચેતક'

સ્થાનસમર્પિત
એક 'કુમાર'પ્રેમી તરફથી

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૦મું | અંક ૯

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૩૬

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ

પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)

પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૩૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫.૦૦

વાચકો લખે છે

'કુમાર' અંગે સ્નેહીજનો સાથે ક્યારેક વાતો થાય છે કે 'કુમાર' એ સમગ્ર રીતે શિક્ષણ આપતું ખૂબ માહિતીસભર માસિક છે. તે જૂનું નથી થતું. કારણ કે તેમાં આવતા લેખો અને અન્ય સામગ્રી કાયમી રીતે કામ આવે છે. કેટલીક અગત્યની માહિતી પણ તેમાં મળે છે. અમારી પાસે જૂના ગ્રંથો બાંધેલા છે અને ક્યારેય પણ તેમાં આવેલ સામગ્રી વાંચતાં એટલો જ આનંદ થાય છે જેટલો તે તાજી હોય તેમ. 'કુમાર'માં તે પ્રગટ થાય તે અગાઉના મહિનામાં બનેલ સાંપ્રત પ્રવાહો અંગે એક પાનું હોય તો સારું એમ લાગે છે. આપણા દેશમાં કેટલીક અતિ મહત્ત્વની રાજકીય ઘટનાઓ બને છે કે જેની છાયા આપણા ભારતના બંધારણ પર, આપણી આઝાદી પર, અને આપણાં જીવન-મૂલ્યો પર પડતી હોય છે. દેશના ઉત્કર્ષ માટે સતત ચિંતન-મહેનત કરનારા પુરુષો-સ્ત્રીઓની ઊંડી છાપ આપણા જીવન પર હોય છે તે એક યા બીજા સ્વરૂપે 'કુમાર'માં આવતાં જીવન-ચરિત્રોમાંથી મળતી હોય છે. એ બધામાં એક કૉમન ફૅક્ટર છે - નિસ્વાર્થપણે સમાજને પોતાની શક્તિઓ આપવી.

- સૂર્યકાન્ત પરીખ, ગીતા પરીખ (અમદાવાદ)

*

'કુમાર'ના જુલાઈ '૯૭ના અંકમાં છપાયેલા પંડિત ઓમકારનાથ ઠાકુર વિષેના લેખમાં કેટલીક ક્ષતિઓ રહી ગઈ છે. ઓમકારનાથનો જન્મ વડોદરા રાજ્યના ભાદરણમાં નહીં પરંતુ ભાદરણ મહાલમાં (હાલના ખેડા જિલ્લામાં) આવેલા જહાજ ગામમાં થયો હતો. ઓમકારનાથ તેમના પિતાના બીજા નહીં, ત્રીજા પુત્ર હતા. ઓમકારનાથના જન્મ સમયે સૌથી મોટા ભાઈ બાલકૃષ્ણ ૧૨ વર્ષના, બહેન પાર્વતી ૮ વર્ષનાં અને ભાઈ રવિશંકર ૪ વર્ષના હતા. સૌથી નાનાભાઈ તે રમેશચંદ્ર હતા.

પિતા ગૌરીશંકરે દીક્ષા લીધી અને સંસાર પ્રત્યે રસ ન રહ્યો તેથી નર્મદાકિનારે ચાલ્યા ગયા અને કુટુંબ પણ દક્ષિણ ગુજરાતમાં ચાલ્યું ગયું, એમાં પણ હકીકતદોષ છે. પિતાના મોટા ભાઈ રવિશંકરે વડીલોપાર્જિત સંપત્તિ પર પોતાનો અધિકાર જમાવ્યો, તેથી ગૌરીશંકરને ગૃહત્યાગ કરવો પડ્યો અને મથુરભાઈ પટેલ નામના એક સદ્ગૃહસ્થ પાસેથી બાર રૂપિયા ઉછીના લઈને સપરિવાર ભરૂચ આવ્યા. તે પછી તેમણે સંન્યાસ લઈને સદાને માટે ગૃહસ્થ-ધર્મનો ત્યાગ કર્યો હતો.

ઓમકારનાથજીનું અવસાન તા. ૨૦-૧૨-૧૯૬૭ના રોજ નહીં, પરંતુ તા. ૨૯-૧૨-૧૯૬૭ના રોજ રાત્રે મુંબઈ ખાતે થયું હતું. તેમના નશ્વર દેહને ભરૂચ લાવવામાં આવ્યો હતો અને તા. ૩૦-૧૨-૧૯૬૭ના રોજ બપોરે ભરૂચમાં તેમના અગ્નિસંસ્કાર થયા હતા.

ભરૂચના આ સપૂતની સ્મૃતિમાં, તા. ૨૭-૯-૧૯૯૨ના દિને, ભરૂચમાં 'કલાભવન'નું ખાતમુહૂર્ત અને શિલાન્યાસ વિધિ, એ વેળાના ગુજરાત રાજ્યના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યકક્ષાના મંત્રી, અભિનયસમ્રાટ, પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદીના હસ્તે થયો. રૂપિયા એક કરોડ ઉપરાંતના ખર્ચે તૈયાર થનારા આ 'કલાભવન'નું નિર્માણકાર્ય લગભગ પૂરું થવા આવ્યું છે. તેમાં વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થશે. તે માત્ર ઈંટ-ચૂનાની ઈમારત જ નહીં બની રહેતાં, પંડિતજીની ભાવનાનું મૂર્તિમંત સ્વરૂપ બની રહેશે. 'કલાભવન'ના ઉદ્ઘાટન પ્રસંગે એક 'સ્મૃતિઅંક' પ્રગટ થનાર છે, જેમાં સ્વ. પંડિતજીનાં વિવિધ જીવન પાસાંને આવરી લેતા લેખો તેમ જ તેમના જીવનપ્રસંગોની દુર્લભ તસ્વીરો પણ પ્રગટ થશે. પંડિતજીના આ જન્મ શતાબ્દીવર્ષમાં જ 'કલાભવન'નો ઉદ્ઘાટન વિધિ અને 'સ્મૃતિ અંક'નો વિમોચન વિધિ સમારંભ યોજાશે. પંડિતજીની સ્મૃતિમાં ભારત સરકારના ટપાલ ખાતાએ પંડિતજીની જન્મતારીખે ટપાલટિકિટ બહાર પાડી છે.

- નરોત્તમ વાળંદ (ભરૂચ)

*

જુલાઈના અંકમાં સંગીત માર્તન્ડનો લેખ હૃદયસ્પર્શી રહ્યો. મહિલાઓની મુલાકાતમાં ડૉ. કુ. સૉલૉમન વિશે વાંચી આનંદ થયો. વર્ષો પહેલાં એમ.એ.ના અભ્યાસક્રમ વિશે ગુજરાત યુનિવર્સિટીમાં લખેલું ત્યારે સંસ્કૃત વિભાગના વડા તરીકે તેમના હસ્તાક્ષરોમાં જવાબ મળેલો એ સુખદ સ્મૃતિ તાજી થઈ.

માહિતીસભર લેખો માટે મને લાગે છે કે 'કુમાર'નો જોટો નથી. મારી પાસે 'કુમાર' જોઈ ઘણાને પ્રશ્ન થાય છે 'કુમાર' તો બંધ થઈ ગયેલું ને? - પછી તાજે અંક નિરાંતે જોવા આપું. 'પોસ્ટકાર્ડ વિશે આટલો લાંબો લેખ લખી શકાય?

- ભાસ્કરભાઈ સ્વાદિયા (રાજકોટ)

*

જૂન અંકમાં સ્વ. કરસનદાસ માણેકનો પરિચય વાંચીને ખૂબ જ આનંદ થયો. શ્રી અમૃતલાલ યાજ્ઞિક દ્વારા મને એમના પ્રત્યક્ષ પરિચયમાં આવવાની તક મળેલી. આખ્યાનકાર તરીકે 'કુંવરબાઈનું મામેરું' ખૂબ જ લોકપ્રિય હતું. તેઓ દર મહિને અમદાવાદ આવતા. - ચીમનલાલ સોમપુરા (અમદાવાદ)

વિદેશ વસતી પુત્રીના જન્મદિને / ધીરુ પરીખ

(વસંતતિલકા • સૉનેટ)

બેટા, તું દૂર અતિ દૂર વસે વિદેશે
તારાં મૂકી સ્મરણ કૈં વરસોભરેલાં
તે આજ જાગૃત કરે પ્રતિવર્ષ કેવાં
સાથે મળી ઊજવતાં સહુ વર્ષગાંઠ!

લાગી પગે ઝડપથી ખસી દૂર જાતી;
ત્યારે થતું, ધસમસી વહેતી નદી આ
કાંઠા ત્યજી વિલપતા, ઠરશે ન ક્યાંય!

ના, ના; નથી જ, નહિ ક્યાંય ગઈ તું આજે,
શોધું તને અવ અહીં સઘળી ચીજોમાં –
એક્કેય ના સ્થળ હવે વણબોલ લેખું,
પેખું અરે વરસ સૌ પળમાં ગયાં તે
પાછાં વળી સકલ તે લહરાઈ રહે છે.

ટાણું પત્યે સહજમાં વીસરી જવાય;
ટાણે ન તું : સહજમાં સઘળે છવાય!

– તો / યોગેશ પંડ્યા

(ગાન)

બાર સાંધું તો તેર હાથ તૂટ્યા
આગોતરા જામીન પણ અધવચ્ચે ખૂટ્યા,
મારાં સાતે વહાણ કોણે લૂંટ્યાં?
વોળાવિયા, અધવચ્ચે ભાગી રે છૂટ્યા.

પહેલી પચ્ચીસીના સુક્કા રે આયખામાં
ભીનો પડ્યો છે દુકાળ,
બાંધ્યાં બંધાય નહીં વરસાદી વાદળાં
કેવું તળાવ કેવી પાળ!
આ તો દરિયો ને પાણીડાં ખૂટ્યાં
વોળાવિયા, અધવચ્ચે ભાગી રે છૂટ્યા.

અંજળ પર આંખ્યુંને ઠેરવીને બેઠી છું
ક્યારે સંભળાશે એ સાદ,
કૂવો, એ વડલો, એ પાદર, પાંચીકાની રમત્યું
એ દિવસોની યાદ
મારી આંખ્યુથી આંસુ વછૂટ્યાં
આગોતરા જામીન પણ અધવચ્ચે ખૂટ્યા!

ઓ દેશ મારા! / અશોક હર્ષ

ઓ દેશ મારા!
અફસોસ, સદ અફસોસ કે તુજ કીર્તિના
આજે રહ્યા ખરતા મિનારા!

છે શસ્યશ્યામલ એ જ તારી ભોમકા,
ને એ હવા ને એ જ તો છે વ્યોમ આ,
કિન્તુ બધે પ્રસરી રહ્યો મનનો વિકાર,
છાયે જતો જોને પરસ્પર તિરસ્કાર,
નાખી નજર જ્યાં પહોંચતી
ચૉમેર અત્યાચાર, હાહાકાર!

પરતંત્રતામાં યે કર્યે રાખી હિફાજત
મૂલ્યો તણી, ચારિત્ર્ય કેરી માવજત;
માનવમહિમાની પ્રતિષ્ઠા ને જગત-ઉદ્ધારની
તુજ નેમ કેરી આજ હા! ઊડી રહી શી ઠેકડી!
એથી વડી બીજી કઈ શરમિંદગી?
અધ્યાત્મના પડ હેઠળે
અહ ખદબદે શી ગંદકી!

શું સર્વ આ સંચિત હતું?
શાનું હતું? કોનું હતું? શામાં હતું?
શું ભૂતની એ પ્રેરણા?
સાંપ્રત તણી શું એષણા?
કે ભાવિએ નિજ દાવ કાજે આદરેલ પ્રતારણા?
કરવા ચહે હજુયે યદિ તુજ સ્વપ્નને સાકાર
તો છે સમય હજુ યે તું સત્વર
દૂર કર મનમેલ ને અંતર્વિકાર.

ત્યારે જ, હા ત્યારે જ
થાશે દૂર આ જાડ્યાંધકાર
ને પ્રગટશે શક્તિ, સાહસ, ઓજના અંબાર,
મર્મ માનવધર્મ કેરો મ્હોરશે,
નવમૂલ્ય માનવ અંતરે અંકિત થશે,
આખું જગત અભિનંદશે અભિવંદશે,
ત્યાર જ, હા ત્યારે જ.

કિન્તુ, હાલ તો તાકી રહ્યો
પરિતપ્ત ને નિઃસ્તબ્ધ હું
તારી ક્રમોત્તર દુર્દશા
ઓ દેશ મારા!

સદ્ગત કરમશીભાઈ મકવાણાનું સ્મરણ થતાં, ગામ-પાધરે શિવાલયની પડાળીમાં હર અગિયારશ અને પૂનમે મળતી ભજનમંડળીમાં જ નહીં, વાડીએ વાહુ ગયેલા એકલદોકલ ખેડુ-ભજનિકના રીસતા ગળે ને રણઝણતા એકતારાની સંગાથે પ્રજાકંઠે બેસેલી એક સાખી સતત યાદ આવતી રહી છે :

ખૂંદી તે ધરતી ખમે, વાઢી ખમે વનરાય,
કઠણ વચન મારા સાધુ ખમે, નીર તો સાયરમાં સમાય.

મધ્યકાલીન પરંપરાના ભજનિકોના અનુસરણમાં ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા- આંબલાના અમારા હેતાળ શિક્ષક રણછોડદાસ રામાનુજ પણ ભજનનો આરંભ કરતાં પહેલાં આ સાખી ગાતા. આમ, જનવાણીનું ઝરણું બની ગયેલી આ રચનાની સૌથી અઘરી વાત કરમશીભાઈએ એમની ફળફળતી યુવાનીનાં વર્ષોમાં વિરલ સંયમપૂર્વક જીવી બતાવી હતી. કરમશીભાઈના નિષ્પાપ પ્રેમનો, 'આ પ્રેમ નહીં પણ મોહ છે' એવું અકારું લાંછન લગાડીને અસ્વીકાર થયેલો. આવી, અત્યંત નાજુક સંવેદનની વાતે પ્રગટ થતા જુવાનીના તોર-તરીકાથી આપણે કોઈ અજાણ નથી પણ કરમશીભાઈએ, ભલે ભાંગેલા હૈયે ને સિવેલા હોઠે, કઠણ વચન ખમી ખાનારી જ નહીં વશેકાઈમાં શીતળતા દાખવનારી સાધુતા દર્શાવી ઉપર્યુકત ચાર ચરણને સાર્થક કર્યાં હતાં અને જેને સ્વર્ગથી ય સવાયું ગણ્યું હતું એ વિદ્યાધામ પરહર્યું હતું. દેખીતી રીતે સાધુતાનું એકે ય લક્ષણ ન ધરાવતાં કરમશીભાઈ આમ હાડથી સાધુ હતા. કારણ ? કારણ એ જ કે ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલાની સાયંકાલીન પ્રાર્થના-ભજનમાં ગવાતી ઉપરટાંકી સાખી એમણે માત્ર ગણગણી કે સાંભળી ન હતી, અંતરના ઊંડાણે આત્મસાત પણ કરી હતી.

ઉપર નોધ્યું એમ જે વિદ્યાધામ એમણે બળતાં હૈયે પણ હરફેય ઉચ્ચાર્યા વિના છોડયું હતું એ વિદ્યાધામની ધરતીનું મૂલ એમને માટે શું હતું? કરમશીભાઈના સહપાઠી દાસભાઈ રામાનુજે એમની યાદદાસ્તના અજવાળે ઓળખેલું આ શબ્દ-દૃશ્ય જુઓ : 'તેઓ (કરમશીભાઈ) આંબલા આવે છે. બધાંને મળે છે. અને પછી કપડાના ટુકડામાં થોડી માટી બાંધે છે. અમને આશ્ચર્ય થાય છે... આ કરમશી શું કરે છે ? માટી શા માટે બાંધે છે? તેને પૂછવામાં આવે છે. (એ) થોડો સંકોચ અનુભવે છે. થોડી આર્દ્રતા ચહેરા પર આવી જાય છે. તે કહે છે : 'મારા વતનના ગામમાં જ્યારે હું શાળાનું મકાન બાંધવાનું શરૂ કરીશ ત્યારે જ્યાં મેં શિક્ષણ લીધું, જ્યાં મારા જીવનનું ઘડતર થયું, જ્યાંથી મને એક દિશા મળી, ઉજાસ મળ્યો, એ ભૂમિ મારે માટે પવિત્ર છે. ને પ્રેરણાદાયી છે.... એ ભૂમિની માટી એ મકાનનું ખાતમુહૂર્ત કરીશ ત્યારે તેના પાયામાં પૂરીશ.... જે મને સતત બળ આપ્યા કરશે, હુંફ આપ્યા કરશે, સંતાપોમાં શીતળતા આપશે....' અને ભાવોદ્રેકથી તેમનો સ્વર ભીનો થઈ ગયો. ''


કોઈ બુદ્ધિવાદીની દૃષ્ટિએ ઉપરની ઘટનાનું ભાષ્ય થાય તો કદાચ કરમશીભાઈને 'લાગણીવશ વેદિયા'નું બીરુદ સાંપડે, કારણ કે પોતે જ્યાં ભણ્યા એ વિદ્યાધામની માટીમાં ઉપર થયું છે એવું 'પવિત્ર અને પ્રેરણાદાયી, શીતળ અને બલદાયી' જેવાં વિશેષણોનું આરોપણ કરવું એ કોઈ 'સેન્ટિમેન્ટલ ફુલ'નાં લાગણીવેડાં જ ગણાય; પરંતુ આ જગત કંઈ નર્યા બુદ્ધિવાદથી નથી નભતું ! એમાં કરમશીભાઈ જેવા સંવેદનશીલ મુર્ખોનુંય આગવું સ્થાન છે! પણ અહીં લગી પહોંચ્યા પછી તમારા મનમાં એ સવાલે કદાચ અકળામણ જગવી હોય કે પોતાના વિદ્યાધામની માટી, 'સંતાપોમાં શીતળતા આપશે' એવી અડગ અચલ અને સ્પૃહણીય શ્રદ્ધા ધરાવનારા આ કરમશીભાઈ છે કોણ ?

એમના પરિચયનો આરંભ એમને અપાયેલી શોકાંજલિથી જ કરીએ, કારણ કે વ્યક્તિ ન હોય ત્યારે જ એનું સાચું સ્વરૂપ સાંપડતું હોય છે. શોકસભામાં વંચાયેલા ઠરાવમાં કરમશીભાઈ માટે સમાજસેવક અને લેખક એવાં વિશેષણો વપરાયાં છે પરંતુ 'ગુજરાતી સાહિત્યકોશ ખંડ : ૨'માં નિરંજના વ્હોરાએ એમનું અધિકરણ લખતાં કરમશીભાઈને ખેડૂત, ગ્રામસેવક અને ધજાળાના ચૉરે ચાલતા સંસ્કારકેન્દ્રના શિક્ષક તરીકે ઓળખાવ્યા છે. આ રહ્યું એ અધિકરણ :

મકવાણા કરમશીભાઈ કાનજીભાઈ (૭-૧૦-૧૯૨૮) ચરિત્રલેખક. જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના અડાળા ગામમાં. આંબલાની લોકશાળા ગ્રામદક્ષિણામૂર્તિ અને ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ. ખેતીનો વ્યવસાય. ગ્રામસેવક, સંસ્કારકેદ્રના શિક્ષક, ગ્રામવિદ્યાલય લોકશાળા, ધજાળાના સંચાલક. લોકકેળવણી અને ગ્રામવિકાસકાર્યમાં પોતે મેળવેલા અનુભવો અને વિદ્યાર્થીજીવનનાં સંસ્મરણોને આલેખતું પુસ્તક 'વનરાનું હું તો ભાઈ ફૂલડું : ૨' (૧૯૯૩) એમની પાસેથી મળ્યું છે.

રાજકારણનો છોછ ન હોય અને અહીં ઉમેરવું હોય તો ઉમેરી શકાય કે કરમશીભાઈએ ગુજરાતમાં પંચાયતી રાજના આગમનથી અર્થાત્ ૧૯૬૨થી અવસાન પર્યંત પૂરાં પાંત્રીસ વર્ષો સુધી તાલુકા પંચાયતપ્રમુખ, જિલ્લા પંચાયતસભ્ય, ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના નશાબંધી અને વનવિભાગના મંત્રી તરીકે સેવાઓ આપી છે. સમાજસેવામાંથી એમનો રાજનીતિ-પ્રવેશ શી રીતે થયો એનો અગવો ઇતિહાસ છે; પણ હરેક ઇતિહાસનો આધાર ઘટનાક્રમ હોય છે એથી આપણે પણ કાળક્રમાનુસાર જ આગળ વધીએ.

પેલા અધિકરણમાંની વીગતો દ્વારા તો સાગરે તરતી હિમશિલાની માફક કરમશીભાઈના વ્યક્તિત્વનો આંશિક



કરમશીભાઈ મકવાણા

રમેશ ર. દવે

પરિચય સાંપડે છે. એમને મૂળ અને સુવાંગ રૂપે પામવા હોય તો લોકભારતી ગ્રામવિદ્યાપીઠ દ્વારા, તેના સંસ્થાપક આચાર્ય નાનાભાઈ ભટ્ટની જન્મશતાબ્દી નિમિત્તે પ્રકાશિત થયેલી 'ઝાડનાં પારખાં ફળ પરથી ' પુસ્તિકાશ્રેણીમાંની પુસ્તિકા : ૬ અને ૭ 'વનરાનું હું તો ભાઈયું ફૂલડું' વાંચવી જોઈએ. સૂચિત પુસ્તિકાશ્રેણીમાં ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા : આંબલા અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠ : સણોસરાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ, ઉપર્યુક્ત બંને શિક્ષણ-સંસ્થાઓ દ્વારા મળેલી કેળવણીનું એમના જીવનમાં શાં સ્થાન-મહત્તા છે એ સાદી-સરળ ભાષામાં દર્શાવ્યું છે. એક રીતે આ એકવીસ પુસ્તિકાઓ નાનાભાઈએ રોપેલા અને મનુભાઈએ સીંચેલા-ઉછેરેલા વૃક્ષ પર બેઠેલાં ફળો છે ! એ અર્થમાં આ પુસ્તિકાઓ નાનાભાઈએ કલ્પેલી ગ્રામાભિમુખ કેળવણીનું મૂલ્યાંકન પણ છે.

કરમશીભાઈએ 'વનરાનું હું તો ભાઈયું ફૂલડું'નાં બત્રીશ દુ ચોસઠ પાનમાં આલેખેલી એમની જીવન-કથાના આરંભે પોતાનાં કુળગોત્રનો પરિચય આમ આપ્યો છે :


'પાંચાળની કોળી કોમનું ઓઢણું ઓછું. એવા એક કબીલામાં મારો ઉછેર થયો છે. અમારા પૂર્વજો ચોર હતા, રંજાડી હતા, માંસાહારી હતા. મેં પણ નાનપણમાં માંસાહાર કરેલો, બીડી પીધેલી, મારામારી કરેલી. તેરચૌદ વરસની ઉમ્મર સુધી મને દાતણ કરવાનું પણ ભાન નહોતું પણ દુષ્કાળના ધક્કાએ, શહેરના સહવાસે અને પિતાની અધૂરી રહેલી અબળખાએ મને એકડા-બગડા ઘૂંટતો કર્યો.' (પૃ. ૩-૪)

દાંતણ કરવાની સાદી સમજ પણ કેળવાઈ ન હતી એવા, કોળી કબીલાના 'કમશી'માંથી કરમશીભાઈ (દર્શકે એમને લખેલા પત્રમાં 'કર્મસિંહ', તો ન. પ્ર. બુચે 'કર્મશ્રી' લેખ્યા છે) મકવાણા કેવી રીતે કોળી-મ્હોરી-મહેકી ઊઠ્યા એ કથા કહેતાં તો પાનાંનાં પાનાં ભરાય પણ અહીં એટલું અવશ્ય નોંધી શકાય કે સૂચિત મૂલ્યપરિવર્તન પાછળ પ્રભાવ રહ્યો છે પેલા મૂંગા મૂંગા છોડેલા વિદ્યાધામનો. કેવું છે એમનું એ વિદ્યાધામ? કરમશીભાઈ જ વર્ણવે છે : "મને હજીયે એ દૃશ્ય આંખ સામે તરવરે છે. મારાં માતા-પિતા અમને (કિશોર કરમશી અને સંનિષ્ઠ હરિજનસેવક ભગવાનજીભાઈ પંડ્યા) વળાવવા આવ્યાં હતાં. પિતાજીના ચહેરા પર પુત્રવિયોગની વિહ્વળતા એટલી નહોતી ઊપસતી જેટલી માની આંખોમાંથી ઝરતાં બોર બોર જેવડાં બિંદુઓમાં ટપકતી હતી. થોડી થોડી વારે ડૂસકાંને દબાવતી, મસ્તક પંપાળતી બોલતી હતી : "દીકરા કરમશી ! તું અહીં રહી જેટલું ભણાય તેટલું ભણ પણ આપણે બહારગામ નથી જવું.' માના આ શબ્દોમાં પુત્રવિયોગની

યુવાન વયે



પત્ની શાંતાબહેન સાથે



વેદના હતી તે તો પાછળથી ખબર પડી... મને ત્યારે ખબર નહોતી કે માની આ આખરી વિદાય છે. અમારું એ છેવટનું મિલન હતું. માને ગરીબાઈ ગળી ગઈ. માની મધુર સ્મૃતિઓએ મને આજ સુધી મારા જીવતરનાં કામોમાં બળ પૂર્યું છે.

માની ખોટે ચિત્ત આક્રંદ કરી ઊઠ્યું પણ એ વખતે આશ્વાસન આપતી અને માની મમતા અને હૂંફ પૂરી પાડતી એક આધારશિલા મળી. જેણે મને દ્વિજત્વ આપ્યું, માટીમાંથી માનવ સર્જ્યો, ઈંધણાને સમિધનું સ્વરૂપ આપ્યું. એ હતી અમારી વ્હાલી ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા, જેની હવાએ મારામાં નવી ચેતના ફૂંકી, જેના વાતાવરણે અંદરની શક્તિઓને મોકળે મને વહેવાની ગતિ આપી, જ્યાં માનવીની બુલંદીને આંબવાના કોડ જાગ્યા, જ્યાંથી જીવનના અનેક ઝંઝાવાતો વચ્ચે ટકી રહેવાની શક્તિ સાંપડી. આ સરજત કેવી રીતે થઈ, એ પણ એક લીલા છે ! અહીં તો એટલું જ કે-

ગુરુ કુંભાર શિષ્ય કુંભ હૈ, ગઢ ગઢ કાઢે ખોટ,
અંદર સે સહારા દિયે, બાહર સે લગાયે ચોટ.

જીવનઘડતરની આ કરમી પ્રક્રિયાને કયા શબ્દોમાં અર્ઘ્ય આપું?

અમે રે હતા રે ગુરુજી કડવી વેલે તૂંબડા,
તમ થકી મીઠા કહેવાઈ...." (પૃ. ૭,૮,૧૧)

ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળામાં ચાર વર્ષ ભણી 'વિનીત' થઈને કરમશીભાઈ ગૂજરાત વિદ્યાપીઠમાં આગળ અભ્યાસ કરવા આવે છે, પણ કુટુમ્બની આર્થિક પરિસ્થિતિ અનુસાર, સૌથી મોટા દીકરા તરીકે કરમશીભાઈ એ અભ્યાસ અધૂરો છોડે છે. પણ ગરીબીનો એ અનુભવ કંઈ પહેલવારુકો નથી. પોતાની કિશોરવસ્થામાં કરેલા જીવનસંઘર્ષનું સરવૈયું આપતા કરમશીભાઈએ નોંધ્યું છે : ".... છાણવાસીદાં કર્યાં છે. દુષ્કાળના દિવસોમાં ગામ છોડી શહેરની ગલીઓમાં લારીઓ ખેંચી છે, સ્ટેશન પર મજૂર બની મજૂરી કરી છે, શેરીએ શેરીએ માથે બોઘરણું મૂકી દૂધ વેચ્યું છે, સસ્તા અનાજની દુકાને મળતું સડેલું-બગડેલું અનાજ ખાઈ નોકરી કરી છે, જિનપ્રેસની કાળજાતૂટ મજૂરીએ સખત પરિશ્રમની દીક્ષા આપી છે. " (પૃ.૧)

પણ ગૂજરાત વિદ્યાપીઠનો વિદ્યાર્થીકાળ એળે નથી ગયો: "વિદ્યાપીઠના અભ્યાસક્રમે મને થોડી વૈચારિક સમૃદ્ધિ આપી. અમારી ખેડુની ભાષામાં કહું તો, 'ચણી બોર પર (કાશી બોરની) આંખ કલમ ચડી ચૂકી હતી ! " ગૂજરાત વિદ્યાપીઠમાં ઉત્તીર્ણ થયેલા સમાજસેવાના સ્નાતકોને ત્યારે હોંશે હોંશે કામ મળી રહેતું કરમશીભાઈએ પણ સ્નાતક થઈને કોઈ સારી નોકરી મેળવી સુખી થવાનું સપનું દેખેલું - "પણ રાત્રિ - પ્રવૃત્તિમાં સાંભળેલી મનુભાઈના ધોલેરા સત્યાગ્રહની વાતો, નાનાભાઈની દક્ષિણા-મૂર્તિને ગ્રામદક્ષિણામૂર્તિ બનાવ્યાની વાતો અને લોકશાળામાં ચાલતી લોકોપાસનાએ મને ગામડાના ઉત્થાનના કામમાં પડવાનો ધક્કો માર્યો. એ સાથે જ વિચાર આવ્યો કે ક્યાં જાઉં? ચિત્તમાં સળવળાટ થયો કે 'બીજે ક્યાંય જવાની જરૂર નથી. તારા પૂર્વજોએ કરેલાં પાપ ધોવા ધજાળા(વતનનું ગામ)માં જ તારા સેવાયજ્ઞની ધજા રોપ.'

"વરસો થયાં એ વાતને. મારા પૂર્વજોએ ધજાળા ગામ ભાંગી લૂંટ કરેલી. ભગીરથે પોતાના વડીલોનાં પાપ ધોવાં, તપશ્ચર્યા કરી ગંગાને વાળી પૂર્વજોને મોક્ષ અપાવ્યો હતો. મારાથી ભાગીરથીને તો નહીં ઉતારી શકાય, પણ જેમને માર્યા, લૂંટ્યા કે દુભાવ્યા તેના દિલને થોડો દિલાસો દેવાય અને ધોળે દિવસે ચાલતી આજની લૂંટમાંથી બચાવી તેના આડા ઘા ઝીલું તોય પૂરતું છે, તેમ લાગ્યા કરતું.

"એક દિવસ નાનકડા ગાડામાં ટાંચી ઘરવખરી અને એક કાળા પાટિયા સાથે હું ધજાળા આવી પહોંચ્યો. એ સમય હતો ૧૯૫૨ના ડિસેમ્બરના પહેલા અઠવાડિયાનો.

મારા કામની શરૂઆત સફાઈથી થઈ. મેં નક્કી કર્યું કે જો એકવાર હું આ ચોરાની સિકલ બદલી શક્યો, તો પછી ગામની સિકલ બદલતાં વાર નહીં લાગે." (પૃ. ૧૮,૧૯)

ધજાળા ગામનો મૂળ ચોરો (૧૯૫૨)



ધજાળાના ચોરામાં વિકસાવેલી હાલની શાળા





પિતા કાનજીભાઈ, બહેન મથુરાબહેન અને માતા ભાણીબહેન



વિદ્યાગુરુઓ ● (ડાબેથી) ન. પ્ર. બુચ, **મૂળશંકર મો. ભટ્ટ,** મનુભાઈ પંચોળી 'દર્શક', રતિભાઈ **અંધારિયા**

ગામનો ચૉરો એ ગ્રામીણ ચેતનાનું પ્રતીક છે. ગામની તાસીર-પ્રકૃતિ એ વગર પૂછયે અરીસાની જેમ ઓળખાવી આપે છે. ધજાળાનો નર્યા સ્મશાન જેવો ચૉરો (ચૉરાના ચૉકમાં મોટો ખાડો હતો અને તેમાં ગામ આખાનો કચરો, દિવાળીની અળશનાં ઠીબડાં, જૂના જોડા અને ઍંઠના હાંડલાં પડ્યાં હતાં, કોરે-મોરે આકડા ને આવળ ઊભાં હતાં) ગાર-ગોરમટીથી દીપતો થયો અને ચૉરાનો અળખામણો ચૉક સુંદર મઝાનું મેદાન બની ગયું એ જ ઘાટીએ ધજાળાં ગામ પણ બદલાયું એટલું જ નહીં,

ખડ, પાણીને કાંકરા, વળી ધરતી લાંપડિયાળ,
(પણ) વગર દીવે વાળુ કરે એ પડ જોયો પંચાળ.

- એવા વરહાં વેણ-વાણીથી ઓળખાતો પંચાળનો વેરાન પ્રદેશ પણ લીલી વાડીમાં પલટાયો એ પરિવર્તન વિશેના આનંદનું કરમશીભાઈએ કરેલું આ પ્રગટીકરણ જુઓ : "ધજાળાના ચૉરામાં રોપાયેલી એ સંસ્કારબીજની ધજા આજે તો ઉન્નત મસ્તકે ફરકતી રહી છે. ચૉરાના એ સંસ્કારકેંદ્રે જતે દિવસે ગ્રામશાળા અને છેવટે લોકશાળા સુધીની મજલ કાપી અને વેરાન ડુંગરાળ મુલકમાં શિક્ષણ અને સંસ્કારની લીલી વાડીમાં એનું વિસ્તરણ થતું રહ્યું છે.

આજે જ્યારે કોઈ નિરભ્ર અને નીરવ રાત્રીમાં ચાંદરડાંના આછા ઉજાસમાં એ લીલી વાડીના ચૉકની કૂણી રેતીમાં સૂતાં સૂતાં ભૂતકાળના એ દિવસોની સ્મૃતિઓને ઢંઢોળી બેસું છું ત્યારે એ દિવસોનાં મધુર સંભારણાં ટોળે વળી ગલગલિયાં ઉપજાવે છે." (પૃ. ૨૦)

આજે સાયલા-સુદામડા-ભીમોરા-ધ્રાંગધ્રા-ફુલગ્રામ-ચોરવીરા-નાવા-ડોળિયા અને મોરથલાને સમાવતો પંચાળનો પંથક ૩,૦૦૦ કિશોર-કિશોરીઓને ભણાવતાં અને એમના આનંદ-કિલ્લોલથી કૂજતાં, ગ્રામોત્થાન અને લોક-કેળવણીથી ગાજતાં-ગૂજતાં વીશ વીશ વિદ્યાધામોથી ઉજાસભર્યો થઈ રહ્યો છે પણ આ બધું કંઈ કે.લાલની જાદુઈ માયાના છૂમંતરનું પરિણામ નથી કે હથેળી ધરી, ફૂંક મારી અને રચાઈ ગઈ પેલી લીલી વાડી ! ધજાળા ગામના એ, ખહુરિયાં કૂતરાં અને મોઢાની મોળ્ય ઉતારનારા ગલઢેરાના થાનક જેવા ચૉરાના ચીંથરેહાલ મકાનને ગાર-ઓળીપા કરી આભલા જેવું બનાવી, તેની વચ્ચોવચ્ચ કાળું પાટિયું મૂકીને દસબાર છોકરાંને, ઘેર ઘેર જઈ, માંડ માંડ ભેળાં કરીને ભણાવતા કરમશીભાઈને ગામનો ખાઈ-બદેલો આગેવાન શું કહે છે?

"કમશી માસ્તર, આ કોળીને ભણતર નો ઊગે ! કોળીને ભણ્યે સારા વાટ નહીં, કાં તો (ઈ) જાહાચિઠ્ઠિયું લખે ને કાં મેલો લખે. કાંઈક બીજી વાત કરો." પણ અડગ મનનો પુરુષાર્થ તેની પાછળ પાછળ પ્રસન્નતાને પણ ખેંચી લાવે છે ! અલબત્ત, નર્યો પુરુષાર્થ કામ ન લાગે, તેની પાછળ પ્રાર્થનાનું ઓજસ પણ ખરું જ! કેવી છે એ પ્રાર્થના? અને કેવી મનઃસ્થિતિમાં એ થાય છે?

" આજની વિષમ પરિસ્થિતિમાં ભલભલા આ મોહમયી, લપસણી અને લોભામણી દુનિયા તરફ ખેંચાઈ જઈ પંડ્યની પળોજણમાં સલવાઈ જઈ અંદરના સત્ત્વને ખોઈ બેસે છે, ત્યારે અમે કહીએ છીએ : " હે લોકેશ ! અમને અમારા રસ્તે આગળ અને આગળ દોરજે. અમારા ચિત્તને હંમેશાં લોકો સાથે જોડેલું રાખજે. અમે લોકોને ચાહતા રહીએ, લોકહિતનું વિચારતા રહીએ અને લોકો અમારા કામને હૃદયથી ટેકો આપતા રહે તેવો વ્યવહાર ગોઠવજે " (પૃ. ૨૫)

રામ-રહીમની ખેંચતાણમાં વલોવાતા સમાજજીવનના આ કપરા કાળમાં પ્રાર્થના કરવા 'હે લોકેશ !' જેવું સંબોધન સ્ફુરવા માટે પણ કરમશીભાઈ પામ્યા હતા એવાં નરવાં અને ગરવાં હાડ-હૈયાં જોઈએ. એ આત્માના ગર્ભ-ગુંબજમાં જ લોકારાધનમાં લીન રહે એવી ચેતના પાંગરી શકે.

૧૯૫૨થી ૧૯૬૨ના એક દાયકાની કરમશીભાઈની લોકોપાસના જોઈ ઘનશ્યામભાઈ ઓઝા જેવા મુરબ્બી-વડીલોએ એમને સક્રિય રાજનીતિમાં જોડાવાનું હૂંફભર્યું નિમંત્રણ આપ્યું અને લોકસેવાથી નીપજેલી લોકચાહનાની મૂડીથી એમણે તાલુકા-જિલ્લા પંચાયતો અને રાજ્યની વિધાનસભા તથા મંત્રીમંડળ લગીની સક્રિય રાજનીતિ સ્વીકારી. માણસમાં વિત્ત ન હોય તો તરત ઠેબે ચડી જાય એવું ક્ષેત્ર છે આ રાજકારણ. કરમશીભાઈનેય પહેલે પગથિયે જ ઠેબે ચડાવાયા હતા, પણ ૧૯૬૩ની સાયલા તાલુકાના પ્રમુખપદની ચૂંટણીમાં, 'દર્શક'ની ભાષા વાપરીને કહીએ તો 'સત્તાધારી પક્ષના ઉમેદવારના દાંત ખાટા કરી નાખનારી બહુમતીથી' જિત્યા પછી પણ કાયદાકીય રીતે વિઘ્ન નખાતાં, પૂરાં પાંચ વર્ષ લગી કાયદાની લડત લડી વિજયી થયા અને "રાજ તો અમે કરી જાણીએ, કોળીથી તે ક્યાયં કારભારાં થતાં હશે? " એવી અવળવાણીનો ગર્વ ગાળ્યા.

કરમશીભાઈએ ગુજરાત સરકારના નાની સીંચાઈ ખાતાના મંત્રી તરીકે કામનો હવાલો ૧૯૯૦માં સંભાળ્યો ત્યારથી ઉત્તરોત્તર વધુ ને વધુ નાની સીંચાઈના તળાવો અનુશ્રવણ તળાવો, ચેક ડેમો તથા સેફ સ્ટેજનાં કામોની ઝુંબેશ ચલાવી. પરિણામે ૧૯૮૫-'૯૦ દરમિયાન થયેલાં કામોની તુલનાએ ૧૯૯૦-'૯૪ના ગાળામાં નાની સીંચાઈનાં કામો બમણાં થયાં છે. પરિણામે ગુજરાતનો સૂકો પ્રદેશ હરિયાળો બન્યો

ક્યાંથી આવી આ શક્તિ? શા સધિયારે આમ અડગ ઊભા રહેવાયું? નાનાભાઈ અને મનુભાઈએ આંબલાની લોકશાળામાં ભણાવતાં ભણાવતાં ભાથે બંધાવેલી, મૂળ રવીન્દ્રનાથની, પણ ગુજરાતીમાં ઝવેરચંદ મેઘાણીએ સુલભ કરી આપેલી, પ્રાર્થનાની પંક્તિઓએ ધ્રુવતારકની ગરજ સારી છે :

કંગાલોને જ્ઞાનહીણાં કરું ના
જાલિમોને પાય ઝૂકી પડું ના
ઊંચે માથે ક્ષુદ્રતાની વચાળે
ચાલું એવી શક્તિ આપો પ્રભુજી !

આ પ્રાર્થના કંઈ પોપટ-રટણ ન હોય! કસોટીની વેળાએ કસણીના પથ્થરે ઘસાઈને કરમશીભાઈ સો ટચનું સોનું નીવડ્યા છે. પ્રસંગ પંચવટી ફાર્મ-પ્રસિદ્ધ ઘનશ્યામભાઈ ઓઝાની સરકાર ઉથલાવવાનો. પહેલી રાતે પક્ષપલટા માટે ૨૦,૦૦૦ રોકડાનો પ્રસ્તાવ. કરમશીભાઈને રોમાંચ સુધ્ધાં થતો નથી. વળતી રાતે રકમ વધીને ૨૫,૦૦૦! ઉપરથી ખાતરી તો કેવી ? "જુઓ, આજની રાત છે, ફક્ત આપણે ત્રણ જ જણ છીએ. ચોથું કોઈ આ વાત જાણવાનું નથી." પણ કરમશીભાઈના સંકલ્પના કોટ-કાંગરા તો શું કણી સરખીય ખરી નહીં! અને દરખાસ્ત લઈ દોડી આવનારા વહાલેશરીઓને લમણે વાગે એવો ઉત્તર ઉપરિયામણમાં! "તમે મને કહ્યું કે આપણા ત્રણ સિવાય અહીં કોઈ નથી. પણ ચોથો ઈશ્વર આપણી આ વાત જાણશે તેનું શું? જુઓ, હું કોઈ લાંચિયો નથી, ભિખારી ય નથી. લાંચ લેવી હોત તો આજ સુધીમાં મહેલાતો ચણી હોત! પણ હું તો છું પંડ્યના પરસેવાની રોટી રળનારો ખેડૂત. કણમાંથી મણ બનાવનારો કસબી. અમે અનેકને આપનારા છીએ. અમે લાંચિયા કે ભિખારી બનશું તે દી' ધરતીના રસકસ ખૂટી જશે. તમે પચ્ચીસ હજાર શું, એક લાખ આપો તો પણ મારે ગોમેટ છે. હવે કાંઈ કહેવું છે?" (પૃ. ૧૫)

આવી જ એક ઘટના આ પૂર્વે પણ ઘટેલી પણ બંને પ્રસગે જલકમલવત્ બહાર અવાયું એનું શ્રેય પ્રભુને અને કંઈક પેલી ગ્રામદક્ષિણામૂર્તિની કેળવીણને પણ! અડગ-અચલ કેમ રહી શકાયું એનો ખુલાસો કરમશીભાઈએ આમ આપ્યો છે

કરમશીભાઈની વિદ્યાધાત્રી આંમલાની લોકશાળા



હૃદય આંચકો ખાઈ બેઠું થયું. આંબલાની કેળવણીના રક્તકણો બદલાઈ નહોતા ગયા, પ્રામાણિક રોટલો રળી ખાવાની માન્યતા મરી નહોતી પરવારી.'' આથી જરા ઊંચા અવાજે રણકો કરતી વાણી નીકળી પડી : ''જુઓ, તમે મારા મિત્ર છો, ટેકેદાર છો, મારે આવા કામમાં તમારો ટેકો નથી લેવો. મને કૉન્ગ્રેસે ટિકિટ આપી છે, ચૂંટણી લડવા પૈસા આપ્યા છે અને મતદારોએ આપણા પર વિશ્વાસ રાખી મત આપ્યા છે. આ પછી આપણાથી મતદારોનો અને પક્ષનો દ્રોહ કેવી રીતે થઈ શકે ? તમારી લાલચ એટલી મોટી છે કે મારા વડવાઓએ અને મેં કોઈ દિવસ આટલા પૈસા એકસાથે હાથમાં લીધા નથી. એટલે વાટકીનું શિરામણ કરી ગદરી ખાતું મારું મન એકસામટાં બત્રીસ ભાતનાં ભોજન ભાળી ભરમાઈ જાય, એથી વહેલી તકે તમે વિદાય થાઓ એ સારી વાત છે. બનવું એ જોઈએ કે કદાચ હું ભૂલ કરું તો તમારે મારો કાન પકડી મને રોકવો જોઈએ. મિત્ર તરીકે તમારી આ ફરજ નથી?'' (પૃ.૧૪)

ગરીબીમાં મોટા થયેલા કરમશીભાઈનું આ બયાન, પોતાની ઘડાતી આવતી વ્યક્તિમત્તા વિશે વ્યક્તિએ ગર્વિષ્ટ ન બનતાં કેમ અને કેવું સાશંક રહેવું ઘટે-એ સૂચવે છે, તો એક અદના માણસ તરીકે એમણે આપેલી સલાહ, - સલાહ તો શું? કહેલી વાત, મનુષ્યના પ્રયત્ન-પુરુષાર્થને કેવી અણધારી પણ અફર સહાય મળી રહે છે તેનું પ્રમાણ આપે છે : '' એક જલદી ગળે ન ઊતરે એવી વાત મારે તમને કહેવી છે. મેં આજ સુધી કોઈને લાંચ આપી નથી કે કોઈની પાસે અપાવી નથી. મને એ કળણમાં ખેંચવાના બબ્બે પ્રયત્નો થયેલા પણ પ્રભુનું પડખું મળી જતાં બચી ગયેલો ''

કરમશીભાઈની ગજવેલ જેવી રણકતી મૂળ ધાતુને વજુભાઈ શાહે બહુ વહેલી પારખી હતી. લોકભારતી અને ગ્રામદક્ષિણામૂર્તિ સાથે અભિન્ન રીતે સંકળાયેલા આ મુરબ્બીએ છેક ૧૯૭૪માં જાહેરસભામાં કહેલું : 'તેમને આ સંસ્થાઓમાંથી જે આત્મબળ મળ્યું તેને વિશે એક જ લીટીમાં કહેવું હોય તો આમ કહેવાય કે લાલચ બતાવીને મોટા મોટા રાજપુરુષોને ખરીદી શકાય પણ કોઈ આ કરમશીભાઈને ખરીદી લાવે તો આ સંસ્થાના કામ ઉપર ચોકડી મારી દેવા હું તૈયાર છું. એ તો જ્યાં સુધી વાત ગળે ન ઊતરે ત્યાં સુધી તે સ્વીકારે નહીં. હેરાન થાય, સ્થાનમાંથી ઊખડી જાય પણ દબાશે નહીં.'

આ ચરિત્રલેખ હું લખી રહ્યો છું- એવી વાત નીકળતાં ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યાલયમંત્રી જિતેન્દ્ર દવેએ વાગોળેલા સ્મરણ સાથે અટકીએ : '' પરિષદનું ૧૮મું જ્ઞાનસત્ર ભીમોરામાં યોજાવાનું હતું. જ્ઞાનસત્ર અંગેની થઈ રહેલી વ્યવસ્થા અને તૈયારીમાં કંઈ ઊણપ ન રહી જાય એવા સદાશયથી કરમશીભાઈએ મને અને રમેશભાઈને એકવાર રૂબરૂ આવી જવા કહેલું. વહેલી સવારે એમની કારમાં અમને પરિષદથી ઉપાડ્યા. રસ્તે વાતો થતી ગઈ. રમેશભાઈ ક્યારેક સીધા, એમને અડતા સવાલો પણ પૂછે. કરમશીભાઈ એમની ધોળી મૂછમાં હસતાં હસતાં હૈયે હોય ને જવાબ આપે. ઘેર પહોંચ્યા એટલે પોતે જ પાણિયારે જઈ લોટો-પ્યાલો ભરી અમને પાણી પાયું. ઘેર નાની પુત્રવધૂને કહ્યું કે આ બેય મહેમાન આપણે ત્યાં જમશે- બસ પછી સીધી ઉપાડી કચરાપેટી અને અર્ધો-પોણો કલાકમાં સંસ્થાના મેદાનમાં ફરી વળ્યા. કૂતરાની વિષ્ટા જોઈ તો પતરાની બે સૂપડી લઈ ગયા. અમે ચા પી-પરવારીને તૈયાર થયા એટલે કહે, ચાલો સંસ્થા બતાવું! સંસ્થા જોઈને પાછા ફર્યા ત્યાં રોટલા-રીંગણ-બટેટાનું મસાલેદાર શાક અને ઘાટી છાશનું ભોજન તૈયાર હતું. અમે બે મિત્રો, કરમશીભાઈ અને એમના ડ્રાઈવર ગોસાંઈ સામસામા બેસીને જમ્યા. મને શાક જરા તીખું લાગ્યું એટલે ઓછું ખાધું-ખવાયું તો કહે, 'ભલા માણસ અમને અધગલઢાને કાં શરમાવો? તમે હાથ ધોઈ નાખો પછી અમારે શું કરવું?''

સફાઈ-સ્વચ્છતા સંદર્ભે સંસ્થાના મેદાન અને પોતાના મનમાં કશો ભેદ ન કરનારા કરમશીભાઈનો દેહવિલય થયો છે પણ ધૂપસળીની સુવાસ પ્રસરી રહી છે. એમણે એમની જીવનયાત્રાના આલેખને અંતે એમની મનોકામનાને આમ મૂકી આપી છે :

''અમારા ગુરુજનોએ આદરેલી લોકોપાસનાનો તંતુ અમને લોકો સાથે હૃદયથી જોડી રાખે એ જ મનવાંછના છે. ધજાળાના ચોરેથી શરૂ કરેલી આ જીવનયાત્રા આ ટીંબે પૂરી થાય એવી મનોકામના છે. અમારો આ અર્ઘ્ય સાચી દિશાનો બની રહે તેવી અમારી પ્રાર્થના છે.

બાકી તો વનવગડે ઉજરેલા અમે સૂકી ધરતીમાં ગુલાબનું વાવેતર કરવા મથીએ છીએ. મૂઠી એક સુંગધી એ મલકમાં વેરી જઈએ તોય કૃતાર્થ થઈશું. અલવિદા.''

કરમશીભાઈ જેવા માણસને આ લોક કે પરલોક અને આ જન્મ કે પુનર્જન્મની પળોજણ પોસાય નહીં ! એ તો કોઈ ને કોઈ રૂપે પંચમહાલ ડાંગ કે દંડકારણ્યનાં વનોમાં વિહરવા માંડ્યા હશે પણ 'દર્શક' તો સ્વર્ગની કલ્પનાના માણસ છે. એમણે કહ્યું છે : 'હું સ્વર્ગે જવાનો છું એ વિશે મને શંકા નથી. પરંતુ તે મારાં કાર્યોને લીધે નહીં, પણ કરમશીભાઈ જેવા અમારા વિદ્યાર્થીઓનાં કાર્યોના પુણ્યે!' □

મર્સિ કિલર

ચંદ્રકાન્ત પટેલ

'સુના થા કે વો આયેંગે અંજુમન મેં, સુના થા કિ ઉનસે મુલાકાત હોગી...' ગણગણતો નાયક ગઈ રાતની પાર્ટિમાં નાયિકા સાથેની મુલાકાત વાગોળી રહ્યો હતો. છેલ્લા એકાદ વર્ષના પરિચયમાં, શરૂઆતમાં મૈત્રિણી અને હવે જીવનસંગિની બનવાના કોલ આપી ચૂકેલી નાયિકા એને હસતા પવન જેવી લાગતી હતી. આ પવનની લહેરખીઓએ એને જીવનની ધન્યતાનો અનુભવ કરાવી દીધો હતો. હવે તો એ સમયદીના સાત ફેરાના રોમાંચની પ્રતીક્ષામાં હતો.

'વનમેન શો'ની મનભાવન ખુશબો સાથે પ્રવેશેલા નાયકનું અભિવાદન મીઠી ટકોર સાથે થયું હતું : ' તારે આવા કૃત્રિમ આલંબનની શી જરૂર? તારાં રોમેરોમમાંથી પ્રગટતી કુદરતી સુગુંધ મારા માટે મદિર સાબિત થાય છે. એ સુગંધે મારા મનની સૂધબૂધ હરી લીધી છે. ' નાયિકાના આ શબ્દોની મદિરાનો 'હેન્ગ ઓવર' પ્રતીત કરતો નાયક શમણાના ઉપવનમાં ગાતા આસોપાલવ અને નિર્દોષ ભૂલકાં જેવાં છોડવાંઓની ઝૂમતી શાખાઓમાંથી વહેતી લયબદ્ધ સૂરાવલિઓમાં ખોવાઈ જતો હતો. ત્યાં જ..... ડોરબેલના અવાજે એને ઝબકાવી દીધો.

પોસ્ટમેનના હાથમાંનો ટેલિગ્રામ ખોલી, કાગળની ગડી ઉકેલતાં એની નજર શબ્દો તરફ મંડાઈ : ' મધર ઈઝ સીરિઅસ, કમ સૂન ' હૃદયમાં શેરડો પડ્યો : શું થયું હશે ? કદાચ...... ના,ના, એવું ન બની શકે. અમંગળ કલ્પનાથી પોતાની જાતને અળગી રાખવાનો પ્રયત્ન કરતા નાયકને અચાનક આવી પડેલા દુઃખદ સંદેશે તીવ્ર વ્યથાથી ઘેરી લીધો. છાતી પર જાણે નારિયેળ બાંધ્યું હોય એવડા કદની કેન્સરની ગાંઠ ધરાવતી માતાની કરુણાસભર પ્રતિમા એના મનઃચક્ષુ સમક્ષ ખડી થઈ.

હજુ સાત-આઠ માસ અગાઉ માની છાતી પરની એ ગાંઠ ફાટી હતી. લોહી નહીં, મરી ગયેલું કાળું લોહી, પરુ અને બળેલી સીંદરી જેવી માંસપેશીઓનો કોહવાટ નીગળતો જોઈ એ થીજી ગયો હતો. કઠણ હૃદયના માનવીનું કાળજું પણ કંપાવી મૂકે તેવું એ દૃશ્ય હતું. ડ્રેસિંગ માટે આવેલા ડૉક્ટરે ગાંઠ ફાટવાથી પડેલી બખોલમાં સ્પિરિટ રેડતાં, ફીણના પરપોટા ઊભરાતા જોઈ, 'ધડૂમ....' એવા મોટા અવાજ સાથે નાયક ભોંય પર પછડાઈ ગયો હતો.

થોડી મિનિટ પછી આંખ ખૂલી ત્યારે એ ખાટલામાં સૂતેલો હતો અને ડૉક્ટર તેના પર ઝળૂંબીને તાકીદ કરી રહ્યા હતા : 'ભાઈ, તમે ખૂબ પોચા હૃદયના છો. મહેરબાની કરીને ફરી આવું જોશો નહીં. '

ભૂતકાળમાં વિદ્યાર્થી આંદોલન વખતે સરિયામ રસ્તા પર, શરીર પર જાતે પેટ્રોલ છાંટીને, ભડભડ બળતા આત્મવિલોપની સહાધ્યાયીના શેકાઈ ગયેલા માંસમાંથી ફેલાતી દુર્ગંધનો એ 'આઈ વિટનેસ' હતો. કદાચ, 'નોઝ વિટનેસ' પણ હતો ! બળીને ખાખ થઈ ગયેલા મકાઈના ડૂંડા જેવી તેની ભૂંજાયેલી લાશની દર્દીલી યાદ, ડૉક્ટરની ટકોર સાથે તાજી થઈ હતી. એ વખતે નાયકના ભીતરમાં પુણ્યપ્રકોપની જ્વાળા ભભૂકી ઊઠી હતી : નિર્દોષોના રક્તપિપાસુ એવા કોઈ શયતાની દિમાગવાળા ખંધા રાજકારણીની પાડાની ખાલ જેવી જાડી ચામડીને જો જીવતી ભૂંજી નાખવામાં આવે તો તેની રાખ જે ધરતી પર પડે, તે કદાચ હંમેશ માટે વંધ્ય બની જાય!

રમખાણમાં કોઈએ સાત પેઢીઓના વેરનું ઠંડા કલેજે શમન કર્યું હોય એવી લાશ, કે જેના આંતરડાનું ગૂંચળું બહાર લટકતું હતું, એણે સગી આંખે જોઈ હતી, પણ આ તો મા હતી!

અગાઉ ઑપરેશન માટે સખત નનૈયો ભણતી માને ગાંઠ ફાટ્યા પછી નાયકે સમજાવી લીધી હતી. અને મોટા શહેરમાં લઈ જઈ ઑપરેશન દ્વારા ગાંઠ દૂરક કરવામાં સફળતા મેળવી હતી. જોકે ઑપરેશન પછી ડૉક્ટર એક વાત ધ્યાન પર લાવવાનું ચૂક્યા નહોતા : 'કેન્સર એટલે કેન્સલ ! આ ગાંઠ ફરી પાછી થોડાક જ સમયમાં પાંગરશે.' નાયકને ત્યારે તારણહાર અને મારણહારની છબીઓ એકબીજામાં ભળી જઈ 'ઘોસ્ટ પિક્ચર' રચતી જણાઈ હતી.

ભૂતકાળની ભૂતાવળથી પીછો છોડાવતો હોય એમ ઝડપથી પોતાનો સામાન બાંધી નાયક રેલવે સ્ટેશન તરફ જતાં વિચારી રહ્યો હતો : અજાત-શત્રુ એવી મા, જેણે ક્યારેય ગામડાગામમાં પણ કૂથલા-કૂથલીમાં રસ નથી લીધો, નવરી સ્ત્રીઓને ભક્તિમંડળ, ભરતકામ, સીવણકામ અને વાચન-લેખન જેવી પ્રવૃત્તિઓમાં વાળવા માટે ભારે જહેમત ઉઠાવી છે એની આવી અવદશા! હે, ભગવાન દયા કર!

હનુમાનચાલીસાનો પાઠ કરતો કરતો નાયક ટ્રેનની બારીમાંથી દેખાતાં ઝડપથી પસાર થતાં વૃક્ષોની આરપાર દૂરસુદૂર દૃષ્ટિ ફેલાવી અગમનિગમમાં ખોવાઈ ગયો.... સ્ટેશન આવી ગયું. તેના પગે ઘર ભણી દિશા પકડી.

નિસ્તેજ ચહેરો, નિર્માંસ શરીર અને ચકળવકળ આંખોવાળી માએ પથારીમાં સૂતાં સૂતાં ઇશારા દ્વારા જ બેટાની ક્ષેમકુશળતા પૂછી લીધી. માની પથારીની બાજુમાં ભોંય પર બેસી ગયેલા નાયકને આશીર્વચન આપતો હોય એમ કૃશ હાથ તેના માથાને પસવારી રહ્યો.

ઓરડામાં ફેલાયેલી જુગુપ્સાપ્રેરક દુર્ગંધ ગાંઠની હાલત વિશે ચાડી ખાતી હતી. પોતાના શરીરે સજ્જડપણે ચાદર વીટાળેલી રાખી, મા હવે નાયકને એ જીવતું દોજખ દેખાડવા માગતી નહોતી.

'બેટા, તું સાજોનરવો તો છો ને!'

'હા, મા ! તું જોઈ શકે છે, તારી સામે તો છું!'

'બેટા, હવે તો બસ મોત જોઈએ. ઉપરવાળો માગ્યું મોત પણ આપતો નથી. તું કંઈક કરને!'

' હું શું કરી શકું!!' આશ્ચર્ય સાથે નાયક માતાના મુખ ભણી જોઈ રહ્યો : માએ ભૂતકાળમાં પણ આવી યાચના ભગવાનને કરી હતી, પણ આમાં હું શું કરી શકું? રોગનો શરીરબદલો થતો હોત તો કેવું સારું!

માએ પોતાને થયેલા આવા ગોઝારા દુઃખને કારણે યમદેવતાનાં પગલાં સાંભળી લીધાં હતાં : 'બેટા, તારી વહુનાં પાયલાગણ સ્વીકારવાનો મારો ઓરતો અધૂરો જ રહી જશે. પણ, તું વહુ સાથે આપણા ઘરના દેવઘર આગળ પ્રણામ કરીને કુળદેવીના આશીર્વાદ લેવાનું ચૂકતો નહીં. બાકી, તારું હિત તો મારા હૈયે સદા કોતરાયેલું જ છે.'

'બેટા ! કોઈ ડૉક્ટરને સાધ, જે મને ઝેરનું ઇન્જેક્શન આપી દે અને હું આ પીડામાંથી છૂટું.'

માની કાકલૂદી દીકરાને સ્પર્શી ગઈ. પણ, આમાં શું થઈ શકે? એવું વિચારતો નાયક દીવાલ પર ચોંટાડેલા વૉલ પિક્ચરમાં શિવજીની જટામાંથી નીકળતી ગંગા તરફ અનિમેષ નયને જોઈ રહ્યો. ગંગાસ્વરૂપ માની વેદનાથી તરફડતી અત્યારની કાયા અને પોતે જ્યારે શાળાનો વિદ્યાર્થી હતો ત્યારે સુદૃઢ દેહયષ્ટિ ધરાવતી માના સ્મૃતિચિત્ર વચ્ચે મનોમન તુલના થવા માંડી : ' બે મરદ ભાંગીને આ એક સ્ત્રી ઘડી છે ભગવાને, અને એ પણ નવરે હાથે!' આવું 'હેલ્થ સર્ટિફિકેટ' પાડોશી દિવાળીબા આપતાં ત્યારે મા મનોમન હરખાઈને કહેતી કે, ' આ લાલુને એકલપંડે મોટો કરવાનો છે અને ભણાવીગણાવીને મોટો અમલદાર બનાવવાનો છે. તેથી જ ભગવાને મને આવી ઘડી છે!'

ખેતરમાંથી રજકાનું પોટલું લાવીને વેચતી મા, ચાર-પૂળાના કે દૂધના પૈસા ગણીગણીને ભેગા કરતી અને મજૂસમાં પોતાની જણસ સાથે લાલ થાપનમાં બાંધી મૂકી દેતી. 'ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે'ની શીખ આપતી તે, હંમેશાં નાયકને ખૂબ ભણવા માટે પ્રેરણા આપતી.

ઝાયણી હોય કે કાર્તિકી પૂનમનો મેળો હોય, નાયકને અછોવાનાં કરી ભાંતભાતનું ખવડાવતી મા, અડદની દાળ ને બાજરીના રોટલા માટે ગજબનો પક્ષપાત ધરાવતી હતી : ' એ તો હનુમાનજીનો પ્રિય ખોરાક છે. એ ખાવાથી એમના જેવું બાહુબળ ખીલી શકે !' અબુધ નાયક માની વાતોથી પોરસાતો અને ઘરના ઊંચા ઓટલા પરથી ફળિયામાં 'હનુમાન કૂદકો લગાવવાની કોશિશ કરતો!

આષાઢી બીજના દિવસે ગોરંભાયેલા આકાશને જોતાં જોતાં, ગામથી દૂર ખેતરો વચ્ચે આવેલા હનુમાનજીના મંદિરમાં, માએ બાંધી આપેલાં કુલેર અને ટોપરું ખાતાં ખાતાં, જૈફ વડલાની વડવાઈઓ પર ઝૂલવાની મજા એ લૂંટતો ત્યારે યૌવનના ઉંબરે ડગ માંડતી આંખોનાં તારામૈત્રકો રચાતાં.

'કેમ, કશો જવાબ આપતો નથી ?' લાંબા સમયથી મૌન રહેલી માએ આમ અચાનક પૂછી પાડેલા પ્રશ્નને કારણે તે તંદ્રામાંથી જાગ્યો.

'નહી, મા! એવું કશું ન થઈ શકે. હું તારા મૃત્યુમાં નિમિત્ત ન બની શકું ' માના પ્રસ્તાવથી ભાંગી પડેલા નાયકે રડમસ ચહેરે બોદો અવાજ કાઢ્યો.

'બેટા! ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્ય જેવા પુણ્યાત્માઓએ પણ કૈવલ્ય પ્રાપ્ત કરવા અર્જુનને નિમિત્ત બનાવ્યો હતો'' માએ મહાભારતનું શરણું લીધું.

'ના ! ના!' એવા ચિત્કાર સાથે નાયક માના ઓરડામાંથી બહાર ધસી ગયો અને ઘરના આંગણામાં ઢાળેલા ખાટલામાં સૂતાં સૂતાં આકાશ તરફ મીટ માંડી રબારણની આભલાં ભરેલી ઓઢણી જેવા લાગતાં નીલરંગી આકાશ અને આકાશમાં પકડદાવ રમતા હોય એમ નિશાનાથને સ્પર્શીને આગળ દોડતાં જતાં એકલદોકલ વાદળાને જોતો જોતો એ મનને શાતા આપવાનો નિરર્થક વ્યાયામ કરી રહ્યો.

પણ, માની પીડાને ભૂલવાના તેના પ્રયાસો નિષ્ફળ રહ્યા. વિચારચક્રના દાંતા ફરી રહ્યા હતા : અમેરિકા અને અન્ય પશ્ચિમી દેશોમાં લાંબા સમય સુધી કામામાં રહેનાર કે ભયંકર દર્દથી પીડાતા દર્દીઓને ડૉક્ટરો પૂર્વનિર્ણિત અને પૂર્વયોજિત મોત આપે છે એવું સાંભળ્યું હતું. આને એ લોકો 'મર્સિ કિલિંગ' એટલે કે દયા ખાતર કોઈને મારી નાખવું એવું કહે છે.

એટલામાં, રાત્રિના નિઃશબ્દ વાતાવરણને ભેદીને માના ઓરડામાંથી કંઈક અવાજ આવતો સંભળાયો. નાયકની વિચારશૃંખલા તૂટી : લાલુ...મૌત...પુષ્પક વિમાન... સ્વર્ગ...માની વાક્યધારામાંથી આવા સ્પષ્ટ-અસ્પષ્ટ શબ્દો સરી રહ્યા હતા. નાયક ગભરાયો. માના ઓરડામાં જઈ બત્તી કરતાં, જે દૃશ્ય એની આંખ સમક્ષ ખડું થયું, તેનાથી તે ખળભળી ઊઠયો :

માનો સાળુ ખસી ગયો હતો. ફાટેલી ગાંઠનું થોડાક મહિનાઓ અગાઉ જોયું હતું એવું હૈયુ ચીરી નાખે તેવું ભયંકર દર્શન. આંખો બંધ કરી દઈ નાયક ઝડપથી પાછો ફર્યો. ખાટલા પર બેસતાં બેસતાં, જૅકેટ પર લગાવેલી ઝીપ ખોલતું હોય એમ

છાતી પર લગાવેલી ઝીપ ખોલતું કોઈ અંગ્રેજી ટી.વી. સીરિઅલનું પાત્ર યાદ આવી ગયું. ઝીપ ખૂલતાંની સાથે જ ચામડી ખસી જાય છે અને પછી રબ્બરના નરમ ફુગ્ગા જેવું, મૂઠી જેવડું, લાલચોળ હૃદય, માંસના ગઠ્ઠાઓ અને માંસની ચીરીઓ....આજુબાજુ પાંસળીઓના પિંજર વચ્ચે કેદમાં પુરાયેલાં લોહીથી લથબથ ફેફસાં....યાદ આવી ગયું, આ બધું.....પણ, એ તો દૂર-દર્શન હતું, જ્યારે આ તો નિકટ-દર્શન! ફિલ્મટેક્નિકના ઉચ્ચતમ સોપાનની એ વાત અને આ તો જમીનના દેહને લાગેલો કવા! આહા! કેવું દર્દનાક! કાશ, કોઈ દુઃખદ સ્વપ્ન હોત આ, તો!.... નાયકે આંખ મીંચવાનો પ્રયત્ન શરૂ કરી દીધો...

સવારે નજીકના શહેરમાં ખરીદી કરવા જઈ રહેલા નાયકને માએ ગળગળા સાદે પાછો બોલાવ્યો : 'બેટા, ફાંસી પર ચઢનારની પણ અંતિમ ઇચ્છા પૂરી કરવામાં આવતી હોય છે. હું તો તારી મા છું. મારી અંતિમ ઇચ્છા.... ' નાયકના દિલો-દિમાગમાં જાણે સૂનકાર વ્યાપી ગયો : માને કઈ રીતે સમજાવવું કે ફાંસી પર ચઢનાર માટે મોત તો નક્કી જ હોય છે. એને તો એ સિવાયની બીજી કોઈ દુન્યવી ઇચ્છાની પૂર્તિ માટે પૂછવામાં આવે છે. જ્યારે મોત એ કોઈ માગવા જેવી ચીજ છે!

માત્ર દિગ્દર્શક તરીકે કાર્યરત એવો જગતનિયંતા, જો એણે સર્જેલા આ રંગમંચ પર મનખાવતરાની કોઈ ભૂમિકા જાતે ભજવે તો જ એને ખ્યાલ આવે કે આ કામ કેટલું કપરું છે!

માનું દુઃખ ન જોઈ શકતા નાયકે ભીષણ મનોમંથન પછી નિર્ણય લઈ લીધો. લેભાગુ કેમિસ્ટને ભળતુંસળતું કારણ આપી, સોની નોટના બદલામાં 'કામ્પોઝ'ની ત્રણ સ્ટ્રિપ ખરીદતી વખતે તેનું હૃદય જાણે ક્ષણ વાર માટે ધબકવાનું ચૂકી ગયું!


*

માની અંત્યેષ્ટિ પતાવીને શહેરમાં આવી ગયેલા નાયકને ક્યાંય ગોઠતું નહોતું. તેનો જીવ સનેપાતિયો બની ગયો હતો. તેના ચહેરા પર સતત ઘેરા વિષાદની છાયા જોઈને નાયિકા ખૂબ ચિંતાતુર બની ગઈ હતી. તેનો ગમગીનીભર્યો વલોપાત નાયિકાથી જિરવાતો નહોતો. નાયકનું મન બહેલાવવાના જાતજાતના નિષ્ફળ કારસા બાદ, નાયિકા તેને ખૂબ જીદ કરીને ડૉક્ટર પાસે લઈ ગઈ.

ડૉક્ટરે નાયકને તપાસ્યા બાદ, તેના ચહેરા પર દેખાતી શોકની કાલિમાનું પોતાની રીતે અર્થઘટન કર્યું : 'આમને, માતાના મૃત્યુથી ઊંડો આઘાત લાગ્યો છે. જોકે, ખાસ ચિંતાનું કારણ નથી. થોડા સમયમાં સારું થઈ જશે. ' કેટલાય દિવસોથી નાયિકા નાયકની ચિંતામાં ડૂબેલી હતી, તેને ડૉક્ટરનું નિદાન ખૂબ રાહતજનક લાગ્યું.

માતાના મોતના આઘાતમાંથી નાયકને બહાર લાવવાનો ઇલાજ ડૉક્ટરે પ્રિસ્ક્રિપ્શન પર ચીતર્યો : કામ્પોઝ – ૧ ગોળી બપોરે, ૧ ગોળી રાત્રે સૂતી વખતે! પ્રિસ્ક્રિપ્શન પર લખાયેલા અક્ષરો વાંચતાંની સાથે જ નાયકની ભ્રૂકુટિ ખેંચાઈ અને મુખરેખાઓ તંગ બનવા માંડી. તે એકદમ ચીસો નાખવા માંડ્યો : 'ખૂન! ખૂન!' અને બેબાકળો બની ક્લિનિકની બહાર ધસી ગયો.

નાયકના આવા પ્રત્યાઘાતના આઘાતમાંથી બહાર આવવા ડૉક્ટર વિસ્ફારિત આંખે પ્રિસ્ક્રિપ્શન તરફ જોતા જોતા ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયા. નાયકના આવા અણકલ્પિત વર્તનથી ડઘાયેલી નાયિકાની આંખો ચૂવા માંડી. પાછળ દીવાલ પર ટીંગાડેલી મધર મેરીની તસીવરમાંના હાથ જાણે નાયિકાનો વાંસો પસવારીને દિલાસો આપવા ઉત્કંઠ હોય એમ સળવળી ઊઠ્યા!



સંસારનાં સ્થાપત્યો - ૫

સ્ટોન હેજ (સાલ્સબરી)

હેમંત વાળા

પ્રાચીન કાળમાં સ્મારકીય, રાજકીય અને ધાર્મિક સ્થાપાત્ય-રચનામાં વિશાળતાનું મહત્ત્વ વધું રહ્યું છે. તે ઈજિપ્તના પિરામીડો હોય, ચીનની દીવાલ કે ઇંગ્લન્ડના વિલ્ટશાયર પ્રાંતનાં સૂર્ય-ચંદ્રની પૂજા માટેનાં મંદિરો; વિશાળ પ્રમાણમાપ તથા દળદાર બાંધકામ માટેના આદિ સંસ્કૃતિના માનવીઓના પ્રયત્નો પ્રશંસનીય છે, જોકે વિલ્ટશાયર ક્ષેત્રનાં આ મંદિરો બાંધકામ કરતાં પથ્થરોની ગોઠવણીમાત્રથી રચાયેલાં છે એમ કહેવાય. આ પ્રકારનાં મંદિરોમાં સૌથી ઉલ્લેખનીય તથા હજુ પણ સારી સ્થિતિમાં જળવાયેલું સાલ્સબરી નજીક આવેલું સ્ટોન હેજ નામે ઓળખાતું મંદિર છે. ઈ.સ. ૧૯૫૨માં શોધાયેલું આ મંદિર ૪૦૦૦ વર્ષ પુરાણું તથા નૂતન પાષાણયુગનું સ્મારક છે, જેની રચના દૈવી શક્તિઓ સાથે વાર્તાલાપ કરવાના માધ્યમ તરીકે નહીં પરંતુ તે શક્તિ વિષે સમજ કેળવવા કરાઈ હતી.

સ્ટોન હેજની રચનામાં આશરે ૩૦ મી. વ્યાસના વર્તુળમાં રાખોડી રંગના આશરે ૮ મી. ઊંચા તથા ૨૮ ટન વજનના ઊભા પથ્થરો ગોઠવાયા હતા. આ પથ્થરો પર આશરે ૩.૨૫ મી. લાંબા આડા પથ્થરો મુકાયા હતા. આ વર્તુળની વચમાં પ્રમાણમાં નાના આશરે ૬૦ પથ્થરોનું વર્તુળ બનાવાયેલું, જેની વચમાં ઇશાન ખૂણા સન્મુખ ખૂલતું ઘોડાની નાળ જેવા આકારનું પૂજાસ્થાન પથ્થરોની ગોઠવણથીજ નિર્ધારિત કરાયેલું. આ સમગ્ર રચનાના કેન્દ્રમાં આશરે ૫ મી. લાંબો પથ્થર ઊભો મુકાયેલો, જે આજે આડો પડેલો જોવા મળે છે. આ જ પથ્થર કદાચ નૂતન પાષાણયુગમાં પૂજા-ગોખ તરીકે વપરાતો હશે.

જે પ્રદેશમાં આ મંદિર બનાવાયું છે ત્યાં આવા પથ્થરો પ્રાપ્ય નથી; તેથી તે પથ્થરો આશરે ૩૦૦ માઈલ દૂરથી લવાયા હશે એમ અનુમાન છે. આ મંદિરની રચના ચાર તબક્કામાં થઈ હશે એમ મનાય છે. ઈસુ પહેવાની ૨૭૫૦ની સાલના ગાળામાં આ મંદિર માટે સૌપ્રથમ ૯૭.૫૦ મીટર વ્યાસનો વર્તુળાકાર માટીનો પાળો બનાવાયેલો. ત્યાર બાદ ઈસુ પહેલાંની તે ત્રીજી સહસ્રાબ્દીના અંતિમ ગાળામાં તે પાયાની ઇશાન ધરી પર ૮ મી. પહોળો માર્ગ તથા વચમાં રાખોડી રંગના પથ્થરો ગોઠવી વર્તુળ બનાવાયેલું. ત્યાર પછીનાં ૫૦૦ વર્ષના ગાળાના ત્રીજા તબક્કામાં ઘોડાની નાળના આકારનું ઇશાન ખૂણા સન્મુખ પૂજાસ્થાન તથા ઈસુ પહેલાંની ૧૫૦૦ સાલ આસપાસ અન્ય પથ્થરો મૂકી સ્ટોન હેજ પૂરું થયેલું.

સમયાંતરે લોકો આ વિશાળ સ્મારકના વિશાળ પથ્થરો પુલ, સ્મારક કે બંધ બાંધવાના કામમાં લઈ જવા લાગ્યાં. આજે માત્ર થોડા પથ્થરો જ તેની એક સમયની ભવ્યતાના સાક્ષી તરીકે ઊભા છે. આશરે ૪૦૦૦ વર્ષ પહેલાં ૨૮ ટન જેટલા વજનના વિશાળ પથ્થરોને ૩૦૦ માઈલથી પણ વધુ અંતરેથી લાવી તેને વ્યવસ્થિત વર્તુળાકારે ઊભા કરી તેના પર તેના જેવા જ વજનદાર, દળદાર તથા વિશાળ પથ્થરોની આડી પાટ મૂકી મંદિરની રચના કરવી એ કંઈ નાની વાત નથી. તે ઉપરાંત સૂર્યની દિશા પ્રમાણે વચ્ચેના પૂજાસ્થાનના પથ્થર પર જે તે સમયે ચોક્કસ પ્રકારનો છાંયો પડે તેની ગણતરીપૂર્વકની રચના પણ પ્રશંસનીય ગણાય. વળી, સ્ટોન હેજ અન્ય તેવાં મંદિરો સાથે એક રીતે સંકળાયેલ હોવાથી નૂતન પાષાણયુગની ચોક્કસ પ્રકારની સામાજિક તથા ધાર્મિક વ્યવસ્થા વિશે પણ સચોટ સૂચન કરે છે અને તેથી જ સ્ટોજ હેજ સ્થાપત્યનો ઉલ્લેખનીય નમૂનો ગણાય છે. □

(સ્થિર નદી, સરતાં નીર)

સૌંદર્યના સાન્નિધ્યમાં

પ્રીતિ સેનગુપ્તા

એટલું બધું સૌંદર્ય - સર્વત્ર, સર્વ ક્ષણે અને શું હતા એના ઘટકો? પાણી, પર્વત, વાંસ, ખેતર – સંપૂર્ણપણે પ્રાકૃતિક દૃશ્ય. એમાં વખતોવખત સંમિલિત થતી હતી ગ્રામ-જીવનની ઝાંખી. નૌકાની અશીઘ્ર અને મસૃણ ગતિને કારણે આ સુખ્યાત દૃશ્યપટને મન ભરીને નયન ભરીને, માણી શકાતો હતો.

સાવ નીચા કિનારા પર અનેક વૃક્ષ હતાં. પાણીને સાવ અડીને ઊંચા ઊંચા વાંસ હતા. ખૂબ મજબૂત પણ લાગે, ખૂબ નાજુક પણ લાગે. વાંસની આ જાતનું સ્થાનિક નામ "ફિનિક્સ પંખીની પુચ્છ' છે. ઊંચા, સુદૃઢ પીળાં-લીલાં સીધાં થડ છેક ટોચેથી જરા વળતાં હતાં. એમની સાથે, પાતળાં પણ ગીચોગીચ ઊગેલાં લાંબાં પાંદડાંથી ભરેલી ડાળીઓ પણ ઝૂકતી હતી. આ દેખાવ બરાબર ચીની પુરાણ-કથામાંના શુકનવંતા ફિનિક્સ પંખીની પુષ્ટ પૂંછ જેવો લાગતો હતો. આવા વાંસનાં ઝુંડનાં ઝુંડ ઠેર ઠેર ઊગેલાં હતાં. એ તાજા, હરિત પડદાની પાછળ ગામડાં સંતાયેલાં હતાં. ક્યાંક ક્યાંક એમની ઝલક મળી જતી હતી. માટી, ગાર, ઘાસ, ને ક્યારે ઈંટો, વાપરીને બનાવેલાં નાનાં ઘર દેખાઈ જતાં હતાં. ગ્રામજનો શેરડી, બટાકા, ચોખા વગેરે ઉગાડીને જીવનનિર્વાહ ચલાવે છે. માછલી પર તો એમનો મોટો આધાર ખરો જ .

ત્યાંના માછીમારો નદીમાંથી માછલી કૈંક જુદી જ રીતે પકડે છે. એ માટે એ લોકો કૉર્મોરાન્ટ - 'જળ-કાક' કહેવાતું પંખી પાળે છે. સાંકડા તરાપા પર એવાં બે કે ત્રણ પંખી બેઠેલાં દેખાય. કાળાં, ને કાગડાં જેવાં જ લાગે. દરેકના એક પગે દોરી બાંધેલી હોય, ને એનો બીજો છેડો તરાપાની એક લાકડી પર બાંધ્યો હોય. માછીમાર ઈશારો કરે એટલે કૉર્મોરાન્ટ પાણીમાં ડૂબકી મારે, અને ચાંચમાં માછલી પકડી લાવે ! ચીની લોકો કોઈ પણ જાતનાં પ્રાણી, પંખી, જીવ-જંતુ ખાય છે, પણ ગુઈલિન શહેરની આસપાસના રાજ્ય - પ્રદેશમાંનાં લોકો એક કૉર્મોરાન્ટ પંખી કદી નથી ખાતાં. પાળવા માટેનું, ને કામનું, પંખી છે ને!

ચીનની દક્ષિણે આવેલા આ પ્રદેશનું નામ ગ્વાન્ગ્શી ત્ઝવાન્ગ છે. એ 'સ્વચાલિત' ઈલાકો છે. ચીનમાં કુલ બત્રીસ પ્રાદેશિક વિભાગો છે, જેમાં પાંચ ઓછેવત્તે અંશે સ્વચાલિત ગણાય છે. ગ્વાન્ગ્શી ત્ઝવાન્ગ સિવાય એમાં તિબેટ, નિન્ગ સા ટાપુ, શિન્ગ ચાન નદીનો પ્રદેશ, તથા ઇનર મૉન્ગોલિયાનો સમાવેશ થાય છે. એમાં રહેતી પ્રજા લઘુમતિ પ્રજા હોય છે. જેમ કે, અહીંની પ્રજા ડ્વાન્ગ જાતિની બનેલી છે. આ જરા જુદા દેખાતા, શ્યામળા, લોકો છે. ઊંચા ગાલ, ચીબાં નાક, લાંબી દાઢી, ઊંડી આંખો, બેવડાં પોપચાં વગેરે અંગાંશોને કારણે એ લોકો જુદા પડી જાય છે. ગુઈલિનના બૃહત્ પ્રદેશમાં જે તેર વિભિન્ન લોક-જૂથ છે એમાં ડ્વાન્ગ જાતિ બહુમતીમાં છે, ને એ કારણે પ્રદેશનું આ નામ છે. જો એમની સંખ્યા ઘટી જાય, તો પ્રદેશનું નામ પણ બદલવું પડે. મિસ લિ કહે, " પણ એવું કશું થવાનું નથી. એ લોકોની વસ્તી હંમેશાં વધતી જ રહે છે."

લિ નદી ખાસ્સી ભરેલી હતી, પણ અત્યારે પાણી ઓછું કહેવાય. ઑગસ્ટમાં પૂર આવે છે ત્યારે આ બધાં વૃક્ષો પણ ડૂબી જાય છે. ભારે હોનારત સર્જાતી હશે ત્યારે. હમણાં તો બધું શાંત ને રમ્ય છે. એક નીચા કિનારે કેટલીક ભેંશો ચરતી-ફરતી હતી. બીજે સ્થળે, કિનારાનાં છીછરાં પાણીમાં બતકો તરતી હતી. ઉપર ગામ સુધી જતાં પગથિયાં- કેડી પર એકલદોકલ જણ, ક્વચિત બેએક બાળકો, દેખાઈ ગયાં. ક્યાંક નાની છાપરી બાંધેલી હોડીઓ નાંગરેલી હતી. કોઈ સાવ ગરીબ કે પછી અસ્થાયી સ્વભાવનાં જનોનાં એ ઘર હતાં સ્થાનિક લોકો રોજિંદાં કામ માટે હોડીઓ કરતાં તરાપા વધારે પસંદ કરતા લાગ્યા. ખૂબ જાડા, મજબૂત, ખૂબ લાંબા વાંસનાં છએક અડધિયાં સાથે સપાટ બાંધ્યાં એટલે થયો એમનો તરાપો. લગભગ તો એક જ માણસ બેઠો હોય. એક જ હલેસાથી ચલાવે. તરાપાની વચમાં મોટો એકાદ ટોપલો હોય - માછલી, શાકભાજી, સરસામાન માટે કામ લાગે. એક ગામ પાસે નૌકા ઊભી રહી. હૉન્ગકૉન્ગનાં ચીનીઓનું જૂથ ત્યાં ઊતરી ગયું. ત્યાં આગળના તરાપાઓમાં બબ્બે માણસ હતા. એક હલેસું મારવા માટે, ને બીજો પ્રવાસીઓ ને નાની, સસ્તી, નકામી ચીજ-વસ્તુઓ વેચવા માટે.

એ જૂથ ઊતરી ગયું પછી નૌકામાં જરા ખાલી જગ્યા થઈ. છતાં જમવાનો સમય તો ઘોંઘાટિયો, ગરબડિયો ને માંસાહારી જ રહ્યો. મને સાદો ભાત, બાફેલાં શાક અને પાતળી, ચીની સેવાનો સૂપ મળ્યાં. ખોટો 'સોયા સૉસ' અને તીખો 'ચીલી સૉસ' ભેળવીને બન્યું તેટલું ખાઈ લીધું ! સૌથી અગત્યનું તો એ સુભગ દર્શન હતું ને.

ક્યારેક નદીના કિનારા સાવ સપાટ બનતા, હરિયાળાં ક્ષેત્રો સાથે સંકળાઈ જતા, તેમજ ગ્રામ-જીવનને આશરો આપતા, તો ક્યારેક ખૂબ ઊંચે ઊઠતી કર્કશ, પાષાણી ભેખડો બની નદીને નાથી રહેતા. અને પાસે થતા દૂર જતા, પેલા વિશિષ્ટ પર્વતો? એમને લીધે તો ગુઈલિને આટલું ખ્યાતનામ હતું અને લિ નદીમાંનો નૌકાવિહાર પ્રવાસીઓમાં આટલો પ્રિય હતો. કરોડો વર્ષો પહેલાં સમુદ્રને તળિયેથી ચૂના-પથ્થરના અસમ-વિષમ આ પર્વતાકારો કોઈ અગમ્ય કારણે આ જ પ્રદેશમાં ઊંચે ધસી

આવેલા. નદીના સર્પિલ પ્રવાહને આ અદ્ભુત-વિચિત્ર શિખર-દળ દૃષ્ટિગત રાખતું રહે છે. કુદરતના મહાકાય દાંત જેવી એમની ઉપસ્થિતિ છે. રાખોડી ળ-આકારો ખીચોખીચ વનસ્પતિથી છવાયેલા હતા, પણ દૂર જતાં એ વધારે ને વધારે ભૂખરા દીસતા હતા. વારંવાર ચંચળ જળ-પ્રપાતો દેખાતા હતા - જાણે ઝીણી કારીગરીવાળી રૂપેરી ફીત સરકતી ના હોય. નદીના વળાંકે વળાંકે, સપાટ કિનારાઓથી શરૂ થઈ, ક્ષિતિજ સુધી જતી અપૂર્વ ગિરિ-પંક્તિઓ સમગ્ર દૃશ્યપટ પર અવિરત અધિકાર જમાવી રહી હતી. હવામાં ભીનાશ તો હતી જ, ને ધુમ્મસનો આછેરો પટ બિલકુલ આવશ્યક પ્રમાણમાં હાજર હતા. અનિંદ્ય-સુંદર અને અભૂતપૂર્વ એવું દૃશ્યાવલોકન હતું, સ્વપ્નિલ વાતાવરણ સર્જાતું હતું, લાંબા સમયની મારી આકાંક્ષા સિદ્ધ થઈ હતી.

ને છતાં, બધી ઇચ્છાની પૂર્ણતા ક્યારેક થાય ખરી? ચારેક કલાકના રેશમી સંચરણ પછી યાન્ગશુઓ ગામ પાસે ઊતરી ગયાં. પ્રવાસીઓ માટે ખાસ્સી મોટી માર્કેટ ત્યાં ઊભી કરાઈ હતી. હસ્તકળાની હંમેશાં ગમતી સુંદર ચીજો, પણ જોવાનો સમય ક્યાં? મિસ લિ ખૂબ ઉતાવળ કરતી હતી. અડધી મિનિટ પણ મને ત્યાં રોકાવા ના દીધી. મિ. હાન ખૂબ ઝડપથી ગાડી ચલાવવા માંડ્યા. બધાં વાહનોથી આગળ નીકળતા ગયા. પરિસર તો હજી અત્યંત સુંદર હતો - પેલા અસામાન્ય, દંતાકાર, પર્વતો; ગ્રામ ઘરોનાં ઝૂમખાં, પીચનાં ગુલાબી ફૂલો; પોપટી વાવેતર; જળ-તરલ ક્ષેત્રોમાં ઝિલાતાં લીલાં-ભૂખરાં શૃંગોનાં પ્રતિબિંબો. આહ, આ પ્રતિબિંબ સાથેના ફોટા લેવાનું એટલું તો ગમ્યું હોત. પણ સમય ક્યાં? જ્યાં પહોંચતાં બે કલાક થાય ત્યાં મિ. હાન એક કલાકમાં લઈ આવેલા. ગુઈલિનને બીજે છેડે હતી 'બરુ બંસરી ગુફા.' એ બંધ ના થઈ જાય, ને જોવાની મારે રહી ના જાય, એ માટે મિસ લિ અને મિ. હાન પૂરો પ્રયત્ન કરી રહ્યાં હતાં.

ગુફાના મોઢા પાસે ઊગતા નેતરમાંથી એક જમાનામાં સ્થાનિક લોકો વાંસળી બનાવતા, ને તેથી ગુફાનું આ નામ પડ્યું. બિલકુલ ના ચુકાવી જોઈએ, એવું એ ભૂગર્ભ-સ્થાન ગણાય છે. ચારસો મીટર લાંબા એના વિસ્તારમાં વિભિન્ન પરિમાણના વિસ્મયકર આકારના ચૂનાના થર છે. છત પરથી લટકતા 'સ્ટેલેક્ટાઈટ' તથા ગુફાની ફર્શ પરથી ઊંચા વધતા 'સ્ટેલેગ્માઈટ' કહેવાતા કુદરતી વિરચનો મેં પહેલાં બીજા કેટલાક દેશોમાં જોયા છે, એટલે તદ્દન નવાઈ ના લાગે. પણ દરેક ગુફા પ્રવાસીઓને આનંદ, અને આશ્ચર્ય, પમાડવા માટે કંઈ ને કંઈ જુદી રીતે 'શણગારાયેલી' હોય. લપસ્યા વગર ચાલી શકાય એવી કેડીઓ, ભુલાવામાં નાખે એવી ગલીકૂંચીઓ, રંગરંગીન પ્રકાશ ફેંકીને ઉપસાવાતા આકારો ને એ આકારોને અપાતાં વિનોદપ્રદ નામો! 'રીડ ફ્લુટ કેવ' એટલે કે બરુ બંસરી ગુફા જાહેર જનતા માટે ૧૯૬૨માં ખુલ્લી મુકાયેલી, પણ ખરેખર તો એ લાખો વર્ષ પહેલાં રચાયેલી. વળી, હજાર વર્ષ અગાઉ પ્રજાજનોને એની જાણ થઈ ગયેલી. ગુફાની અંદર તાન્ગ રાજ્યકાળ દરમ્યાનનું લખાણ પણ મળી આવ્યું છે. ખૂબ રસપ્રદ ને સરસ રીતે પ્રવાસી-ભોગ્ય બની છે એ ગુફા. ઝડપ કરવી પડી, પણ જોવા તો મળ્યું. શાનદાર અને ભવ્ય હતાં એની અંદરના વિરચન. 'કુદરતનો કલા-મહેલ' ઉપનામ એને સકારણ જ મળ્યું છે. એની અંદર એક એવી જગ્યા છે કે જ્યાં હજારથી વધારે લોકો સમાઈ શકે. એનું નામ 'નાગદૈત્યોના રાજાનો સ્ફટિક પ્રાસાદ' રાખવામાં આવ્યું છે. નેવું મીટર લાંબી, ને એંશી મીટર ઊંચી છતવાળી જગ્યાની વચમાં પાછું પાણીનું તળાવ પણ બનેલું છે. જોવા આવનારાંમાંના કેટલાક એ વિશાળ જગ્યાને ન્યૂ યૉર્ક જેવી મોટી કહે છે, કેટલાંક એને શિકાગો સાથે સરખાવે છે, પણ સ્થાનિક પર્યટકોને માટે તો એ આખા ગુઈલિન જેટલી મોટી છે!'

હવે આખરે સમય હતો ત્યારે સાંજ પડી ગઈ હતી ને ફોટા તો લેવાય એવા ન હતા. મિસ લિ મને લિ નદી પર લઈ ગઈ. એક ઊંચી ભેખડ પર છસો વર્ષ પહેલાંનું પૅગોડા હતું. એ ભેખડનું નામ 'હાથીની સૂંઢ' હતું. પથ્થરની કમાન તે કુદરતે જ બનાવેલી સૂંઢ હતી તો ખરી! કહેવાય છે કે એક જમાનામાં એક હાથીએ ગુઈલિનના ખેડૂતોને ખેતરો ખેડવામાં મદદ કરેલી અને તેથી આ ભેખડ સ્થાનિક પ્રજાને સૌથી વધારે પ્રિય છે.

લિ. નદી પર સરસ પહોળો ચલન-પથ છે. ત્યાં ધીરે ધીરે ચાલવું, સાંધ્ય-વિહાર કરવો - બધું ઘણું ગમે એવું હતું, પણ ઉનાળાની સાંજે, જ્યારે હવામાં હૂંફ હોય ત્યારે.

બચુભાઈ રાવત જન્મશતાબ્દી

'કુમાર'ના ઘડતરમાં જેમણે પોતાના સમગ્ર અસ્તિત્વને અંત સુધી ઓતપ્રોત રાખ્યું હતું તે 'કુમાર'ના ભૂતપૂર્વ તંત્રી બચુભાઈ રાવતની જન્મશતાબ્દીનું આ વર્ષ છે. ૧૯૯૮ના ફેબ્રુઆરી માસનો 'કુમાર'નો અંક તેમને સમર્પિત હશે.

તેમાં બચુભાઈ રાવતનાં લખાણો એકત્ર કરી પ્રસિદ્ધ કરવાનો ઉપક્રમ રાખ્યો છે. આથી જે કોઈની પાસે કોઈ વિશિષ્ટ મુદ્દાની છણાવટ કરતા બચુભાઈના પત્રો કે અન્ય લખાણો હોય તેમને તે કુમાર કાર્યાલયના સરનામે ઝેરોક્ષ કરીને નવેમ્બર ૧૯૯૭ના અંત સુધીમાં મોકલી આપવાનો અનુરોધ કરીએ છીએ. સ્વ. બચુભાઈના લેખો 'કુમાર' સિવાય અન્યત્ર પ્રકટ થયા હોય અને તેની વિગત જેમની પાસે હોય તેમણે તે પણ મોકલી આપવા વિનંતી કરીએ છીએ. - તંત્રી



છુંદાયેલા મનુબાગછોડનો છબીકાર

મહેન્દ્ર મેઘાણી

દૂરદૂરના દક્ષિણ અમેરિકાના બ્રાઝિલ દેશના જગમશહૂર ફોટોગ્રાફર સાલગાડો આ વરસની શરૂઆતમાં ભારતની મુલાકાતે આવી ગયા. દક્ષિણ બિહારનાં મૂલ્યવાન ખનીજોથી ભરપૂર પણ નિરંતર ગરીબી ભોગવતા આદિવાસી વિસ્તારની પુષ્કળ છબીઓ એમણે પાડી. તેમાંની થોડીક અંગ્રેજી અઠવાડિક 'આઉટલુક'ના જુલાઈ ૨ના અંકમાં પ્રગટ થઈ છે. સામયિકનાં ૯૪ પૈકી આઠ પાનાં પર પથરાયેલી એ છબીઓમાંથી આપણી આંખ સામે ખડાં થાય છે 'વિકાસ' નામના વિકરાળ કોઈ દૈત્યે મૂળ સોતાં ઉખેડી નાખીને ક્યાંક હડસેલી દીધેલાં એ ધરતીનાં ગામરુ ચોરુ અને પીંખાયેલી, ચૂંથાયેલી એમની વહાલી ભૂમિમાતા.

જમશેદપુરમાં સ્ટીલના કારખાનામાં કામ કરતાં શ્રમજીવીઓ



છબીઓ સાથેના ટૂંકા લખાણમાં સંપાદક કહે છે કે બિહાર એટલે આધુનિક ભારતની ભીષણતાઓનું એક કંપાવનારું પ્રતીક, સામાજિક બર્બરતા અને ક્રૂર સામંતશાહીનું બીજું નામ. 'હરિજનો'નો શિકાર કરવો એ ત્યાં ધનિકોનું એક મનોરંજન છે, ખોપરીઓનો ત્યાં રીતસરનો વેપાર ચાલે છે, ગરીબમાં ગરીબ લોકો ત્યાં ઉંદરડા ખાઈને દેહને ટકાવી રાખે છે, અને જંગી ઉદ્યોગોનાં કારખાનાં મોતના કોહવાઈ ગયેલા ધુમ્રગોટાઓ ઓકતાં રહે છે. એક સુવર્ણયુગમાં જે બૌદ્ધ ધર્મનું પારણું હતું, રાજ્યશાસન તથા શિક્ષણમાં પ્રગતિના શિખરે પહોંચેલું હતું, તે પ્રાચીન મગધના ગૌરવશાળી ઇતિહાસની અવગતિ આ હદ સુધી પહોંચી ગઈ છે.

બિહારની ધરતીના પેટાળમાં ખનીજોની દોલતના વિશાળ ભંડારો પડેલા છે, એની માટીમાં અનેરી ફળદ્રુપતા છે અને તેની વચ્ચે સર્વત્ર ઘૂઘવે છે મનુષ્યમાંથી ઇન્સાનિયતનું બુંદ બુંદ નિચોવી નાખનારી ઘોર કંગાલિયત. બિહારની અરધોઅરધ વસ્તી ગરીબીની રેખાની નીચે જીવે છે, આખા દેશમાં માથાદીઠ આવક ઓછામાં ઓછી બિહારમાં છે, એટલે પછી ભૂખની જ્વાલાઓથી ભડભડતા કંગાલોના અસ્તિત્વનો એકમાત્ર આધાર બની છે બંદૂકો. મનુષ્યનું રુધિર વહાવતી ક્રીડા-રમતોના સમ્રાટ અશોકે જ્યાં નિશેધ કરેલો હતો તે ભૂમિ પર બે હજાર વરસ પછી, ભીષણતાની ચૂડેલો જાણે રાસડા રમવા નીકળેલી છે.

પૃથ્વીના ગર્ભમાં પડેલા અનેક ખનીજોના સુવર્ણ-ચરુઓ બથાવી પાડવા માટે અગણિત ખાણો ધમધોકાર ખોદાણ ઊંડે ને ઊંડે કર્યે જાય છે, પણ તેને પરિણામે ગરીબ કિસાનો તેમનાં ખેતરો પરથી ઉતરડાઈ ગયા છે - અથવા તો ખાણોની યંત્ર-

ઘટમાળમાં ભૂખડીબારસ મજૂરો અને ઉકરડા ઉલેચનારા તરીકે ચુસાઈ-શોષાઈ રહ્યા છે. ફળદ્રુપ લીલાંછમ ખેતરોનો ચોમેર સર્વનાશ થતો દેખાય છે. ખાણો અને ઉદ્યોગોના પિશાચી વિકાસને પરિણામે બિહારની હરિયાળી જંગલ ઝાડીઓનાં ચીંથરાં ઊડી રહ્યાં છે અને એક એવું નર્કાગાર ખડું થયું છે જ્યા બટકું રોટલા માટે લાખો ખાણિયાઓ નિશદિન ખોદ-ખોદ-ખોદ કરતા રહે છે. પોતાની નાગચૂડમાંથી એમને મુક્ત કરવાને બદલે ખાણ-માલિકો અને કારખાનેદારોએ એવી તો અભૂતપૂર્વ બેહાલી ઊભી કરી છે કે, પોતાની કુલ સંપત્તિ સમાં એક જોડ લૂગડાં જ જેની પાસે છે અને ખુલ્લી ભોંય પર જ જેમનાં પોઢણ છે એવા, મલોખાં જેવા ખાણિયાઓની કત્લેઆમ સશસ્ત્ર ડાકુ ટોળીઓને હાથે ચાલી રહે છે.

ધીકતી કમાણીવાળી ખાણોને પગલે પગલે આવ્યા છે અનેકવિધ ઉદ્યોગો – લોખંડ અને પોલાદ, સિમેન્ટ, મોટરગાડીઓ. એ કારખાનાંની વીજળી માટેની તરસ વધતી જ જાય છે, એટલે નવા નવા નદીબંધો બંધાતા જાય છે, આદિવાસીઓની ખેતભૂમિ વધુ ને વધુ રોળાતી જાય છે. પરિણામે સેંકડો હજારો ભૂમિપુત્રોને માતાનો ખોળો છોડીને હિજરત કરવી પડે છે. ૧૯૮૧ અને ૧૯૯૧ દરમ્યાન બિહાર રાજ્યમાં શહેરોની વસ્તીમાં ૩૦ ટકા વધારો થયો છે. ઘર છોડીને જે નથી ગયા તે નિરાધાર વેઠિયાઓ બની ગયા છે. જે લોકો પતરાં બનાવવાનાં કારખાનાંમાં મજૂરીએ જાય છે તેમણે પોલાદની ધગધગતી લાલચોળ પાટોને જંગી ભઠ્ઠીઓમાંથી કાઢી કાઢીને તેને 'વણી'ને ચપટી બનાવનારાં રાક્ષસી વેલણો સમાં રોલરો સુધી પહોંચાડવાની હોય છે. દાવાનળ સમી એની ઝાળથી બચવાનાં ફાંફાં મારતા એ મજૂરો પોતાના હાથે, પગે ને મોઢે લૂગડાં વીંટતા જાય છે.

એ ભઠ્ઠીના લાવારસમાં લોખંડ ખદખદી ઊઠે ને બહાર નીકળે, પછી તેમાં રહી ગયેલી ધાતુની કરચો-કટકીઓ તોતિંગ યાંત્રિક તગારાંઓ મારફત બહાર ખુલ્લી જમીન પર ખડકવામાં આવે છે. ધગધગતા વાયુઓ નીકળતા રહે છે. પણ આપણાં નગરોની એંઠ-ગંદકીના ઉકરડા ખૂંદનારાં હજારો સ્ત્રી-બાળકોની જેમ ખાણોના આ ઉકરડા ફેંદવા પણ કેટલાંય માનવીઓનાં ધાડાં ઊમટી પડે છે. દાઝી ન જવાય તે માટે એ લોકો હાથે-પગે લૂગડાંના ને પ્લાસ્ટિકના ગાભા વીંટી લે છે, ઝેરી ધુમાડાથી બચવા મોઢે બુકાનાં બાંધે છે અને ઉકરડામાંથી બને તેટલો ભંગાર હાથ કરવા એ તૂટી પડે છે. આખા દિવસની કાળી બળતરામાંથી પસાર થયા પછી એક જણ દીઠ સરેરાશ એકથી પાંચ કિલો જેટલો ભંગાર ઉસરડી શકે છે અને પાંચ રૂપિયે કિલો લેખે વચેટિયા દલાલોને તે વેચી આવે છે.

બીજી બાજુ, ત્યાં શહેરોમાં વસ્તી વધતી જાય છે, તેને માટે નવાં નવાં કબૂતરખાનાં બંધાતાં જાય છે. એના ચણતર માટે લાખો-કરોડો ઈંટોની જરૂર પડે છે. ખાનગી માલિકીના ઈંટ-ભઠ્ઠામાં ૧૦૦૦ ઈંટ પાડવાની મજૂરી ફક્ત રૂ. ૫૦ મળે છે. એટલે પછી 'શ્રમજીવી ઉન્નયન' નામની સહકારી સંસ્થા તરફથી ૧૮ ભઠ્ઠા ચાલુ થયા છે. 'ઉન્નયન'ના દરેક ભઠ્ઠાની સાથોસાથ શ્રમજીવી બાળકો માટે એક એક નિશાળ પણ ચાલે છે.

•

બિહારના આ જનજીવનની તસવીરો લેવા દૂર દેશાવરથી આવેલા સાલગોડાની વાત હવે જરીક કરી લઈએ. ૧૯૪૪માં

રાંચી પાસે ઈંટિકીમાં બંધાયેલા ક્ષયચિકિત્સાલયની છાંયમાં



હજારીબાગમાંના શ્રમજીવીનું દૃશ્ય



છબીકાર સિબાસ્ટિઓ સાલગા



એમનો જન્મ બ્રાઝિલમાં થયેલો. અર્થશાસ્ત્રનો અભ્યાસ કરીને એમણે વિશ્વબેન્કમાં નોકરી મેળવેલી. પણ ૩૦મે વરસે છબીકાર તરીકેની કારકિર્દી શરૂ કરી. ઉત્તર-પૂર્વ આફ્રિકામાં સુદાન, ઇથિઓપિયા અને માલી નામના દેશોને ત્રિભેટે આવેલા 'સાહેલ' નામના સનાતન દુકાળોના પ્રદેશની દસ્તાવેજી છબીઓનો ભંડોળ ત્યારે એમણે કેમેરામાં ભેળો કરવા માંડ્યો. પછીનાં સાત વરસો દરમ્યાન ફરી ફરીને એ પ્રદેશોમાં તે પાછા ફર્યા. તેના પરિપાકરૂપે ૧૯૮૬માં બહાર પડ્યું એમનું પુસ્તક 'સાહેલ – માનવીની દુર્દશા.'

પછી લેટિન અમેરિકાના દેશોના કિસાનો અને મજૂરોની જીવનદશા ને એમના રીતરિવાજો વિશે વરસો સુધી એમણે કેમેરા ને કલમ વડે કામ કર્યું. તેમાંથી નીપજ્યું 'બીજું અમેરિકા' નામનું છબી-પ્રદર્શન અને પુસ્તક.

તે પછીની પોતાની યોજનાને સાલગાડોએ નામ આપ્યું 'ઔદ્યોગિકીકરણની પુરાવસ્તુવિદ્યા.' એકવીસમી સદીને આરે પહોંચેલા માનવીનો અને તેના ભૌતિક વારસનો ચિતાર તેમાં આલેખાયો છે.

મનુષ્ય જાતિનાં સ્થળાંતરો વિશેની એક લાંબા ગાળાની મોજણી સાલગાડોએ ૧૯૯૪માં આરંભી છે. નાનાં-મોટાં યુદ્ધો, ક્રાંતિઓ ને રાજ્યપલટાઓ તથા સિતમગર-શાસનોની ભયાનક ભૂતાવળો વચ્ચેથી ભાગી છૂટેલા કે ગામડાની ગરીબીમાંથી છટકવા જતાં શહેરોની દોજખ સમી ઝૂંપડપટ્ટીઓમાં સપડાઈ ગયેલાં વિશ્વભરનાં કરોડો માનવીઓના રઝળપાટનો અનોખો દસ્તાવેજ એ બનશે. તેના એક ભાગરૂપે જ સાલગાડો આપણા બિહારમાં ભમવા આવેલા. એ કામગીરી ૧૯૯૯માં પૂરી થવાની એમની ધારણા છે.

•

ભાઈ સાલગાડો, તમારી એ તસવીરોનો ખજાનો નિહાળવાનું તો અમારા ભાગ્યમાં કદાચ ન હોય. પણ તેમાં જેનું આલેખન તમે કરેલું હશે તે વિરાટનું દર્શન તો ગુજરાતને ઝવેરચંદ મેઘાણીએ કરાવેલું છે એક કાળે. એ કવિના બોલ આજે સાડા છ દાયકા પછી પણ અમારાથી વિસરાતા નથી :

તમે રૂંધી નામના ઉજાસ, પ્રભુજીના પવન-શ્વાસ,
રચિયાં રૌરવી ખાસ યંત્ર-કારખાનાં,
લેવા મનના નિચોડ, છૂંદ્યા મનુબાગછોડ,
બાફ્યાં અમ કોડભર્યાં બાલપુષ્પ નાનાં.

તમે પૂરી અમ પુત્રીઓને, ભોળી સાવિત્રીઓને,
કોમળ કળીઓને છેક વેશ્યામંદિરીએ;
ટુકડા રોટીને કાજ, વેચે વનિતાઓ લાજ –
એવા તમ રાજના પ્રતાપ શેં વીસરીએ!

પણ કવિ માત્ર માનવ દુર્દશાનો ચિતાર આપીને જ અટકતા નથી. ભાવિનું જે સ્વપ્ન એમની આંખોમાં રમતું હતું, તેનું આલેખન પણ કાવ્યમાં એ મૂકતા ગયા છે :

બાજે ડમરુ દિગન્ત, ગાજે કદમો અનંત,
આઘે દેખો, રે અંધ! ચડી ઘોર આંધી :
દેશેદેશેથી લોક, નરનારી થોકેથોક
ઉન્નત રાખીને ડોક, આવે દળ બાંધી...

અમે ખેતરથી, વાડીઓથી, જંગલ ને ઝાડીઓથી,
સાગરથી, ગિરિવરથી, સુણી સાદ આવ્યાં;
અમે નૂતન શક્તિને ભાન, ગાતાં શ્રદ્ધાનું ગાન,
માનવને મુક્તિદાન દેવાં સહુ આવ્યાં.

સાલગાડોભાઈ, તમારો કેમેરા સજ્જ રાખીને બેસજો અને 'દેતાં ડગ એકતાલ, નિર્ભયતાની મશાલ લઈને કંગાલ કેરી સેના' આવી રહી છે તેની છબીઓ હૈયું ભરી ભરીને પાડજો, અને આપણી આવતી પેઢીઓ માટે એ મૂકતા જજો. ખુદા તમને આબાદ રાખે. □

[તસ્વીરો 'આઉટલુક'ના સૌજન્ય અને આભાર સાથે]

જીવન તો દેવદીધા ભાર છે :
તેને નીરખી લે, ઊંચકી લે;
સ્વસ્થ રહી એકનિષ્ઠાથી
નિભાવી લે :
શોકનો માર્યો હારતો ના,
પાપનો બીધો ડગમગતો ના,
તે સ્થિર પગલે આગળ વધ;
આગળ ને ઊંચે –
ધ્યેય સિદ્ધ તાય ત્યાં સુધી

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૩)



જયન્તીલાલ મહેતા

ઈ. સ. ૧૯૪૩માં જ પ્રસિદ્ધ થયેલ મુનશીની આત્મકથાના બીજા પુસ્તક 'અડધા રસ્તે'નું ઉપરોક્ત કાવ્ય મંગળાચરણ છે. મુનશી પહેલે પાને લખે છે : 'ઈ.સ. ૧૯૦૭ની માર્ચની એક સાંજે આ બે સૂત્રોની પુંજી લઈ હું કુંભાર ટુકડા (મુંબઈનો એક વિસ્તાર) આગળ એકલો ઘર શોધતો હતો. એ ઘર હતું કૃષ્ણલાલ-કાકાનું. હાઈકોર્ટમાં એ પ્રેક્ટિસ કરતાં... મારી ઓળખીતી વ્યક્તિઓમાં એકલાં કૃષ્ણલાલકાકા જ મુંબઈમાં ભરૂચી પ્રતિષ્ઠિત હતા... હું મોડો મોડો પણ એમની સિફારસથી એલએલ.બી.ની ટર્મ મેળવવા આવ્યો હતો. અંધારા દાદરા ચડી હું ઉપર ગયો. કૃષ્ણલાલકાકાને મળ્યો અને જીવનના એક ગાઢ અને ઉદાત્ત સંબંધની પર ભલામણપત્ર લખી આપ્યો. તે લઈ હું દીમશા મુલ્લા પાસે ગયો. એમણે કૃષ્ણલાલકાકાને સલામ કહેવરાવી અને દિલગીરી દર્શાવી કે એમ ટર્મ મળતી નથી. ખાલી હાથે હું પાછો ભરૂચ આવ્યો અને ત્યાંથી વડોદરા કૉલેજ બોર્ડિંગમાં ગયો.

'જૂન ૧૯૦૭ની શરૂઆતમાં હું એલએલબીનો અભ્યાસ કરવા મુંબઈ આવ્યો ત્યારથી મુંબઈગરો બન્યો... સવારના પહોરમાં ચર્ચરોડ ઊતરી, મજૂરોને માથે પેટી ચડાવી હું પગે ચાલતો મારા સાવકા નાના મામાઓને ત્યાં પહોંચ્યો. એ ત્રણ મામાઓ પીપલવાડીમાં બેવડી ખોલીમાં રહેતા. ત્રણમાંના મોટા મામાના વહુ રાંધી ખવડાવતાં. એમને ત્યાં બે-ચાર પરોણાઓ હંમેશાં પડ્યા જ રહેતા. મોટામામા ને મામી રસોડામાં સૂતાં અને બાકીના અમે બધા આગલા ખંડમાં કે છજામાં સૂતા... હું માંદગીમાંથી ઊઠેલો. હવા ઉજાસવાળી હવેલીમાં રહી એકલો ઉછરેલો – તાપીબહેનનો લાડકો. એટલે મામા-મામીએ... એમનાં છોકરાં કરતાં મારા માટે વધારે સગવડ કરી આપી. કેટલીક સગવડો માટે મારે જ ના કહેવી પડી - શરમના માર્યા.

'થોડા દિવસ પછી એલએલ.બીનો અભ્યાસ કરતા બે મિત્રો સાથે મળી ખોલી શોધવા નીકળ્યા. જ્યાં જઈએ ત્યાં સવાલો પૂછવામાં આવે : 'બૈરી છે કે ?' 'ખટલા હય કા ?'ને અમે ના પાડીએ એટલે તુરત રુખસદ મળે... આખરે કાંદાવાડીમાં કાનજી ખેતસીની ચાલીમાં ભૈયાનો નકાર અવગણી, ટ્રસ્ટી બેઠા હતા તેમની પાસે અમે ગયા. ટ્રસ્ટીએ મારું નામ સાંભળી પૂછ્યું : 'ડાકોરમાં અધુભાઈ મુનશી હતા તેના તમે કાંઈ સગા થાઓ ?' 'હા! હું એમનો ભત્રીજો થાઉં.' મેં કહ્યું. 'ભૈયાજી.' ટ્રસ્ટીએ હુકમ કર્યો, 'ઉનકો અચ્છી ખોલી દો.' અને જે ખોલી લીધી તેની પાસે ગરીબ મારવાડીઓ રહેતા... અમારી ખોલી નળજાજરૂની સામે હતી... આ શંભુમેળો, આ દુર્ગંધ, આ નિઃસીમ અને અસહ્ય જીવનથી મારામાં અજબ જેવો અસંતોષ સ્ફૂર્યો. મુંબઈ જાણે રાક્ષસોના સમૂહનું સ્થાન હોય એવો મને ભાસ થયા કર્યો અને તેમને કેમ વશ કરવા તેનો હું વિચાર કરવા લાગ્યો...

'તે વખતે પિટીટ લાઇબ્રેરી મારું પ્રેરણાસ્થાન હતી... લાઈબ્રેરીને મેં મારું ઘર બનાવ્યું. હવા-ઉજાસ અને બીજી સગવડતાવાળી આ વિશાળ પુસ્તકસાળામાં હું પહેલી જ વાર જગતસાહિત્યસ્વામીઓનું સાહચર્ય સાધી શક્યો... પ્રાણલાલભાઈ બી.એ. પાસ થયા અને અમે બંનેએ ૧૯૦૮માં ત્રીજા એક મિત્ર સાથે મળી ગિરગામ બેક રોડ પર ખોલીઓ લઈ સાથે રહેવા માંડ્યું...'લગભગ દર બુધવારે અથવા શનિવારે સવારે કે બપોરે હું નાટકની વાત કાઢતો. આનો પ્રાણલાલભાઈ વિરોધ કરતા કહે : 'બાપના પૈસા બગાડીએ છીએ.' પછી ગાયન ગાવાનું શરૂ થાય, રાતે નાટકમાં જવું કે ન જવું તેનો વિવાદ ચાલે. મહિનામાં નાટક પાછળ કેટલા પૈસા બગાડ્યા તેનો હિસાબ થાય... રાતે જમીને બહાર ફરવા નીકળીએ. વચ્ચે ખેંચતાણ થાય અને આખરે સાડાનવ વાગે અમે કોઈ નાટકશાળામાં જ હોઈએ...

'૧૯૦૫થી ૧૯૧૨ સુધીની મુંબઈ રંગભૂમિ એક રીતે અદ્ભુત હતી. વીજળીના દીવાનો ઝળહળાટ, કીમતી દૃશ્યસામગ્રીની ભભક, છાપરાં ઊડી જાય એવા બંધૂકના ધડાકા, ઘાંટાઘાંટ ને પાઉડરના થપેડા; ચણા-મમરા ફાકતા હોઈએ તેમ કરવામાં આવતા ખૂન, દરેક પુરુષપાત્રને માથે અંગ્રેજી સ્ટુઅર્ટ રાજાઓ જેવા ખોટા લાંબા વાળ, નહીં અંગ્રેજી, નહીં તૂર્કી કે નહીં હિંદી એવા પહેરવેશમાં આવતા ઇન્દ્રાદિ દેવો, ક્રૂરતા અને પાપાચારનું





ઍડવોકેટ મુનશી
કાન્તિલાલ પંડ્યા →

અસ્વાભાવિક અમર્યાદિત પ્રદર્શન - આ બધા અજોડ તત્ત્વો ત્યાં હતા. બાલીવાલા, કાઉખટાઉ, મહમદઅલી, અમૃત કેશવ નાયક, એનો ભાઈ વલ્લભ ને માસ્તર મોહન - આ માત્ર નટો નહોતા. પણ ગ્રાન્ટરોડની રંગભૂમિના વિશ્વકર્મા હતા... બાલીવાલાનો 'હરિશ્ચન્દ્ર', કાઉખટાઉનો 'હેમ્લેટ (ખૂને નાટક)' મહમ્મદનો 'મર્ચન્ટ ઑફ વેનિસ', અમૃતનો 'ઝેરી સાપ', મોહનનો 'ફાંકડો ફિતુરી' - વગેરેમાં આકર્ષણનો પાર નહોતો... બીડીના ધુમાડાથી ઘેરાયેલા આઠ આનાના વર્ગમાં બેસીને મેં પંદર-સત્તર વાર 'ઝેરી સાપ' નાટક જોયો હશે. આ નાટકમાં ગોહર ઊતરતી. એના પર અમે બધા ફિદા હતા. એનું ગાયન : 'દેખૂંગી પ્યારે અબ્બાકા મુખડા' ગાઈગાઈને અમારા દિવસો જતા. ગેઈટી થિયેટરનાં સ્મરણો તદ્દન ઝાંખાં છે. તે વખતે ત્યાં 'સૌભાગ્ય-સુંદરી'નો યુગ પ્રવર્તતો. સોળ-સત્તર વર્ષની અપૂર્વ 'સુંદરી' (જયશંકર ભોજક) ગુજરાતીઓની આંખોની કીકી સમાન હતી. તે રંગભૂમિ પર આવે ને રંગભૂમિ પર સોનાનાં કડાં ને વીંટીઓનો વરસાદ વરસે. એની ચાલ ને લટકા જોઈ જોઈને ગુજરાતી ગૃહિણીઓ વરને વશ કરવાના ઘેર પાઠ કરતી. એનાં સ્વપ્નો સેવતા વૃદ્ધોમાં જુવાની આવતી. લાવણ્યમયી લટકાળી ગુજરાતણના આદર્શ સમી; જે આદર્શ આજે પણ કોઈ ગુજરાતણ ભાગ્યે જ સિદ્ધ કરી શકી છે. 'કામલતા' નાટકના કેટલાંક ગાયનો તો કાવ્યો જ છે અને મારી ભાવસમૃદ્ધિમાં જડાઈ ગયાં છે :

જેવી મને તજી દીધી, તેમ બીજીને તજશો નહિ;
કોઈ પ્રીતિવશ અબળા બિચારી ભોળીને ઠગશો નહિ.

એ પંક્તિઓ જ્યારે જ્યારે હું સાંભળતો કે ગાતો ત્યારે મારી આંખમાં પાણી આવતાં અને 'દેવી' જાણે એ પંક્તિઓ ગાતી ગાતી મરી જતી હોય એવો મને ભાસ થતો. એ પંક્તિઓએ પ્રેરેલાં કલ્પનાચિત્રોથી 'વેરની વસૂલાત'માં તનમનના મરણનું દૃશ્ય રચાયું હોય તો નવાઈ નહીં.

ગધ્ધાપચ્ચીશીના આ અર્ધ પાગલ કાળમાં જ મુનશીની કલ્પનામૂર્તિ 'દેવી' એમના દિલોદિમાગનો કસીને કબજો લે છે અને 'સીધાં ચઢાણ'નાં પંદરેક પાનાંમાં આ સ્વપ્નસહચરીના કલ્પનાવિલાસી સાહચર્યની વીગતવાર કબૂલાત કરતાં મુનશીજી પોતાના જીવનઘડતરનાં કેટલાંક અગત્યનાં સોપાનો તરફ અંગુલિનિર્દેશ કરે છે. 'સીધાં ચઢાણ' બોલે છે : 'આઠમે વર્ષે હું 'દેવી' જોડે રમ્યો હતો. ફરીથી ૧૯૦૩માં ચાર દિવસ તેને મળ્યો હતો. ત્યાર પછી તેના વિષે મેં કંઈ પણ સાંભળ્યું નહોતું. આ બધી વાસ્તવિક વસ્તુ યાદ આવતી છતાં તે બધી ખોટી લાગતી. અને આ તલસાટ ખરો, જીવતો જાગતો હતો. ધીમે ધીમે દેવી સ્મરણમૂર્તિ મટી સદાની સહચરી થઈ ગઈ.

'જ્યારે બહુ ઉદ્વેગ થતો ત્યારે મોડી રાત સુધી બેસી હું અંગ્રેજીમાં કાગળ પર હૃદયના ઊભરા ઠાલવતો.... દેવી સાથે હું વાર્તાલાપ કરતો અને મારી સર્જનાત્મક કલાનો પાયો નાખું છું... દેવી ઉચ્ચારતી : 'પ્રિયતમ મારા, એ પળ જરૂર આવશે જ્યારે આપણાં બંને હૈયાં એક બની ઊછળશે. ત્યારે એકબીજાનાં સાથમાં આપણે બે જગતને અને જગતે દીધેલાં દુઃખને વીસરી જઈશું તો શા માટે વિલંબ કરે છે? પ્રાણ, એ ધન્ય પળ શા માટે દૂર ઠેલવી? આવ આપણે બે છીએ, એ બેનાં હવે એક બનીએ.'

'જ્યારે મને બહુ ઉદ્વેગ થતો ત્યારે ગીતાનાં પ્રોત્સાહક સૂત્રોનું રટણ કરી, રોગનો ઉતાર હું શોધતો. મેં ગીતાનો અભ્યાસ કર્યો નહોતો. માત્ર કેટલાંગ સૂત્રો જપી જપી સ્વસ્થ મનોદશા પ્રાપ્ત કરવા હું પ્રયત્ન કરતો. આમ અજાણપણે જપયજ્ઞની પ્રબળ શક્તિને હું મદદમાં લેતો. 'યજ્ઞાનાં જપયજ્ઞોસ્મિ' ચરિતાર્થ થતું... આ સમયે કાર્લાઈલનું પ્રોત્સાહન પણ ઘણું મળ્યું.

'વળી નિરાશાનો ધ્વનિ સંભળાય છે. આત્મઘાતના વિચારોને હું હૈયામાં રમાડું છું. મારી નજર આગળ દૃશ્ય દેખાય છે. મારી આંખો મીંચાયેલી છે. મારી ચિતાની આસપાસ ડાઘુઓ ઊભા છે... મારામાં વસતુ કંઈક પોકારે છે કે આ સ્થૂળ સંસારની સાંકડી ઘરેડમાં હું શા માટે રઝળ્યા કરું છું? હું જીવવાને લાયક નથી. ઘણીયે વાર હું મારી પથારીમાં તરફડ્યો છું ને મેં મૃત્યુ ઝંખ્યું છે. ૧૯૦૯ની નોંધો ફરી ફરી શક્તિ માટે પ્રાર્થના કરે છે : ... મૂર્ખ આત્મા! સુખના ખ્યાલો છોડી દે. મહેનત કર. આખરે તારી ક્ષીણ થતી શક્તિઓ મૃત્યુ અને વિનાશને સત્કારશે. આ કેવી જાળમાં હું ફસાયો છું. જ્યાં સુધી શ્વાસ છે ત્યાં સુધી બહાદૂરીથી શા માટે ન જીવવું? દેવી, હું તારે લાયક થવા જીવીશ. એક પણ કર્તવ્ય એવું નહિ કરું જે તારે લાયક ન હોય. બીજું કાંઈ નહીં તો તારાં સંસ્મરણો પર જીવીશ... ચાર વર્ષ પછી આ આખો સ્વાનુભવ 'વેરની વસૂલાત'માં નવો દેહ ધારે છે. દેવીની કલ્પનામૂર્કિત મારી અને જગતની બીજી સ્ત્રીઓ વચ્ચે એક પડદો ઊભો કરી મૂકે છે - પાછળથી ભેદાય છે ત્યાં સુધી...

'જ્યારે ઊર્મિ અને કલ્પનાનાં વમળોમાં હું ડૂબકીઓ ખાતો હતો ત્યારે ભરૂચમાં જીજીમા ને લક્ષ્મી મારું નામ-સ્મરણ કરી જીવન વીતાવતાં. જીજીમા આધ્યાત્મિક પુસ્તકો વાંચતાં અને સરળ હૃદયી લક્ષ્મી સાસુનાં સ્નેહ અને શિક્ષણથી નવે ઘાટે ઘડાતી હતી.

'ભરૂચ તે વખતે અજબ નગરી હતી, નહોતું શહેર, નહોતું ગામડું, એટલે બંનેની અગવડો હતી... ભરૂચમાં કલેક્ટરનો જમણો હાથ રાવબહાદૂર ચુનીલાલ વેણીલાલ સી.આઈ.ઈ. (કમાન્ડર ઑફ ઇન્ડિયન એમ્પાયર) હતા. એમના પુત્ર મોતીલાલકાકા મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા. એ મળતાવડા, હસમુખા, ઉદાર, દિલના અને બહુ ભલા માણસ હતા... એમને લીધે હું શહેરની પ્રવૃત્તિઓમાં રસ લેતો થયો. અંગ્રેજીમાં ભાષણ, પ્રાર્થનાઓ, કે માનપત્ર લખી આપવાનું કામ હંમેશા મારે માથે આવતું. કૉન્ગ્રેસે સ્વમાનનો સંચાર કરાવ્યો તે પહેલાં દરેક શહેર કલેક્ટરના ખુશામતિયાઓનો અખાડો થઈ રહેતું. ભરૂચની આ અધમ મનોદશાવાળા અંધકારમાં એક ઉજ્જવલ વ્યક્તિ તે અંબાશંકર ઉત્તમરામ મલજી ઉર્ફે સર્વાનુમતે 'છોટુભાઈ'... એક ગોરા કલેક્ટરને એવી ટેવ કે વકીલો કેસ ચલાવવા આવે કે પોતે હાથમાં વાર્તાનું પુસ્તક લઈ બેસે. એક દહાડો સાંજે છોટુભાઈ એક ફોજદારી કેસ માટે એમને બંગલે ગયા.

'મિ. મલજી, આ તમારી ખુરશી, તમે અહીંથી કેસ ચલાવો.' આમ કહી સાહેબ બહાદૂરે પરસાળને બીજે છેડે જઈ આરામ ખુરશીમાં લંબાવ્યું ને હાથમાં વાર્તાનું પુસ્તક લીધું.

'હવે મિ. મલજી, તમે ત્યાંથી બોલો. હું અહીં સાંભળું છું.'

છોટુભાઈએ કાગળો બંધ કરી દીધા: 'હું તમને સમજાવવા આવ્યો છું. માત્ર બોલવા નહીં.'

એટલુ કહી એ ચાલી ગયા...

ગુજરાતમાં આ યુગમાં માનવતાની કિંમત માત્ર ગાંધીજી સાથે નિકટતાથી મપાય છે. જ્યારે છોટુભાઈ તેમનાથી વ્યવહારમાં દૂર હતા. સાચી મહત્તા આત્મવિકાસમાં રહે છે તે સમજવાની શક્તિ કે ઔદાર્ય કોનામાં છે?'

'અડધે રસ્તે'માં બીજા ઘણા મુંબઈના જીવનના પ્રસંગો વર્ણવ્યા છે અને સાથોસાથ વૅકેશનો ભરૂચ ગામનાં જીજીમા, લક્ષ્મીના સ્નેહયોગ અને ભક્તિયોગની કહાણી પણ કહેવાણી છે. પરંતુ ક્યાંય વાચકને તલમાત્ર કંટાળો નથી ઊપજતો. કારણ મુનશીને સાવ સામાન્ય વાતોમાંથી પણ રસિક વાર્તા ઉપજાવવાની ગજબની હથોટી છે. પરંતુ આપણે તો મુનશીજીવનના ઇતિહાસ-ભૂગોળને કીલક બનાવી તેમની સર્જનાત્મકતાને સલામ કરવી છે. એટલે ઘણું છોડી દઈ આગળ વધીએ: '૧૯૦૯-૧૦માં મારા અભ્યાસમાં હું શિથિલ થઈ ગયો હતો. આખરે જુલાઈ ૧૯૫૦માં (૨૩ વર્ષની વયે) હું એલએલ.બીમાં પાસ થયો. ૨૨મી જુલાઈએ ડીગ્રી લેવા મુંબઈ ગયો ને હવે શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો. મંછાશંકરકાકાને ત્યાં ગયો. એમના ભાઈ જમિયતરામકાકા ઉપર રહેતા ત્યાંથી અંગ્રેજી પોશાક પહેરી એક ગૃહસ્થ ઊતર્યા ને અંદર ડોકિયું કર્યું.

'કેમ મંછાશંકરભાઈ! તબિયત તો સારી છેને?' કહી આવનાર હસ્યા. મંછાશંકરકાકાએ આવકાર દીધો.

'ના હું તો જઈશ. ગૂડ નાઈટ' કહી તે ચાલી ગયા.

'જોયું આનું નામ તે ગૃહદશા?'

'ના.'

'આ ભૂલાભાઈ દેસાઈ, ઍડ્વોકેટ. અમદાવાદમાં પ્રોફેસર હતા. આજે મહિને ચાર હજાર રૂપિયા કમાય છે. (૧૯૧૦ના રૂ. ૪૦૦૦ તે આજના રૂપિયા બે લાખ જેવા ગણાય!) તમે પણ ઍડ્વોકેટ થઈ જાવ. જમુભાઈ પૂછી આવો.' મંછાશંકરકાકાએ કહ્યું અને ઍડ્વોકેટની પરીક્ષા વિષે મને બધું સમજાવ્યું.'

આ અગાઉ મુનશીને આઈ.સી.એસ. થવાનું મન થયેલું. પણ ખર્ચ ક્યાંથી કાઢવો? વિલાયત જઈ બૅરિસ્ટર થવાના ખર્ચની પણ ઉધાર-ઉછીના લઈ જોગવાઈ થાય તેમ ન હતું. બૅરિસ્ટર થયા પછી ચારપાંચ વર્ષ બ્રીફલેસ રહી બેકાર રખડવું પડે તે દરમ્યાન ખાવું શું? મા, બહેનો, ભાણેજો અને પત્નીનો સંસાર નિભાવવો કેમ? એટલે આખરે મુંબઈમાં ઘર માંડી ઍડ્વોકેટ થવાનું નક્કી કર્યું અને દરમ્યાન મુંબઈ હાઈ કોર્ટમાં સવારના ૧૧થી ૫ બેસી હલચલ જોતાં રહ્યા. બગાસાં ખાતા રહ્યા.

અડધે રસ્તે આગળ વધે છે: '૧૯૧૧ની પહેલી જાન્યુઆરીના દિને નાતાલની રજાઓ પછી હું મુંબઈ આવ્યો. ત્રીજી જાન્યુઆરી ૧૯૧૧ના રોજ મોરારજી ગોકલદાસની નવી ચાલીમાં વીસ રૂપિયાના પેટાભાડૂત તરીકે મેં મુંબઈમાં રહેવાનું શરૂ કર્યું. લક્ષ્મીને ગૃહિણી સ્થાપી. મુંબઈની નવી દુનિયા ને પતિનું સાન્નિધ્ય મળતાં એના આનંદનો તો પાર રહ્યો નહિ...' અતિલક્ષ્મીની ઉંમર ત્યારે ૨૦ વર્ષની અને મુનશી ૨૪ વર્ષના હતા. આમ લગ્ન ભલે ૧૩મે વર્ષે થયા હતા, પરંતુ ૧૧ વર્ષની તપસ્યા બાદ ગૃહસંસાર મંડાણો. સ્વપ્નિલ મુનશી ત્યારે દુનિયાની ઠોકરો ખાઈ વ્યવહારુ બન્યા હતા. જીજીમાએ અથાગ પરિશ્રમ તથા અડગ ધૈર્યપૂર્વક અતિલક્ષ્મીને મુંબઈગરી બનવા પૂરતી તાલીમ આપી હતી.

'૨૬મી માર્ચે હું મિત્રો સાથે દાદાભાઈ નવરોજજીનાં દર્શન કરવા વરસોવા ગયો. જરા પણ આડંબર વિના એમણે જીવી જાણ્યું અને વે આરામ લઈ રહ્યા છે. સાર્થક જીવન અને ભવ્ય વાર્ધક્ય. 'પ્રિન્સ ઑફ કેસ્ટીની' પુસ્તક વાંચ્યું. સારું પુસ્તક છે. પણ હિંદનો કોયડો તો અણઊકલ્યો જ રહ્યો – એણે પૌર્વાત્ય રહેવું કે પાશ્ચાત્ય થવું?.... ૨૫મી જુલાઈએ ચંદ્રશંકરના મંડળમાં ગયો. કાન્તિલાલ પંડ્યા (ગો.મા.ત્રિ.ના ભાણેજ) '૫ ક્લેમ ઑફ

સંસ્કૃત નૉન એજ્યુકેટેડ ઇન્ડિયન્સ' પર ભાષણ કર્યું. આખું મંડળ ત્યાં સુધી ખરું જોતાં 'ગોવર્ધનરામ મંડળ' હતું. 'સરસ્વતીચંદ્ર'માંથી દરેક વકતે ઉતારા ટંકાય. એમાંના વિચારોને સિદ્ધાંતો વેદવાક્ય મનાય... હિંદનો ગરીબ યુવક બૈરી-છોકરાં પાળે કે સંસ્કૃત ભણે? ગોવર્ધનભાઈ કહી ગયા તેમાં શું થઈ ગયું?' આવી ગોવર્ધનરામની અંધભક્તિ ગુજરાતી સાહિત્યની દુનિયામાં જ્યાં સુધી પંડિતયુગી સાક્ષરો જીવ્યા ત્યાં સુધી ચાલતી રહી. ૫૦ વર્ષો અગાઉ બળવાખોર મુનશીને આ અંધભક્તિ ખૂંચેલી તે તેમના જીવન અને કવનનું એક લાક્ષણિક પાસું છે.

'આ મિત્રમંડળની ધરી ચંદ્રશંકર હતા અને એમના પ્રિય મિત્ર મનસુખલાલ માસ્તર હતા. હેતાળ માસ્તરને મિત્રો કરતાં ને સાચવતાં આવડતું. એમણે મને પણ અપનાવ્યો. એમનાં પત્ની તારાબહેન મૅટ્રિક થયાં હતાં. એવી સ્ત્રી જોડે વાતચીત કરવી એ તો તે વખતે મોટો લહાવો હતો... તારાબહેનના પિતા ડૉક્ટર ખાંડવાલા એમના જમાનાના મોટા સુધારક અને આર્યસમાજી હતા... માસ્તર છેક ગરીબીમાં ઊછર્યા હતા, ટ્યુશન આપી જાણ્યા હતા, ને આજે એ હિંદમાં અજોડ એવી સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીના મુખ્ય સંચાલક મંત્રી છે... ૧૯૧૩માં ચંદ્રશંકરના મોટા મંડલમાં એક નાનું મિત્રમંડળ બન્યું. તેને મેં 'ષડ્રિયુમંડળ' નામ આપ્યું હતું. તેમાં ચંદ્રશંકર, માસ્તર, કાંતિલાલ પંડ્યા, નૃસિંહ વિભાકર, ઈન્દુલાલ યાજ્ઞિક તે હું હતો. આ છયેમાં માસ્તરનો ને મારો સંબંધ અજબ રીતે બંધાઈ રહ્યો... ૧૯૧૨માં મંડળની અમે પુનર્ઘટના કરી, તેને 'ગુર્જરસભા' નામ આપ્યું અને મને યાદ છે ત્યાં છે ત્યાં સુધી તેના એક મંત્રી થવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું.

'ઍડ્વોકેટની એ વખતની પરીક્ષા જવાનિયાનાં જીવન વેડફી નાખવા માટે રાખવામાં આવી હતી. ક્યા વિષયના પ્રશ્નપત્રો નીકળશે તે નક્કી નહીં. માર્ક્સ પણ નહીં, બેઠેલા વિદ્યાર્થીઓમાંથી સારા એકબે ને પરીક્ષકો ચૂંટી કાઢે. ક્વચિત્‌જ પહેલે વર્ષે કોઈ પાસ થાય... 'મિસ્ટર, પહેલી વાર આવ્યા છો? જાઓ, બેચાર વર્ષ રહીને આવજો.' પરીક્ષા શરૂ થઈ. ૧લી માર્ચે પરીક્ષા પૂરી થઈ. ૧૧મી માર્ચે પાંચ-છ તાર આવ્યા. હું નસીબદાર નીકળ્યો. એક જ કૂદકે આ ભયાનક પરીક્ષામાંથી હું પાર ઊતર્યો. આખરે સીધાં ચઢાણ વાળી અઘરી ટૂંક મેં વટાવી; પણ એનાથી બીજી વધારે કપરી ટૂંક મારી આંખ સામે ઊભી હતી.'

તે કપરી ટૂંક હતી હાઈ કોર્ટમાં પ્રૅક્ટિસમાં સફળ થવાની. પરંતુ તે અગાઉ કેટલાંક માનપાનની કથા મુનશી આમ વર્ણવે છે : 'ત્રીજે દિવસે મારા જ સ્થપાયેલા મુંબઈના ભાર્ગવસમાજે મને માનપત્ર આપ્યું... ૨૧મીએ વડોદરામાં રહેતા મિત્રો અને સગાઓએ મેળાવડો કર્યો. ૨૪મી માર્ચે ભૃગુઋષિના વંશજોએ શ્રી ભૃગુભાસ્કરેશ્વરના પુરાણા 'નવા દહેરા'ના સભામંડપમાં અંગ્રેજી રાજ્યકર્તાઓની ભાષામાં માનપત્ર આપ્યું. ૨૦મી માર્ચે આર્યસમાજ મંદિરમાં યુનિયને અભિનંદન સમારંભ કર્યો. મે મહિનામાં માંડવીના ભાર્ગવોએ પણ મને બોલાવી માન આપ્યું. ન્યાત અજબ ચીજ છે. એનાં બંધનો તૂટે તો પણ એની અસ્મિતા જતી રહેતી નથી. આજે વર્ષો થયાં ન્યાતનાં બંધનો તજી બેઠો છું. ન્યાતબહાર છું. મારા મનમાંથી ન્યાતીલાપણાની સીમાઓ ભૂંસાઈ ગઈ છે. છતાં મારે મન ન્યાત મારી છે, ન્યાતને મન હું તેનો છું.' (ક્રમશઃ)

અનુસંધાન] **આવો, શીખીએ અંગ્રેજી** [પૃ. ૫૮૩ થી

અંત્ય અક્ષર k છે. તો તેના પરથી knowledge, 'e' પરથી 'early'. આગળ નવો શબ્દ ન સૂઝી આવે તો તમારો શબ્દકોશ તો હાથવગો જ છે ને? આમ આગળ વધો. એકાદ મહિનામાં તો તમે ખાસ્સું એવું શબ્દભંડોળ ભેગું કરી શકશો.

(૬) આંખ અને કાન ઉઘાડાં રાખો. રસ્તે જતા નામનાં પાટિયાં, ઘરમાં લટકતાં તારીખિયાં જોતાં રહો. નજરે પડતા નવા શબ્દો નોંધો. અપરિચિત અંગ્રેજી શબ્દ કાને પડે તો તેની જોડણી, અર્થ વગેરે જાણવા પ્રયત્ન કરો.

એક સૂત્ર ધ્યાનમાં રાખો - 'More the words, more the ease.' 'more-મોર-ના કરતા વધારે', 'ease-ઈઝ-સરળતા'. વધારે ને વધારે શબ્દો તમને અંગ્રેજી શીખવામાં વધારે ને વધારે સરળતા કરી આપશે. (ક્રમશઃ)

અનુસંધાન] **મહિલાઓની મુલાકાત** [પૃ. ૫૮૯ થી

ને મોકો આપ્યો છે, એ ઋણ તો ચૂકવવું જ જોઈએને! કુટુંબ, પડોશી, સમાજને ઉપયોગમાં આવવું જોઈએ.

અત્યારે હું લેબર વેલફેર બોર્ડ, ગુજરાત સમાજ સુરક્ષા મંડળ, સમાજ કલ્યાણ સલાહકાર બોર્ડ, મુક્ત બંદિવાન કલ્યાણ સમિતિ, પ્રોબેશન કમિટિની સક્રિય સભ્ય છું. ઉપરાંત માનવ કલ્યાણ ચૅરિટેબલ ટ્રસ્ટની મૅનેજિંગ ટ્રસ્ટી છું. ગુજરાત રાજ્ય સ્ત્રી મતદાર સંઘના નેજા નીચે સ્ત્રીઓમાં રાજકીય જાગૃતિ અને શિક્ષણ આણવાના પ્રયત્નો કરું છું.

પ્ર. સ્વાસ્થ્ય અંગે કોઈ ફરિયાદ ખરી?

ઉ. ના, કોઈ ફરિયાદ નહિ. કલાકો સુધી કામ કરી શકું છું. નિસ્વાર્થભાવે મન રેડીને કામ કરો તો તાજગીભર્યા રહેવાય, તંદુરસ્ત રહેવાય. □

સંગીતશાસ્ત્ર-૮

હસુ યાજ્ઞિક

ભારતીય અને પાશ્ચાત્ય સ્વરાંકન-પદ્ધતિ

ભારતીય સ્વરાંકન-પદ્ધતિ આધુનિક છે અને તેમાં યત્કિંચિત્ પાશ્ચાત્ય સ્વરાંકન-પદ્ધતિનો જ આધાર લેવામાં આવ્યો છે. પશ્ચિમના સંગીતની સ્વરલિપિ અને તેનાં વિવિધ વાદ્યો તથા વૃંદગાનનો વિકાસ ચર્ચના ધર્મસ્તોત્રગાન અને રંજક એવા કથાકાવ્ય અને ઊર્મિગીતના સંઘગાનમાં થયો છે. ભારતનું અને પશ્ચિમનું સંગીત પાયામાં તો ઈન્ડોયૂરોપિયન વારસા તરીકે એક જ મૂળ સ્રોતનું હોવાને કારણે એમાં કેટલુંક સામ્ય છે અને આ સામ્ય તે મૂળભૂત કે પ્રાણભૂત છે, એમ પણ કહી શકાય. આમ છતાં એમાં જે ભેદ છે તે સાંસ્કૃતિક અને સામાજિક એવી ભિન્નતાને કારણે થયો છે. ભારતીય સંગીતનો પ્રાણ મેલડિ છે, અને તે વ્યક્તિગત સાધનાની મુખ્યત્વે વ્યક્તિગત અભિવ્યક્તિ છે. પાશ્ચાત્ય સંગીત સવિશેષ વિનિયોગ હાર્મનિનો કરે છે અને તેની અભિવ્યક્તિમાં સંઘગાન કે વૃંદગાન છે. કોઈ એક જ ગાયક કે કોઈ એક જ વાદક અને અન્ય જરૂર પૂરતા કે પૂરક એવા સહાયક દ્વારા થતી અભિવ્યક્તિ અને કલાનું આવિષ્કરણ ભારતીય સંગીતનો મુખ્ય આધાર છે. રાગ અને સિમ્ફનિમાં પણ આ વ્યક્તિરૂપ આવિષ્કરણ અને સામૂહિક વૃંદવાદન દ્વારા આવિષ્કરણ એવા બે મોટા ભેદ છે.

જે વાત ભારતીય સંગીત અને પાશ્ચાત્ય સંગીતને લાગુ પડે છે, તે વાત, એ જ મહત્ત્વનો ભેદ, ભારતીય નૃત્ય અને પાશ્ચાત્ય નૃત્યને લાગુ પડે છે. ભારતીય નૃત્યશૈલીનો કથક, મણિપુરી ઇત્યાદિ કોઈ પણ પ્રકાર લો તો એમાં મુખ્ય નર્તક કે નર્તકી જ કેન્દ્રમાં છે, અન્ય છે તે માત્ર સહાયક. પશ્ચિમના બૉલ-બેલે આનાથી ભિન્ન છે. ભારતીય પ્રજાઓના ભાષાની જેમ નૃત્ય અને સંગીતના વારસો સમાન છે. બન્નેના આદિસોત કે ઉદ્‌ગમ-મૂળ એક કે સમાન છે, પરંતુ વિકાસ-ઘડતર પોતપોતાનાં છે. ભારતમાં જે સંઘગાન કે સંઘનૃત્ય નથી, સમૂહગાન કે સમૂહનૃત્ય છે ખરાં. સંઘગાન અને સમૂહગાન તથા સંઘનૃત્ય અને સમૂહનૃત્યનો તફાવત એ છે કે એ ગાન અને નૃત્યમાં સંકળાય છે તો આખું વૃંદ પરંતુ એની પૂર્વ અને પશ્ચિમની પદ્ધતિમાં એક સૂક્ષ્મ ભેદ છે. તે એ કે ભારતમાં એક ગાય-ગવડાવે અને બીજો સમૂહ સાથે ગાય-ઝીલે એવો પ્રકાર છે. આમ, અહીં વૃંદ દ્વારા ગાનની, નૃત્યની અભિવ્યક્તિ થાય છે ત્યારે પણ એના આધારમાં તો કોઈ એક જ વ્યક્તિ છે, અન્ય સહુ ઝીલનાર છે. જોકે સંગીત ઑરકિસ્ટ્રામાં પણ એક સ્વરસંયોજક છે અને સંચાલક-કંડક્ટર એ રીતે જ સંજ્ઞાથી ગવડાવે છે, વગાવડાવે છે. તેમ છતાં એનો હેતુ અને એના કાર્યનું પરિણામ ભારતીય પદ્ધતિથી જુદું છે. એને તો આ પૃથક્-પૃથક્ એવા સ્વરજૂથો, એ વ્યક્ત કરતા માનવકંઠના સ્વરો અને વાદ્યોની સામૂહિક અસરથી જ નિષ્પન્ન કરવાનું હોય છે.

વિવિધ સ્વરોના સંઘર્ષણે પ્રગટ થતા સ્વરો એનું નામ જ હાર્મનિ છે. આથી વૃંદના પૃથક્ વિભાગો છે તે કંઈ આનુષંગિક નથી, માત્ર ઉપકારક કે સહાયક નથી, પરંતુ અંગભૂત છે. ભારતીય સંઘગાન-વૃંદગાનમાં એક જે ગવડાવે છે તે આધિકારિક છે, મુખ્ય છે. બીજા ઝીલે છે, ગાય છે કે વાદન કરે છે તે સહાયક છે. 'મોરલી તે ચાલી રંગ-રુસણે' માત્ર વ્યક્તિગત ગીતરૂપે પણ સ્વયંપર્યાપ્ત, રસોત્પાદક, રસવાહક રચના છે. એને સમૂહ પણ ઝીલે અને સાથે નૃત્ય પણ કરે તો આ પ્રભાવની ઘનતા વધે છે એટલું જ, એ ન હોય તો પણ એનું સાંગિતિક રૂપ સંઘની સહાય વગર અપૂર્ણ તો નથી જ. પાશ્ચાત્ય ઑરકિસ્ટ્રાની સિમ્ફનિ આમ વ્યક્તિગત અભિવ્યક્તિ ક્યારેય આવી રીતના કલાકૃતિ તરીકેની ક્યારેય સ્વતંત્ર એવું અસ્તિત્વ ધરાવી ન શકે. હા, એમાં લીડર પિયાનો બને, કોઈમાં વાયોલિન બને. પરંતુ એ આખી સિમ્ફનિ જો માત્ર પિયાનો પર કે માત્ર વાયોલિન પર ઉતારીને રજૂ થાય તો એનો પ્રભાવ સ્વતન્ત્ર રચના જેવો ન રહે. કેમકે એનું રસોત્પાદન છે તે વિવિધ વાદ્યોના સ્વરો, વિવિધ સ્વરજૂથોના સહવાદને જન્મતા મિશ્ર ધ્વનિમાં છે. હાર્મનિ એટલે જ પરસ્પર પૂરક અને સાથે વાગતા જેના સહાયક ધ્વનિઓ કર્ણમધુર લાગે એવા સ્વરોનું એકસાથે થતું વાદન. આથી તો સ્વરો એકના એક હોય પરંતુ હાર્મનિનું રૂપ જુદું હોય અને એ જ સ્વરોની મેલડિનું રૂપ જુદું હોય. હાર્મનિમાં એ સ્વરો જે પારસ્પરિક મેળ ધરાવે છે તે એકસાથે જ વાગે છે અને એ જુદા જુદા સ્વરોના જુદા જુદા નાદના પારસ્પરિક ટકરાવ, સંઘર્ષણ, સંમિશ્રણે એક જુદો જ સહાયક ધ્વનિ જન્મે છે જે રંજક લાગે છે.

મેલડિમાં જે સ્વરો મેળ ધરાવે છે તે વારાફરતી વાગે છે અને એક સ્વરમાંથી બીજા સ્વરમાં પ્રવેશતા જે શ્રુતિ જન્મે છે તે રંજક લાગે છે. આમ, કોઈ પણ સ્વરના જૂથનું કોઈ જૂથ હોય

તો હાર્મનિમાં એ સ્વરો સાથે વાગે અને હાર્મનિ જન્મે, એ જ સ્વરો વારાફરતી વાગે ને તેમાંથી મેલડિ જન્મે. પાશ્ચાત્ય સંગીતમાં ચર્ચ-મ્યૂઝિક તથા રંજક મેલાવડામાં જે સંઘગાન થયાં તેમાં હાર્મનિ અને મેલડિ બન્નેનાં તત્ત્વો હતાં. પરંતુ એમાં પ્રાધાન્ય હાર્મનિનું જ રહ્યું.

ઊર્મિમય ગીતરચનાઓ કથાગીતાની સાથે જ ગવાતી હતી, સંઘમાં. આપણા આખ્યાનોમાં પણ વર્ણનાત્મક અંશો, કથાતત્ત્વ વગેરેની દેશીઓ છે તેમાં 'હંસાઉલી'ની 'પોપટ પ્રાણીઓ રે!' જેવી ઊર્મિગીત પ્રકારની અને પ્રેમાનંદીય આખ્યાનમાં 'વૈદર્ભી વનમાં વનવલે' જેવી રચનાઓ છે. ઇટાલીમાં આવી ઊર્મિમય રચનાઓ લાયર-લ્યૂટ જેવાં તંતુવાદ્યો સાથે ગવાતી હતી, જેના પરથી તો એ પ્રકારની શબ્દરચનાના સ્વરૂપને Lyric એવી સંજ્ઞા મળી, જેનો પર્યાય ઊર્મિગીત આપણે પ્રયોજીએ છીએ. પ્રાશ્ચાત્ય સમાજમાં પણ જે આવી ઊર્મિમય રચનાઓ હતી તેમાં મેલડિનું જ પ્રાધાન્ય હતું ને તે લ્યૂટ-વાયોલિન જેવા તંતુવાદ્યમાં વિકસ્યું અને વ્યક્તિગત રીતે ગવાતી રચનાઓનો પણ વિકાસ થયો.

સંઘગાનના પશ્ચિમના સ્વરવિકાસને કારણે પારસ્પરિક હાર્મનિ ધરાવતા સ્વરોનું ગ્રહસ્વર કે ન્યાસસ્વર સાથે વાદન થાય તો એવા કોર્ડ્સના મિશ્રધ્વનિ મુખ્ય સ્વરને સૌન્દર્યમંડિત કરી તેની ઘનતા વધારે છે અને તે ભાવપોષક બને છે, તેનું વિકસિત જ્ઞાન હતું. તેથી આવા વ્યક્તિગત ગાનમાં પણ હવાઈન ગિટારનો કોર્ડ્સનો પૂરક-ઉપકારક અંગ તરીકે ઉપયોગ થયો. પરંતુ આ અંશ-અંગરૂપ જ છે વ્યક્તિગત ગાનમાં, એ ન હોય તો ચાલે. હોય તો વધારે સારું, પરંતુ અનિવાર્ય નહીં. પરંતુ સંઘગાનમાં, સિમ્ફનિમાં તો એ જ મુખ્ય આધારરૂપ, આનુષંગિક નહીં, પરંતુ આધારરૂપ, માત્ર ઉપકારક નહીં પરંતુ આધિકારિક. ગિટાર જેવું છ તારવાળું વાદ્ય ઇટાલીમાં આવા સંઘગાને જન્મ્યું છે, વિકસ્યું છે.

સંઘમાં તો સ્ત્રી પણ હોય, પુરુષ પણ હોય. કોઈનો ખરજનો નીચો સૂર તો કોઈનો મધ્ય કે તારનો ઊંચો. કોઈ ઘેરો-ઘોઘરો તો કોઈ મધ્યમ તો કોઈ તીણો. એ ગાનમાં તો યુવાન પણ જોડાય, વૃદ્ધ પણ જોડાય. બાળકો પણ ખરાં. આથી સંઘના પૃથક્ પૃથક્ જે સ્વર હોય તેની ઇન્ટેન્સિટી જુદી હોય, એના ટિમ્બરમાં પણ ભેદ હોય. આથી છ તારવાળું ગિટાર અસ્તિત્વમાં આવ્યું. આ છ તાર ભિન્ન ભિન્ન એવા નીચામાં નીચા અને ઊંચામાં ઊંચા સ્વરોમાં મેળવેલા હોય. આથી માત્ર ખુલ્લા તારથી જ સપ્તકના છ સ્વરો તો બેઠે બેઠા વાગે ને એક જ આઘાતે એકસાથે વાગે. આથી આ સ્વરો સંઘના સ્વર સાથે મળી જાય. અને આ છએ તાર ફ્રેટને કારણે પોતાના મેળવાયેલા સ્વરના પૂરા દોઢ-બે સપ્તકના સ્વર આપી શકે. આથી આ વાદ્ય જ સંઘગાનનું મુખ્ય આધાર-વાદ્ય બન્યું. સ્વરની જેમ એ લય અને તાલ પણ આપી શકે. તિસ્ર, ચતસ્ર કોઈ પણ માત્રાને સસ્વર વગાડી શકાય. ગિટાર જેમ મેલડિ-હાર્મનિ માટેના કોર્ડ્સ વગાડવામાં સહાયભૂત બને, તેમ રીધમ કોર્ડ્સ પણ આપી શકે. ડ્રમ ન હોય તો પણ તાલનું કામ ગિટારના રીધમ કોર્ડ્સ બજાવે.

આમ, સંઘગાન લયની ચઢત-બઢત, એક પ્રકારની આવેગમય ધડબડાટી, ક્યાંક વચ્ચે ગૂંથાતી મેલડિની મધુર સરવાણી વગેરેમાં વિશેષ રંજક બન્યું. આથી સંઘગાનના હાર્મનિ કોર્ડ્સ વ્યક્તિગાનના પણ પશ્ચિમના સંગીતમાં મહત્ત્વનું અંગ બન્યા. ને ભારતીય રાગ જેમ અનેક ભાવોને આવિષ્કૃત કરતાં સ્વરજૂથોના વૈવિધ્યની ખાણ છે તેમ પાશ્ચાત્ય ઑરકિસ્ટ્રા એની સિમ્ફનિનો કોઈ પણ અંશ પણ એટલો જ સ્વતન્ત્ર રચના બનવા માટે ક્ષમતા ધરાવતો હોય છે. ઉદાહરણ લઈએ તો ફિલ્મ 'અનાડી'ના - વો ચાંદ ખીલા, વો તારે હસીં, યે રાત અજબ મતવાલી હૈ-માં સહુને પરિચિત 'યે' કે 'વો' શા માટે? આ મુખડો અને પછીનો ગીતનો વિસ્તાર બિટોવનની સિમ્ફનિના 'સા પ઼ - સા સા સા નિ઼ પ઼ રે રે રે' એ જ કોર્ડ્સના આધારે તૈયાર થયો છે. આવા અસંખ્ય ગીતોનાં કુળનું મૂળ આવી વિવિધ પાશ્ચાત્ય સિમ્ફનિ અને ગીતોમાં જોવા મળે છે. લોકકથાના અધ્યયનના સામ્યમૂલક અભ્યાસમાં જે સ્ટોરી મોટિફ હોય છે. ચમત્કારથી પરંપરામાં ટકી રહી વારંવાર પ્રયોજાતો કથાઘટક તેમ મ્યૂઝિક મોટિફ-સ્વરઘટક પણ હોય છે. જેમ કથાઘટકમાં ચમત્કાર હોવાને કારણે તે પરંપરા સર્જે તેમ મ્યૂઝિક-મોટિફમાં રહેલી વિશિષ્ટ એવા નિશ્ચિત સ્વરજૂથની કર્ણપ્રિય રંજકતા તેની પરંપરા ઊભી કરે છે.

આ સવીગત ચર્ચા પરથી બે વાત ફલિત થાય છે તે એ કે ભારતીય સંગીતમાં પ્રાધાન્ય છે તે વ્યક્તિસંગીતનું, પાશ્ચાત્યમાં એના સાંઘિક રૂપનું અને ભારતીય સંગીતનો મુખ્ય આધાર મેલડિ છે, જ્યારે પશ્ચિમના સંગીતનો હાર્મનિ. પં. રવિશંકર કહે છે : "In the west, the musical system is based not only on a combination of melody and rhythm, but also on the highly developed elements that enrich the music-harmony (or the cardal, vertical structure of any given composition) and counterpoint (or the simultanious sounding on two or more melodies). Indian music too is based on melody and rhythm, but has no comparable system of harmony and counterpoint. Rather, it is melody that has been developed and refined to a very high degree, with an infinite variety of subtleties that are completely

unkown in western music."

"Another marked difference between the two is that whereas a western composition may be based on many moods and tonal colours, often sharply contrasting, the Indian melody concentrates on only one principal mood or emotion throughout, dwelling on it, expanding, elaborating. Thus the effect becomes intense and hypnotic and often magical." (My Music, My Life P-17-18.)

આમ, ભારતીય સંગીત ગુરુશિષ્ય પરંપરાની વ્યક્તિગત સાધનાની સિદ્ધિની વ્યક્તિગત રીતે થતી આવિષ્કરણની કલા છે; અને એ દૃષ્ટિ એની જે સ્વરલિપિ છે, તે ગાણિતિક અને આવિષ્કરણની દૃષ્ટિએ પાશ્ચાત્ય સ્વરલિપિ જેટલી ચોક્કસ, સંપૂર્ણ શાસ્ત્રીય નથી. કણસ્વર, ઘસીટ, મીંડ, ઝમઝમા, મૂરકી વગેરે આપણે લિપિમાં બતાવી શકીએ છીએ, પરંતુ તે હજુ સંપૂર્ણ નથી. ગ્રહસ્વર 'સા' હોય એનો કણ 'રે' બતાવાય પરંતુ 'સા' નિષાદ લઈ; તે પરથી રીષભ પર જઈને છેવટે 'સા' પર સ્થિર કરવાનો છે, કે માત્ર 'રે'નો કણ, ઈષત્ સ્પર્શ કરવાનો છે, તે પણ સ્વર લેતી વખતે, મધ્યે, અંતે કે સતત - આ બધી સૂક્ષ્મપ્રક્રિયા તો પ્રત્યક્ષ શિક્ષણ, ગુરુશિક્ષણ પરંપરાનું શિક્ષણ જ આપી શકે. આમ, સંગીત ગુરુમુખી વિદ્યા છે, એવા સ્વીકાર પછી જ જે સ્વરલિપિ છે તે પૂર્ણ છે એમ કહેવાય. લતા મંગેશકરનું ગીત સાંભળ્યું હોય છે એથી સ્વરલિપિ જોઈને એની સૂક્ષ્મતા ગળામાં કે વાદ્યમાં પ્રયત્ને ઉતારી શકાય, પરંતુ કેવળ લિપિનો જ આધાર લેવાનો હોય તો એ ક્રિયાની સૂક્ષ્મતા ન પણ આવે, એ અર્થમાં લિપિ હજુ નજીકનો આલેખ છે, ગેય-વાદ્યનું સંપૂર્ણ અક્ષરબદ્ધ રૂપ નથી.

પાશ્ચાત્ય સ્વરલિપિની સંસિદ્ધિ પાછળ તો સુદીર્ઘ એવી પરંપરા છે. પશ્ચિમમાં પણ આરંભે કુ. એસ. એ. ગ્લોવર અને જ્હોન કરવેનના સંયુક્ત પ્રયાસે Salfa Notation - સાલ્ફાનોટેશનની પદ્ધતિનો ઇંગ્લંડમાં સંગીતના શિક્ષણ માટે ઉદ્ભવ-વિકાસ થયો. આમાં ડો, રે, મી, ફા, સોલ, ફા, મી જેવા અક્ષરોથી સપ્તકના સ્વરો ઓળખાવાયા. એમાં મંદ્ર સપ્તક માટે સ્વરનામ નીચે – (આડી રેખા) મૂકવામાં આવી. તાર સપ્તક માટે સ્વર પર । (ઊભી લીટી)ની નિશાની મૂકવામાં આવી. રોમના ચર્ચમાં સંગીત ગવાતું હતું ત્યારે વિરામચિહ્નો અને - (ડેશ) વગેરે સંજ્ઞાઓની ન્યૂમ્સ પદ્ધતિ અસ્તિત્વમાં આવી. ૧૮મી સદીમાં ચીવ નામના ગણિતજ્ઞે ફ્રાન્સમાં સ્વર માટે સંખ્યાંકો અને ચિહ્નોનો પ્રયોગ કર્યો. આ પદ્ધતિ ભારતના વેદનાં સૂક્તોમાં પણ પ્રયોજાયેલી જોવા મળે છે. આ બધી જ પદ્ધતિઓનો સમન્વય કરીને ન્યૂમ્સે પાંચ સમાંતર આડી રેખાઓના staff - સ્તંભનો ઉપયોગ કરીને staff notationની પદ્ધતિ આપી અને તેમાં રેખાને છેદતા અને રેખાની વચ્ચેના ○ અંડાકારનાં ચિહ્નોનો ઉપયોગ કર્યો. સ્વર, માત્રા, તાલ, સ્વરલગાવ વગેરેનો વિચાર કરીને વિવિધ સંજ્ઞાઓથી આ પદ્ધતિ વિકસતી સંપૂર્ણતાએ પહોંચી અને વિશ્વમાન્ય બની છે.

અહીં પ્રશ્ન એ થાય કે ભારતીય સંગીત માટે કઈ સ્વરલિપિ અપનાવવી જોઈએ? આનો સ્પષ્ટ ઉત્તર છે ભારતીય સ્વરલિપિ. એક વ્યક્તિગત સાધનારૂપે અને વ્યક્તિગત આવિષ્કરણરૂપે જેને સંગીત કંઠથી કે વાદ્યથી સિદ્ધ કરવું છે, એને માટે ભારતીય સ્વરાંકન-પદ્ધતિ બધી જ રીતે અનુકૂળ છે. પરંતુ હવે 'સંગીત' હાથરસનાં પ્રકાશનો, મોટા ભાગનાં સંગીત સામયિકો, ગ્રન્થોએ પંડિત ભાતખંડેજીની જે ખંડ પ્રમાણે સ્વરાંકનની પદ્ધતિ છે તેને જ સહુ કોઈએ અપનાવી છે, તેમ અપનાવવી જોઈએ. સંગીતના પ્રકાશન માટે તો હવે એ જ ભારતમાન્ય છે. જો પં. વિષ્ણુ દિગંબરની પદ્ધતિએ સ્વર નીચે માત્રા માપ માટે - (ડેશ) આવે, ○ (મીંડા) આવે, સંખ્યાંક આવે તો તે શિક્ષણ માટે બહુ ઉપોયગી નથી એટલું જ નહીં, જે સ્વર નીચે - (ડેશ) હોય તે કોમળ સ્વર છે; આવી વ્યાપક સ્વીકૃતિ પછી તેને એક માત્રાની સંજ્ઞા રૂપે પ્રયોજવામાં ગેરસમજ પણ થાય.

આ સાથે જેમને વૃંદગાનના વાદક થવું છે, ઓરકિસ્ટ્રામાં વગાડવું છે તેને માટે, સુગમ કે ફિલ્મસંગીતના સ્વરનિયોજક માટે તો વેસ્ટર્ન સ્ટાફ નોટેશન જ ઉપયોગી છે. આજના સુગમસંગીત, ફિલ્મસંગીત વગેરેમાં ઓરકિસ્ટ્રા અનિવાર્ય છે, આથી સ્વરસંયોજકો તથા પ્રોફેશનલ મ્યૂઝિશ્યન માટે સ્ટાફ નોટેશન ઉપયોગી છે.

આ વાત માતૃભાષા અને અંગ્રેજી જેવી છે. શિક્ષણનું માધ્યમ તો માતૃભાષા જ હોઈ શકે, પરંતુ વિશ્વ સાથેનો અનુબંધ જાળવવાનું જેમના માટે જરૂરી છે તેને માટે ગ્રન્થાલય ભાષા કે વિશ્વસંપર્ક ભાષારૂપે જેમ અંગ્રેજી ઉપયોગી અને કેટલેક અંશે તો અનિવાર્ય છે તેવું સ્ટાફ નોટેશનનું છે. ભારતીય ક્ષેત્રે સુગમ સંગીત, ફિલ્મસંગીતમાં, અનેક વાદકોને સાંકળવામાં સ્ટાફ નોટેશન જ સહાયક બને અને વિશ્વમાન્ય સ્વરલિપિ પણ સ્ટાફ નોટશન છે; તેથી વિશ્વના સંગીતના સંદર્ભ ગ્રન્થો માટે પણ પાશ્ચાત્ય સ્વરલિપિ જ સર્વથા ઉપયોગી અને શાસ્ત્રીય કક્ષાએ સંપૂર્ણ પ્રકારની છે. પરંતુ ભારતીય શાસ્ત્રીય સંગીતના ભારતીય ક્ષેત્ર માટે તો આપણી સ્વરાંકન પદ્ધતિ જ ઉપયોગી છે. □

સુધારો : ઑગસ્ટ અંકના પૃ. ૫૪૦ પરની અર્ધા પાનાની જાહેરખબરમાં "અ. સૌ. દમયંતીબહેન"ને બદલે "અ. સૌ. સ્વ. દમયંતીબહેન" વાંચવું.

લોકશાહી અને નાગરિક-ઘડતર

દિનેશ શુક્લ

મૂળભૂત હકો : સમાનતા અને સ્વતંત્રતા

આપણા બંધારણમાં સમાનતાના હકને સૌપ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. આપણા સમાજમાં અનેક પ્રકારની વિષમતાઓ છે. આ બધી અસમાનતાઓ દૂર કરવી અને સમાનતાપ્રધાન સમાજની રચના કરવી એ આપણા બંધારણનો એક આદર્શ છે. મોભા અથવા દરજ્જાની સમાનતા અને તકોની સમાનતાનો ઉલ્લેખ બંધારણના આમુખમાં કરવામાં આવ્યો છે. કાયદા સમક્ષની સમાનતા(રાજ્યની નજરમાં સૌ નાગરિક સરખા છે - રાજકીય સમાનતા)નો ઉલ્લેખ મૂળભૂત હકોમાં કરવામાં આવ્યો છે, તો સામાજિક અને આર્થિક સમાનતા હાંસલ કરવા રાજ્યે પગલાં ભરવા એવો આદેશ માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરવામાં આવ્યો છે. આ દર્શાવે છે કે બંધારણના ઘડવૈયાઓએ સમાનતાને એક અત્યંત મહત્ત્વના મૂલ્ય તરીકે સ્વીકાર્યું છે.

બંધારણની કલમો ૧૪થી ૧૮માં સમાનતાનો એક મૂળભૂત હક તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે. આ હકમાં પ્રથમ આવે છે, 'કાયદા સમક્ષની સમાનતા.' કાયદા સમક્ષ દેશના નાગરિકો અને વિદેશીઓ સૌ સરખા છે. કલમ ૧૪ 'કાયદા સમક્ષની સમાનતા' અને 'કાયદાનું સમાન રક્ષણ' એ બન્નેની ખાતરી આપે છે. બધા જ નાગરિકો કાયદાની નજરમાં, મતલબ કે રાજ્યની નજરમાં સરખા છે. કોઈના ખાસ વિશેષાધિકારોનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. બધા જ નાગરિકો, કોઈ પણ જાતના ભેદભાવ વિના એકસરખા કાયદાઓને એકસરખી કાયદાની અદાલતો અને સરખી કાર્યવિધિઓને આધીન છે. કોઈ ધનિક છે કે ગરીબ, ઉચ્ચ છે કે નીચ, ભણેલ છે કે અભણ - કાયદો કશો ભેદભાવ કરતો નથી. 'કાયદાનું સમાન રક્ષણ'નો અર્થ છે સરખા સંજોગોમાં કાયદો સૌ સાથે સરખો વ્યવહાર કરશે. જ્ઞાતિ-જાતિ, ધર્મ-સંપ્રદાય, પ્રદેશ-ભાષા વગેરે કોઈ પણ જાતના ભેદભાવ વિના દરેક નાગરિકનો કાયદાનું રક્ષણ મેળવવાનો સરખો હક છે. સમાનતા-સૂચક આ બન્ને અભિવ્યક્તિઓ - 'કાયદા સમક્ષની સમાનતા' એ બ્રિટિશ કૉમન લૉની ભેટ છે, તો 'કાયદાનું સમાન રક્ષણ' એ અમેરિકી બંધારણની ભેટ છે. આપણા બંધારણમાં બન્નેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બન્નેનો હેતુ 'દરજ્જાની અને તકોની સમાનતા' સિદ્ધ કરવાનો છે. ખુદ કાયદાઓ વડે કે એમના અમલ થકી કોઈ પણ પ્રકારના મનસ્વી, આપખુદ ભેદભાવની ગુંજાશ ન રહે એ સારું એક મૂળભૂત હક તરીકે આ હક નાગરિકોને આપવામાં આવ્યો છે. આપણા જેવા પરંપરાગત રીતે સોપાનિક ક્રમરચના ધરાવતા સમાજમાં આ હકનું મહત્ત્વ સહેજેય સમજી શકાય તેમ છે.

પણ બધાંને એક જ લાકડીએ હાંકવા એવો યાંત્રિક અર્થ સમાનતાનો ન થાય, એ દેખીતું છે. બધાં સાથે, બધા જ પ્રસંગોએ એકસરખો વ્યવહાર એ સમાનતા નથી. મનુષ્ય-મનુષ્ય વચ્ચે અનેક બાબતોમાં તફાવતો છે, એ તફાવતોને ભૂલીને બધાં સાથે એકસરખો વ્યવહાર કરવામાં આવે એ બરાબર નથી. ઍરિસ્ટોટલ જણાવે છે કે, 'સમાનો વચ્ચે સમાન વ્યવહાર અને અસમાનો વચ્ચે અસમાન વ્યવહાર એમાં ન્યાય રહેલો છે.' આથી, કાયદાના ઘડતરમાં અને એમના અમલમાં નાગરિકો વચ્ચે રહેલા આ તફાવતોને ધ્યાનમાં રાખી રાજ્ય નાગરિકોનું વર્ગીકરણ કરી શકે, શરત માત્ર એટલી કે આ વર્ગીકરણ 'વાજબી' હોવું જોઈએ, અને તે હેતુ માટે વર્ગીકરણ કરવામાં આવ્યું હોય, એ હેતુ સાથે સુસંગત હોવું જોઈએ. મતલબ કે વર્ગીકરણ મનઘડત, તરંગી કે આપખુદીભર્યું ન હોવું જોઈએ. મેનકા ગાંધી કેસના ચુકાદામાં ન્યાયાધીશ ભગવતીએ જણાવ્યું છે કે 'સમાનતા અને આપખુદી એ બે વિરોધી ખ્યાલો છે. રાજ્યના મનસ્વી કે આપખુદીભર્યાં પગલાં સામે આ હક (કલમ ૧૪) નાગરિકોને રક્ષણ આપે છે.' ઉપરાંત, બચ્ચનસિંઘ કેસના ચુકાદામાં એમણે એમ પણ જણાવ્યું છે કે, કલમ ૧૪ એ કાયદાનું શાસન સ્થાપતો સિદ્ધાંત છે, એ આખા બંધારણમાં વ્યાપ્ત છે. એ આપણા બંધારણના પાયાના માળખાનો ભાગ છે. સંસદ બંધારણીય સુધારા દ્વારા એને મર્યાદિત કે નાબૂદ કરી શકે નહીં.

કલમ ૧૫ અને ૧૬ આ જ સમાનતાના હકનું વિસ્તૃતીકરણ છે. કલમ ૧૫માં જણાવવામાં આવ્યું છે કે ધર્મ, જાતિ (રેસ), જ્ઞાતિ, લિંગ, જન્મસ્થળ કે એમાંના કોઈ એક આધાર પર રાજ્ય કોઈ નાગરિક સામે કોઈ ભેદભાવ આચરશે નહીં. દુકાનો, જાહેર રેસ્ટોરાં, કૂવા, ઘાટ, તળાવો, રસ્તાઓ, આનંદપ્રમોદનાં જાહેર સ્થળો વગેરેનો લાભ લેતા કોઈ નાગરિકને અટકાવી શકાશે નહીં. કલમ ૧૬ જાહેર નોકરીઓમાં સમાન તકના હકની સ્પષ્ટતા કરે છે. ઉપર જણાવ્યા એ આધારો પ્રમાણે જાહેર નોકરીઓમાં કોઈ પણ નાગરિક સામે ભેદભાવ આચરવામાં આવશે નહીં. આ કલમોમાં કેટલાક અપવાદો કરવામાં આવ્યા છે. દાખલા તરીકે, સ્ત્રીઓ અને બાળકો તેમજ અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટે રાજ્ય ખાસ પ્રબંધો કરે, તો તેને સમાનતાના હકનો ભંગ કર્યો છે, એમ

ગણાશે નહીં. ઉપરાંત, અમુક પ્રકારની નોકરીઓમાં અમુક લાયકાતો નક્કી કરવાની સત્તા રાજ્યને રહેશે.

કલમ ૧૭ : આપણા સમાજમાં સદીઓથી ચાલી આવતી અસ્પૃશ્યતાની પ્રથાની નાબૂદી જાહેર કરે છે. અસ્પૃશ્યતાનું કોઈ પણ સ્વરૂપમાં આચરણ ગેરબંધારણીય, ગેરકાયદે અને સજાપાત્ર ગુનો ઠરાવવામાં આવ્યું છે.

કલમ ૧૮ : ઇલકાબો અને ખિતાબોની નાબૂદી કરે છે. સમાજમાં ભેદભાવો સર્જતા આવા ઇલકાબો અથવા ખિતાબો સમાનતાના હકની તદ્દન વિરુદ્ધ છે. લશ્કરી સેવા કે કોઈ ઉચ્ચ સામાજિક-શૈક્ષણિક સિદ્ધિઓ સિવાય રાજ્ય કોઈ પણ પ્રકારના ઇલકાબો તેના નાગરિકોને આપી શકશે નહીં.

ટૂંકમાં, સમાનતાનો આ હક દેશમાં કાનૂની, રાજકીય અને અમુક અંશે સામાજિક સમાનતા સ્થાપવાનો પ્રયાસ કરે છે. સમાજમાં બીજી અનેક બાબતોમાં અસમાનતાઓ છે, વિશેષ તો આર્થિક ક્ષેત્રમાં, એ જ્યાં સુધી નાબૂદ કરવામાં ન આવે ત્યાં સુધી સમાનતાનો આદર્શ ખરેખર ચરિતાર્થ થયો છે, એમ કહી શકાય નહીં. આ બીજી અસમાનતાઓ દૂર કરવાનાં પગલાં રાજ્યે લેવાં એવા આદેશો રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં આપવામાં આવ્યા છે. અન્ય ક્ષેત્રીય અસમાનતાઓ આ કાનૂની-રાજકીય સમાનતાઓનો ઉપભોગ કરવામાં ભારતના મોટા ભાગના નાગરિકોને અવરોધરૂપ બને છે, એ આપણે ન ભૂલવું જોઈએ.

મૂળભૂત હકોમાં બીજા ક્રમે આવે છે, સ્વતંત્રતાનો હક. બંધારણની કલમ ૧૯થી ૨૨માં આ હકની ખાતરી નાગરિકોને આપવામાં આવી છે. માત્ર લોકશાહી શાસન વ્યવસ્થાની દૃષ્ટિએ જ નહીં પણ, એક સંસ્કૃત, સભ્ય સમાજના સ્થાપન અને સાતત્ય માટે આ હકનું જેટલું મૂલ્ય આંકીએ એટલું ઓછું છે. સામાજિક અને રાજકીય તત્ત્વચિંતનમાં સ્વતંત્રતાનો ખ્યાલ અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સ્વતંત્રતાનો એક સ્વયમેવ મૂલ્ય તરીકે અને અન્ય મૂલ્યોને (સમાનતા, ન્યાય, વ્યક્તિનો સર્વતોમુખી વિકાસ વગેરે) ચરિતાર્થ કરવાના એક અતિ મહત્ત્વના સાધન તરીકેનો વિચાર જુદા જુદા તત્ત્વચિંતકોએ કર્યો છે. મનુષ્ય માત્ર સ્વતંત્રતા ઝંખે છે. આ ઝંખના સર્વદેશીય, સર્વકાલીન છે. સ્વતંત્રતા માટે ભારેમાં ભારે બલિદાનો આપતાં મનુષ્યો અચકાતા નથી. બ્રિટિશરો સામે આપણે જે રાષ્ટ્રિય આંદોલન ચલાવ્યું, એ આઝાદી માટેનું, સ્વતંત્રતા માટેનું જ આંદોલન હતું ને! વ્યક્તિ-માત્રના વ્યક્તિત્વના વિકાસ અને અભિવ્યક્તિ માટે વિવિધ સ્વતંત્રતાઓ અનિવાર્ય છે, તો લોકશાહીમાં સૌ નાગરિકો તરીકે પોતાનું યોગદાન આપી શકે, શાસનની વિવિધ પ્રક્રિયાઓમાં કોઈ પણ જાતના ભેદભાવ વિના સામેલ થઈ શકે, એ માટે પણ આ સ્વતંત્રતાઓ અત્યંત જરૂરી ગણવામાં આવે છે. નાગરિક સ્વાતંત્ર્યો એ તો લોકશાહી - એક જીવનપદ્ધતિ તરીકે અને શાસનપ્રથા તરીકે-ની પારાશીશી છે. બંધારણના આમુખમાં દેશના સૌ નાગરિકોને 'વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને પૂજાની સ્વતંત્રતા'ની ખાતરી આપવામાં આવી છે.

કલમ ૧૯માં સાત સ્વતંત્રતાઓ (હવે છ સ્વતંત્રતાઓ)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા, શાંતિપૂર્વક અને હથિયારો વિના ભેગા થવાની, સભા ભરવાની સ્વતંત્રતા, મંડળો અથવા સંઘો રચવાની સ્વતંત્રતા, દેશના ભૌગોલિક વિસ્તારમાં મુક્તપણે હરવા-ફરવાની સ્વતંત્રતા, દેશના કોઈ પણ ભાગમાં રહેવાની તેમજ સ્થાયી થવાની સ્વતંત્રતા, મિલકત પ્રાપ્ત કરવાની, ધરાવવાની અને નિકાલ કરવાની સ્વતંત્રતા, ધંધો-રોજગાર, વ્યવસાય કરવાની સ્વતંત્રતા - આ સાત સ્વતંત્રતાઓમાંથી મિલકત સંબંધી સ્વતંત્રતા મૂળભૂત હકોની યાદીમાંથી ૪૪મા બંધારણીય સુધારા દ્વારા બાકાત કરવામાં આવી છે. મિલકત સંબંધી સ્વતંત્રતાને હવે કાનૂની હકનો દરજ્જો પ્રાપ્ત થયો છે.

આ બધી સ્વતંત્રતાઓ મનુષ્યે સમાજમાં અને રાજ્યમાં ભોગવવાની છે, એટલે એ સ્વતંત્રતાઓ અમર્યાદિત હોઈ શકે નહીં. દરેક સ્વતંત્રતા એને આનુષંગિક મર્યાદાઓ હેઠળ ભોગવવાની છે, અને એ દરેક મર્યાદા અથવા અંકુશનો ઉલ્લેખ ખુદ બંધારણમાં જ કરવામાં આવ્યો છે. રાજ્યની સલામતી, વિદેશો સાથેના મૈત્રીભર્યા સંબંધો, જાહેર વ્યવસ્થા, સુરુચિ અથવા નીતિમત્તા - આ બધાને હાનિ થાય એ રીતે વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા ભોગવી શકાય નહીં. એ જ રીતે કોઈની બદનક્ષી થાય કે અદાલતોનો તિરસ્કાર થાય એ રીતે પણ આ સ્વતંત્રતા ભોગવી શકાય નહીં. મતલબ કે રાજ્ય કાયદા દ્વારા આ સ્વતંત્રતાઓ પર મર્યાદા મૂકી શકે, શરત એટલી કે આ મર્યાદાઓ 'વાજબી' (રિઝનેબલ) હોવી જોઈએ. અને હેતુ સાથે સુસંગત હોવી જોઈએ. મૂકવામાં આવેલી મર્યાદાઓ વાજબી છે કે કેમ અથવા હેતુ સાથે સુસંગતિ ધરાવે છે કે કેમ, એ નક્કી કરવાની સત્તા અદાલતોની છે. જો અદાલતોને એવું લાગે કે મૂકવામાં આવેલી મર્યાદાઓ વાજબી નથી, અથવા જે હેતુ માટે મર્યાદાઓ મૂકવામાં આવી છે એ હેતુ સાથે સુસંગત નથી, તો એવી મર્યાદાઓને ગેરબંધારણીય અને રદ જાહેર કરી શકે છે.

કલમ ૨૦ સ્વતંત્રતાના એક મહત્ત્વના પાસાને સ્પર્શે છે. હયાતી ધરાવતા કોઈ કાયદા હેઠળ જો કોઈ કૃત્ય ગુનો બનતું ન હોય તો એવા કૃત્ય માટે કોઈ પણ વ્યક્તિ સામે કામ ચલાવી શકાય નહીં કે એને સજા કરી શકાય નહીં. ઉપરાંત, કાયદામાં જોગવેલ સજા કરતાં વધારે સજા કરી શકાય નહીં. અને છેલ્લે એકના એક ગુના માટે વ્યક્તિને એકથી વધુ વખત સજા કરી શકાય નહીં. મનસ્વી

અને વધુ પડતી સજા સામે વ્યક્તિને આ કલમ રક્ષણ આપે છે, અને કાયદાના શાસનને વધુ દૃઢપણે સ્થાપિત કરે છે.

તમામ સ્વતંત્રતાઓના પાયામાં રહેલ સ્વતંત્રતા છે જીવનની સ્વતંત્રતા. કલમ ૨૧ જીવન અને સ્વતંત્રતાના હકની ખાતરી ઉચ્ચારે છે. 'કાયદા દ્વારા સ્થાપિત કાર્યવિધિ સિવાય કોઈ પણ વ્યક્તિને એના જીવન અને સ્વતંત્રતાથી વંચિત કરી શકાય નહીં.' 'કાયદા દ્વારા સ્થાપિત કાર્યવિધિ' એ જોગવાઈ વિષે ઘણી ચર્ચા બંધારણસભામાં થઈ હતી. જો કાર્યવિધિ કાયદા દ્વારા સ્થાપિત થયેલી હોય તો વ્યક્તિને તેના જીવન અને સ્વતંત્રતાથી વંચિત કરી શકાય, એવો એનો અર્થ થાય. અમેરિકી બંધારણમાં 'કાયદાની યોગ્ય કાર્યવાહી' (ડ્યુ પ્રોસેસ ઑફ લૉ) એવા શબ્દો છે. મતલબ કે જે કાર્યવાહી અથવા કાર્યવિધિ દ્વારા વ્યક્તિને તેના જીવન અને સ્વાતંત્ર્યથી વંચિત કરવામાં આવે છે એ ખુદ 'યોગ્ય' હોવી જોઈએ. 'યોગ્ય' અથવા 'ડ્યુ'નો ન્યાયશાસ્ત્રમાં વિશાળ અર્થ થાય છે. આવી કાર્યવાહી 'યોગ્ય' હોવી જોઈએ, એટલે કે 'વાજબી' હોવી જોઈએ, 'કુદરતી ન્યાય અને સમતાના સિદ્ધાંત' (પ્રિન્સિપલ ઑફ નૅચરલ જસ્ટિસ અને ઈક્વિટી) મુજબની હોવી જોઈએ. આપણી સર્વોચ્ચ અદાલતે મેનકા ગાંધી કેસમાં ન્યાયમૂર્તિ ભગવતીએ જણાવ્યું છે કે 'કલમ ૨૧માં ઉલ્લેખિત કાર્યવાહી અનુચિત કે ગેરવાજબી ન હોવી જોઈએ - મતલબ કે તે વાજબી અને તર્કસંગત હોવી જોઈએ અને કુદરતી ન્યાયના સિદ્ધાંત સાથે સુસંગત હોવી જોઈએ. વ્યક્તિના જીવન અને સ્વાતંત્ર્યને હરી લેનાર કાર્યવાહી કેવળ કાયદા દ્વારા સ્થાપિત થયેલી હોય એ પૂરતું નથી.' સર્વોચ્ચ અદાલતના આ અર્થઘટનો નાગરિકોનાં જીવન અને સ્વાતંત્ર્યને મજબૂત રક્ષણ પૂરું પાડ્યું છે અને બંધારણમાં રહી ગયેલી છટકબારીને બંધ કરવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે.

કલમ ૨૨ નાગરિકોને મનસ્વી ધરપકડ અને અટકાયત સામે જરૂરી રક્ષણ પૂરું પાડે છે. પ્રથમ તો, આ કલમ દેશના સામાન્ય ફોજદારી કાનૂન હેઠળ ધરપકડ કરાયેલ વ્યક્તિઓના કેટલાક હકોની સ્પષ્ટતા કરે છે. ધરપકડ કરાયેલ વ્યક્તિને પ્રથમ તો પોતાની શા માટે ધરપકડ કરવામાં આવી છે, એ જાણવાનો હક છે. એને અનિશ્ચિત મુદત માટે અટકાયતમાં રાખી શકાય નહીં. ધરપકડના ૨૪ કલાકની અંદર મૅજિસ્ટ્રેટ સમક્ષ રજૂ થઈને પોતાની કેફિયત રજૂ કરવાનો હક તે ધરાવે છે. ઉપરાંત, પોતાની પસંદગીના ધારાશાસ્ત્રી મારફતે પોતાનો બચાવ કરવાનો હક પણ તે ધરાવે છે. એટલું જ નહીં, કેદી જો માગણી કરે તો તેને કાનૂની સહાય ઉપલબ્ધ કરી આપવાની અદાલતની બંધારણીય ફરજ પણ છે.

પણ કલમ ૨૨માં નિવારક અને પ્રતિબંધક અટકાયત (પ્રિવેન્ટિવ ડિટેન્શન) હેઠળ ધરપકડ કરાયેલ અટકાયતીઓના હકોના રક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. નિવારક અથવા પ્રતિબંધક અટકાયતનો અર્થ વ્યક્તિએ કોઈ ગુનો કર્યો છે માટે તેની અટકાયત કરવામાં આવી છે, એવો નથી પણ તે ગુનો કરે એવી સંભાવના છે, એ કોઈ ગુનાઈત કૃત્ય કરી બેસે એમ છે, એ નિવારવા માટે તેની અટકાયત કરવામાં આવે છે. ભારત જ એક એવો લોકશાહી દેશ છે, જેમાં નિવારક અટકાયત જેવી બિનલોકશાહી જોગવાઈને બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ જોગવાઈ 'કાયદાના શાસન'ના સિદ્ધાંતની વિરુદ્ધ છે. પણ આપણા જેવી ઊછરતી લોકશાહીમાં સમાજવિરોધી, રાષ્ટ્રવિરોધી અને અરાજકતા ફેલાવનારાં તત્ત્વો અને પરિબળો સામે કામ પાડવા માટે આવી જોગવાઈને બંધારણમાં સ્થાન આપવું જરૂરી છે, એવું બંધારણ સભાએ નક્કી કર્યું. પણ સાથે સાથે આ જોગવાઈનો દુરુપયોગ ન થાય એ માટે કેટલીક રક્ષણાત્મક ઉપાયોની જોગવાઈ કરવામાં આવી છે. પ્રથમ તો આવા કાયદા કામચલાઉ, અસામાન્ય પરિસ્થિતિને પહોંચી વળવા માટે જ ઘડી શકાય. આવા કાયદા કાયમી ધોરણે આપણી ધારાપોથીમાં સ્થાન પામે એવું ન હોવું જોઈએ. બીજું, આવા કાયદા હેઠળ અટકાયતમાં રખાયેલ અટકાયતીઓને કારણો જાણવાનો હક છે. ત્રીજું, અટકાયતીને રજૂઆત કરવાનો કે પોતાનો બચાવ કરવાનો હક છે. ચોથું, અટકાયતીઓની અટકાયતને ચકાસવા સલાહકાર બોર્ડ હોવું જોઈએ. દરેક અટકાયતીનો કેસ આ સલાહકાર બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવવો જોઈએ.

બંધારણમાં કરવામાં આવેલી આ જોગવાઈને કારણે વ્યક્તિ સ્વાતંત્ર્ય છીનવી લેનારા પ્રતિબંધક કાયદા આપણે ત્યાં ઘડાયા છે, અને હજારોની અટકાયત આ કાયદા હેઠળ થઈ છે. કટોકટીના શાસન વખતે તો આવા કાયદાઓએ કાળો કેર વર્તાવ્યો હતો. આવા કાયદા લોકશાહી માટે કલંકરૂપ ગણાય. □

આવો, શીખીએ અંગ્રેજી (૨)

ધનુભાઈ મહેતા

આગળના પાઠમાં આપણે અંગ્રેજી ABCD, બારાક્ષરી, અને ગુજરાતી સંજ્ઞાવાચક નામની અંગ્રેજીમાં જોડણી - spelling (સ્પેલિંગ) — કેમ કરવી તે શીખ્યા. સંજ્ઞાવાચક નામ - proper noun - (પ્રોપર નાઉન)નો પ્રથમ અક્ષર હંમેશાં 'કૅપિટલ' - Capital - જ કરવો એમ શીખ્યા ત્યારે 'કૅપિટલ અક્ષર' - (apital letter - લેટર)નો અછડતો પરિચય આપણને થયો હતો. તો હવે આજના પાઠનો પ્રારંભ આ 'કૅપિટલ' એટલે શું અને લખાણમાં 'કૅપિટલ' અક્ષર એટલે શું, અને લખાણમાં 'કૅપિટલ' અક્ષર ક્યાં ક્યાં લખવો તેનાથી કરીએ.

આપણી ગુજરાતી ભાષામાં 'કૅપિટલ' અક્ષર નથી તેથી તેને માટેનો કોઈ ગુજરાતી પર્યાય નથી. 'કૅપિટલ અક્ષર' એટલે મોટા અક્ષર - (big letter-બિગ લેટર). પહેલી ABCDનો અક્ષર મોટો લખીએ તે 'કૅપિટલ અક્ષર' - જેમ કે A, M, R, D. હસ્તપ્રત અને મુદ્રણમાં બીજી ABCDના અક્ષરો વપરાય તે 'નાનો' - (small - 'સ્મૉલ') અક્ષર. 'કૅપિટલ' અંગે એ સ્પષ્ટતા કરી લઈએ કે જે તે શબ્દનો પ્રથમાક્ષર જ 'કૅપિટલ' લખવો.

'કૅપિટલ' અક્ષર ક્યાં ક્યાં લખવો? (૧) પુરુષવાચક સર્વનામ - The personal pronoun પહેલા પુરુષ એકવચન ('હું - I - આઈ') વાક્યમાં ગમે ત્યાં આવે તો પણ તે 'કૅપિટલ' જ લખવો.

(૨) વાક્યના પહેલા શબ્દનો પહેલો અક્ષર. જેમ કે 'It is I.' - 'It-ઈટ-તે' 'is-ઈઝ-છું' 'I-આઈ-હું' એટલે કે 'તે હું છું.'

(૩) સંજ્ઞાવાચક નામનો પહેલો અક્ષર, જેમ કે Alok (આલોક), Daksha (દક્ષા), Rekha (રેખા) વગેરે.

(૪) પર્વત, મહાસાગર, નદી, ધોધ, રણ, જહાજ, ખંડ, દેશ, શહેર અને ગામના નામનો પહેલો અક્ષર. જેમ કે The Himalays-હિમાલય પર્વતોની હારમાળા, The Sabarmati-સાબરમતી નદી, The Pacific ocean-પૅસિફિક ઓશન, (પ્રશાંત મહાસાગર), The Jog fall-જોગનો ધોધ, (a fall-ફૉલ-ધોધ), The Sahara desert-સહારાનું રણ, (a desert-ડેઝર્ટ-રણ), The Titanic-ટાઈટૅનિક નામનું જહાજ (a ship-શિપ-જહાજ), Europe-યૂરોપ-ખંડ, India-ઈન્ડિયા (દેશ), Calcutta-કલકત્તા (શહેર), Dholaka-ધોળકા (ગામ)

(૫) કોઈ સંસ્થા, પુસ્તકાલય, બૅન્ક, ઇસ્પિતાલ, શાળા, કૉલેજ કે યુનિવર્સિટીના નામનો પ્રથમાક્ષર, જેમકે - The Mahila Mandal-મહિલા મંડળ, The M. J. Library-એમ. જે. લાઈબ્રેરી, The K.E.M. Hospital, The Sanatan Dharma High School, The L. D. Arts College, The Gujarat University.

(૬) ઉપાધિ (ડિગ્રી) કે ખિતાબના બધા જ આદ્યાક્ષરો જેમ કે M.B.B.S., B.A., K.C.S.I., Sir, Lady - ખિતાબ - Sir Prabhashanker Patani, Lady Patani.

(૭) માસ અને વારના નામનો પ્રથમાક્ષર - જેમ કે February, Sunday.

(૮) 'ઈશ્વર' માટે. એક જ ઈશ્વર એવો ભાવ વ્યક્ત કરતા 'God (ગૉડ) 'ઈશ્વર' શબ્દનો પહેલો અક્ષર 'કૅપિટલ' કરવો. 'God'ના જ અર્થમાં 'Truth-ટ્રુથ-સત્ય' કે 'Heaven-હેવન-સ્વર્ગ' શબ્દ વપરાયા હોય ત્યારે તેના પ્રથમાક્ષર 'કૅપિટલ' કરવા. 'God'ના સંદર્ભમાં વપરાયેલ સર્વનામ 'He(હી)તે', 'His(હિઝ)તેનું', 'Him(હિમ)તેને', 'Thou-(ધાઉ)તું', 'Thy(ધાઈ)તારું' કે 'Thine(ધાઈન)તમારું'-ના પ્રથમાક્ષર 'કૅપિટલ' કરવા. પણ 'god' કે 'gods' - 'દેવ' કે 'દેવતાઓ'ના અર્થમાં વપરાય ત્યારે તેનો પહેલો અક્ષર 'કૅપિટલ' કરવો નહિ.

(૯) રાસાયણિક સૂત્રો કે સંજ્ઞાઓનો પ્રથમાક્ષર - જેમ કે 'H_2O'.

(૧૦) ભાષાના નામનો પહેલો અક્ષર 'કૅપિટલ' કરવો જેમ કે, Gujarati, English, French.

(૧૧) સ્મારક રૂપ ઇમારતોના નામનો પ્રથમાક્ષર - જેમ કે The Taj Mahal, The Kutub Minar.

અંગ્રેજી ભાષા શીખવાના પ્રારંભિક પગથિયાંઓમાંનું એક અતિ મહત્ત્વનું અને લેશમાત્ર પણ ન ચૂકવા જેવું પગથિયું તે 'આર્ટિકલ'. The Article(આર્ટિકલ) એ અંગ્રેજી ભાષાની એક લાક્ષણિકતા છે; જ્યારે આપણી ભાષામાં 'આર્ટિકલ' જેવું કોઈ અંગ ન હોવાથી તેને માટેનો પણ કોઈ પર્યાય નથી. અંગ્રેજીમાં અનિશ્ચિત જાતિવાચક નામના એકવચનમાં વપરાતા શબ્દનો કોઈ અર્થ જ થતો નથી. જેમ કે 'Cow-કાઉ', 'Cat-કૅટ', 'boy-બૉય.' 'કાઉ', 'કૅટ', 'બૉય' જેવા શબ્દોચ્ચાર તો કોઈ અંગ્રેજના કાનને ખૂંચે અને તે સાંભળતાં આશ્ચર્ય અનુભવે. અંગ્રેજીમાં તો 'a Cow' એટલે જ 'ગાય', નહિ કે 'Cow.' 'a' આર્ટિકલ વગર

'Cow'નો કોઈ અર્થ જ થતો નથી એ વાત બરાબર ગળે ઉતારજો. સામાન્ય શબ્દકોશમાં જાતિવાચક નામની આગળ 'આર્ટિકલ' દર્શાવવામાં આવતો નથી. શાળામાં અંગ્રેજી શીખવતાં શિક્ષક મિત્રોને એક સૂચન કરું કે તેઓ વર્ગમાં 'ચોપડી' માટેનો અંગ્રેજી પર્યાય વિદ્યાર્થીને પૂછે અને વિદ્યાર્થી 'book-બુક' - એમ જવાબ આપે ત્યારે તેઓએ ફાટી આંખે આશ્ચર્ય અનુભવવાનું નાટક કરવું અને જાણે કોઈ અજાણી ભાષાનો શબ્દોચ્ચાર સાંભળતા હોય તેવો દેખાવ કરીને 'book (બુક)' નહિ પણ 'a book(અ બુક)' - એમ વિદ્યાર્થીને ભારપૂર્વક ઠસાવવું અને 'એ બુક' નહીં પણ 'અ બુક' એવા ઉચ્ચાર માટે જ આગ્રહ રાખવો. અંગ્રેજી શીખવનારે 'આર્ટિકલ' બાબત જરા પણ 'ચલાવી' લેવાની આત્મઘાતક વૃત્તિ દાખવવી નહીં. કારણ કે શીખવનાર એકાદ વાર પણ 'ચલાવશે' તો વિદ્યાર્થી તો કાયમ માટે 'ચલાવશે જ.' 'આર્ટિકલ' વિષેનું આટલું મહત્ત્વ સમજીને હવે આપણે તેના વિષે આગળ શીખીએ.

અંગ્રેજીમાં 'આર્ટિકલ' બે છે (૧) 'a-અ' અથવા 'an-ઍન'. (૨) 'The-ધી અથવા ધ.' 'ધ કે ધી' ઉચ્ચાર ક્યારે કરવો તે વાત આગળ ઉપર The-આર્ટિકલ વિષે શીખીશું ત્યારે જોઈશું. 'a કે an' અનિશ્ચિત આર્ટિકલ છે. અંગ્રેજીમાં તેને 'The indefinite (ધી ઇન્ડેફિનિટ) અચોક્કસ કે અનિશ્ચિત' આર્ટિકલ કહેવામાં આવે છે. 'a કે an' એટલે 'કોઈક એક' અથવા 'એકાદ'. તે 'one(વન)એક'ના અર્થમાં વપરાય છે. અનિશ્ચિત જાતિવાચક નામના એકવચનનો ઉચ્ચાર વ્યંજનથી થતો હોય ત્યારે તેની આગળ 'a' વાપરવો અને ઉચ્ચાર સ્વરથી થતો હોય તો 'an' વાપરવો. આ બાબતમાં ઉચ્ચાર પરત્વેજ લક્ષ આપવું. 'spelling-સ્પેલિંગ-જોડણી' પરત્વે નહિ જ. જેમ કે 'a boy-અ બૉય-કોઈ એક છોકરો', 'a girl-અ ગર્લ-કોઈ એક છોકરી', 'a uniform-અ યૂનિફૉર્મ-કોઈ ગણવેશ' - આ બધાં જાતિવાચક નામોનો ઉચ્ચાર વ્યંજનથી થાય છે તેથી 'a' 'આર્ટિકલ' વપરાયો. પણ હવે જુઓ: 'an ear-ઍન ઇયર-કાન', 'an apple-ઍન ઍપલ-સફરજન','an elephant-ઍન એલિફન્ટ-હાથી', 'an umbrella-ઍન અમ્બ્રેલા-છત્રી'. આમાં ઉચ્ચાર સ્વરથી થાય છે. તેથી 'an' આર્ટિકલ વાપર્યો. પરંતુ કટલીક વાર જોડણીમાં પહેલો અક્ષર વ્યંજન હોય, પણ તે શબ્દનો ઉચ્ચાર સ્વરથી આરંભાતો હોય તો ત્યાં 'an M.B.B.S.', 'an M.A.', 'an S.S.C. student' એમ 'an' આર્ટિકલ વાપરવો. અનિશ્ચિત જાતિવાચક નામના એકવચનની આગળ વિશેષણ વપરાયું હોય ત્યારે 'આર્ટિકલ' વિશેષણની આગળ વાપરવો અને તે જે તે વિશેષણના ઉચ્ચાર પ્રમાણે વાપરવો. દા.ત. 'He is a good boy.' 'He is an ugly boy-અહીં 'અગ્લિ' ઉચ્ચાર સ્વરથી થાય છે તેથી 'an' આર્ટિકલ વાપર્યો - જોકે તે 'આર્ટિકલ'-'boy'નો છે પણ 'boy-બૉય'ના વ્યંજન ઉચ્ચારણ પ્રમાણે નહિ પણ વિશેષણ 'અગ્લિ'ના સ્વર ઉચ્ચારણ પ્રમાણે 'an' આર્ટિકલ મુકાય છે.

(૨) 'The-ધી-કે ધ'. ચોક્કસ જાતિવાચક નામનો ઉચ્ચાર સ્વરથી થતો હોય તો 'ધી' ઉચ્ચાર કરવો અને વ્યંજનથી થતો હોય તો 'ધ.' દા.ત. The elephant is a huge animal. (ધી ઍલિફન્ટ ઇઝ અ હ્યૂજ ઍનિમલ - હાથી મોટું પ્રાણી છે. (હ્યૂજ-મોટું) 'ધી એલિફન્ટ'નો ઉચ્ચાર સ્વરથી એટલે કે 'એ'થી થાય છે માટે તેની પૂર્વે the આર્ટિકલનું ઉચ્ચારણ 'ધી' કરવું. પણ 'The peacock is our national bird. (a peacock-પીકૉક-મોર, our-અવર-આપણું, national-નૅશનલ-રાષ્ટ્રિય, bird-બર્ડ-પંખી) તો અહીં 'ધ પીકૉક'. કારણ કે 'પીકૉક'નો ઉચ્ચાર વ્યંજનથી થાય છે.

'The' એ નિશ્ચિત આર્ટિકલ છે. The definite-ડેફિનિટ એટલે કે ચોક્કસ કે નિશ્ચિત જાતિવાચક નામના એકવચન તેમજ બહુવચનની આગળ 'The' આર્ટિકલ વાપરો. તે કોઈ ચોક્કસ પ્રાણી, પદાર્થ કે સ્થળનો નિર્દેશ કરે છે તેથી તે The definite આર્ટિકલ છે. 'The' આર્ટિકલ ક્યાં વાપરવો?

(૧) આગળના વાક્યમાં 'કોઈ એક' - એવા અનિશ્ચિત જાતિવાચક નામના જ સંદર્ભમાં પછીના વાક્ય કે વાક્યોમાં તે જ નામનો ફરી નિર્દેશ થયો હોય ત્યારે 'the' 'આર્ટિકલ' વપરાય. જેમ કે (There was a lion.' 'There-ત્યાં, was-વૉઝ-હતો, a lion-અ લાયન-કોઈ એક સિંહ.' જોકે અહીં thereનો શબ્દાર્થ 'ત્યાં' કરવાનો નથી. વાક્યારંભે આવતો.આ thereનો પ્રયોગ અંગ્રેજી ભાષાનો વિલક્ષણ પ્રયોગ છે, જેના વિશે આપણે આગળ ઉપર વાત કરવાના છીએ.) પણ પછીના વાક્યમાં આગળના વાક્યમાં વપરાયેલ 'a lion'ના સંદર્ભમાં તે જ સિંહ વિશે વાત કરીએ ત્યારે 'The lion was hungry.' (hungry--હન્ગ્રિ-ભૂખ્યો') એમ કહેવું પડે.

(૨) સમસ્ત જાતિ દર્શાવવા માટે - જેમ કે 'The peacock is our national bird.' (મોર આપણું રાષ્ટ્રિય પંખી છે.)

(૩) પર્વત, મહાસાગર, નદી, ધોધ, નેહર, બંધ, ધર્મગ્રન્થ, કુદરતનાં તત્ત્વો (જેવાં કે - પૃથ્વી, આકાશ, સૂર્ય, ચંદ્ર), જહાજ, પ્રજા, કુળ, દિશા, વર્તમાનપત્ર, પુસ્તક, ટાપુ, ખિતાબ અને સંસ્થાના નામની આગળ 'The' આર્ટિકલ વાપરવો જ. જેમ કે 'The Himalayas', 'The Pacific ocean', 'The Sabarmati', 'The Niagara fall', 'The Panama canal', 'Th Aswan Dam', 'The Ramayan', 'The earth', 'The sky', 'The Sun', 'The Moon', 'The Antelope'

(એન્ટેલોપ-જહાજ), 'The French' (ફ્રેન્ચ-પ્રજા), 'The Kauravas-કૌરવકુળ', 'The east', 'The Times of India', 'The golden treasury-ગોલ્ડન ટ્રેઝરિ-પુસ્તકનું નામ', 'The East Indies-ઈસ્ટ ઇન્ડીઝ-ટાપુઓ', 'The K.C.S.I.-ખિતાબ', 'The Gujarat University', 'The Medical Association'.

જાતિવાચક નામની આગળ વિશેષણનું શ્રેષ્ઠતા-દર્શક રૂપ The Superlative degree સુપરલેટિવ ડિગ્રી - (જે વિષે આગળ ઉપર વિગતવાર શીખવાના છીએ) વપરાયું હોય તો 'the' આર્ટિકલ વાપરવો. જેમ કે 'He is **the best** boy of the class' (good-સારો, better-બેટર-વધારે સારો, the best-ધ બેસ્ટ-સૌથી સારો) 'તે વર્ગનો સૌથી સારો વિદ્યાર્થી છે.' ઉપર દર્શાવેલ જાતિવાચક નામોની આગળ 'the' આર્ટિકલ વાપરવો જ જોઈએ. તેમ ન કરવાથી એક અર્થને બદલે ભળતો જ અર્થ થવાનો સંભવ છે. જેમ કે - The earth-'ધી અર્થ' એટલે 'પૃથ્વી' પણ 'Earth(અર્થ)માટી.' 'આર્ટિકલ'નો પ્રયોગ પૂરી ચોક્કસાઈથી કરવો. તેમ નહિ કરવાથી અર્થઘટન વિવાદસ્પદ બને છે. કેટલીક વાર જર, જમીન અને જોરૂ બાબતની મોટી રકમની લેવડદેવડનાં કાયદાકીય કરારનામાંઓમાં 'આર્ટિકલ'ની નાની સરખી ભૂલ બાબત અદાલતમાં વકીલો સામસામે ભારે દલીલબાજીમાં ઊતરે છે. અર્થઘટન વિવાદસ્પદ બની રહે છે. ત્યારે પ્રમાણભૂત વ્યાકરણશાસ્ત્રના ગ્રંથનો આધાર લેવામાં આવે છે અને કોઈ કોઈ વાર તો નિષ્ણાત વ્યાકરણશાસ્ત્રીને રૂબરૂ અદાલતમાં અભિપ્રાય-અર્થે બોલાવવામાં આવે છે અને તેના અર્થઘટન પર વાદી-પ્રતિવાદીની હાર-જીત અવલંબે છે. પરિણામે એક પક્ષને લાખ્ખો રૂપિયાનું નુકસાન તો બીજાને લાખ્ખો રૂપિયાનો લાભ. આવો છે 'આર્ટિકલ' મહારાજનો પ્રભાવ! 'આર્ટિકલ' ક્યાં ક્યાં ન વાપરવો :

(૧) સંજ્ઞાવાચક નામ - જેવાં કે Arun, Kala, John.

(૨) દેશ, શહેર કે ગામ - જેવાં કે America, Delhi, Vilaspur.

(૩) નાનાં પર્વત કે ટેકરી - Pavagadh-પાવાગઢ

(૪) પ્રવાહી અને વાયુ - Water, Tea, Honey-મધ, Oxygen-ઑક્સિજન-પ્રાણવાયુ

(૫) ભાવવાચક નામની આગળ 'આર્ટિકલ' આવે નહિ; જેમ કે 'Love-લવ-પ્રેમ', 'Mercy-મર્સિ-દયા.'

(૬) અનાજ, ધાતુ, લાકડું - 'Wheat-વ્હીટ-ઘઉં', 'Rice-રાઈસ-ચોખા', 'Iron-આયર્ન-લોઢું', 'Gold-ગોલ્ડ-સોનું', 'Wood-વુડ-લાકડું'

(૭) 'People-પીપલ-લોકો'

(૮) જાતિવાચક નામ બહુવચનમાં વપરાયું હોય તો પણ નિશ્ચિત ન હોય તો 'the' વાપરવો નહિ; જેમ કે Books are our best friends. (પુસ્તકો આપણા શ્રેષ્ઠ મિત્રો છે.)

આમ, કેટલાંક જાતિવાચક નામની આગળ કોઈ આર્ટિકલ વપરાતો નથી તેમ છતાં, કોઈ વિશિષ્ટ અર્થમાં તે શબ્દનો અર્થ ઘટતો હોય ત્યારે 'the' આર્ટિકલ વાપરવામાં આવે છે - જેમ કે જુદી જુદી નદીઓનાં પાણી એવો ભાવ હોય ત્યારે 'The waters of all the rivers of India'

રાષ્ટ્રના અર્થમાં 'People' શબ્દ વપરાયો હોય ત્યારે 'the people' લખવું.

સંજ્ઞાવાચક નામ, જાતિવાચક તરીકે વપરાયું હોય ત્યારે - જેમ કે Kalidas is **the** Shakespeare of India. Mahuva is **the** Kashmir of Saurashtra. Dayaram is **the** Byron of Gujarat.

આ લેખમાળાના પ્રથમ પાઠમાં જ કહેવામાં આવ્યું હતું તેમ જે તે ભાષા શીખવા માટે જે તે ભાષાનું વિપુલ શબ્દભંડોળ એ પ્રાથમિક જરૂરિયાત છે. અંગ્રેજી વ્યાકરણના નિયમોની આ સામગ્રી તમારી પાસે બહોળા પ્રમાણમાં અંગ્રેજી શબ્દભંડોળ નહિ હોય તો નાકામયાબ નીવડશે. તો હવે શબ્દભંડોળ વધારવા માટે શું કરવું તે અંગેના થોડાંક સૂચનો :

(૧) ગુજરાતીમાંથી અંગ્રેજી અને અંગ્રેજીમાંથી ગુજરાતી એવા બે સારા શબ્દકોશ વસાવો - હાથવગા રાખો - જોતાં શીખો અને તેનો વારંવાર ઉપયોગ કરો.

(૨) એક પાકી જાડી નોંધપોથીમાં કક્કાવારી પ્રમાણે તમારો પોતાનો શબ્દકોશ તૈયાર કરો.

(૩) આ લેખમાળામાં આવતા પ્રત્યેક શબ્દની અંગ્રેજી જોડણી, ઉચ્ચાર અને ગુજરાતી પર્યાય આપવામાં આવે છે તે તમારા શબ્દકોશમાં નોંધી લો. તેને બરાબર યાદ રાખો.

(૪) એકાદ ગુજરાતી દૈનિક વર્તમાનપત્ર રોજ વાંચતા હશો જ. એક અંગ્રેજી દૈનિક વર્તમાનપત્ર વાંચો. ગુજરાતી વર્તમાનપત્રનાં અને અંગ્રેજી વર્તમાનપત્રનાં મથાળાં સરખાવો, તેનો અભ્યાસ કરો. ગુજરાતી વિગતને અંગ્રેજીમાં કેમ રજૂ કરી છે તે સમજો. દા.ત. 'નર્મદામાં ઘોડાપૂર' - 'The Narmada is in spate.' (ધ નર્મદા ઇઝ ઇન સ્પેટ)

શક્ય હોય તો અન્ય સમાચારની ગુજરાતી-અંગ્રેજી વિગતોની રજૂઆત સમજો. તેમાંથી પણ નવું નવું તમારા શબ્દકોશમાં નોંધતા રહો.

(૫) અંતાક્ષરી તમારી માનીતી રમત છે, ખરું ને? નવરાશની પળોમાં એકલા અથવા સમાન અભિરુચિવાળા મિત્રો સાથે અંગ્રેજી શબ્દોના અંતાક્ષરની રમત રમો. ગમ્મત સાથે જ્ઞાન મળશે. કોઈ પરિચિત શબ્દથી શરૂઆત કરો. જેમ કે 'A book',

(અનુસંધાન પૃ. ૫૭૪ પર)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

૧૫મી ઑગસ્ટ, નેલ્સન મંડેલા અને બિઝનેસ મૅનેજમેન્ટ

તા. ૧૬-૮-૮૫ : ગઈકાલે ૧૫મી ઑગસ્ટે આમ જુઓ તો આખા રાષ્ટ્રે અમારી સ્મિતાને યાદ કરી. રાજીવ ગાંધીએ લાલ કિલ્લા પરના તેના ભાષણમાં કહ્યું, 'જબ ભારત આઝાદ હુવા તબ મૈં તો દો સાલકા બચ્ચા થા.' એટલે લોકોનું ધ્યાન ગયું કે અત્યારની નવી પેઢી આઝાદ ભારતમાં જ ઊછરેલી છે. પછી તો શું રેડીઓ અને શું ટી.વી. ૩૮ વર્ષના ભાઈઓ અને ૩૮ વર્ષની બહેનો ('૧૯૪૭માં જન્મેલી બહેનો તો આજે સંપૂર્ણ સ્ત્રી બની ગઈ છે.' એમ ટી.વી. ચર્ચામાં સાંભળ્યું)ની જ વાત ચાલી છે. આમ, અમારા ઘરમાં સ્મિતા ભારતની આઝાદીમાં સંપૂર્ણપણે ઊછરેલી મોટામાં મોટી ઉંમરની વ્યક્તિ છે!

હવે મારી ઉંમરની એક વ્યક્તિની વાત. દક્ષિણ આફ્રિકાના કાળા લોકોના નેતા નેલ્સન મન્ડેલા ૧૯૧૮માં જન્મ્યા છે. એટલે મારી ઉંમરના છે. પણ ૧૯૬૪થી એટલે છેલ્લાં ૨૧ વર્ષથી તે જેલમાં છે. દક્ષિણ આફ્રિકાની ગોરી સરકારે દેશદ્રોહ (ના, દેશદ્રોહ નહીં પણ રાજદ્રોહ)ના આરોપસર તેને આજન્મ કારાવાસની સજા કરી છે. આ મન્ડેલા ૧૯૪૨માં વકીલ થયા અને ગાંધીજીએ સ્થાપેલી આફ્રિકન નૅશનલ કૉન્ગ્રેસમાં જોડાયા. ૧૯૫૪ સુધી ગાંધી રાહે સત્યાગ્રહ, પિકેટિંગ, હડતાળ - એવી રીતે લડત ચલાવી. પણ ૧૯૫૪માં શાન્ત સત્યાગ્રહવાદીઓ ઉપર ગોરી સરકારે ગોળીબાર કરી સેંકડો લોકોને મારી નાખ્યા એટલે મન્ડેલાની અહિંસા ઉપરની શ્રદ્ધા ચળી ગઈ. તે ભૂગર્ભમાં ચાલ્યા ગયા અને રીતસરની ગેરીલા લડાઈની સ્વયંસેવકોને તાલીમ આપવાનું શરૂ કર્યું. ત્યારથી દક્ષિણ આફ્રિકાના મુઠ્ઠીભર ગોરા સામે કરોડો કાળા લોકોએ રીતસરનો સંગ્રામ માંડ્યો છે. ૧૯૬૪માં તો મેન્ડેલા પકડાઈ ગયા અને ત્યારથી જેલમાં છે, પણ ત્યાં કાળાઓનો આઝાદીજંગ ચાલતો જ રહ્યો છે.

અને છેલ્લે બિઝનેસની વાત. હમણાં હમણાં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમની બોલબાલા છે. ઠેરઠેર (યુનિવર્સિટી-યુનિવર્સિટીએ) બિઝનેસ મૅનેજમેન્ટની સંસ્થા ખૂલે છે. આ અભ્યાસક્રમની આબરૂ ઘણી છે તેથી આવી સંસ્થામાં દાખલ થવા માટેની પરીક્ષામાં તીવ્ર હરીફાઈ રહે છે. આવી એક સંસ્થાના પ્રોફેસરે સરસ નુસખો લગાવ્યો. દાખલ થવા માટેની પરીક્ષાના સવાલો તો ટૂંકજવાબી (હા, કે ના, સાચું-ખોટું એવા) હોય છે અને પેપરની ચકાસણી કમ્પ્યૂટર ઉપર થાય છે. આ પ્રોફેસરે શું કર્યું? પાંચ સવાલોના ખરા જવાબને બદલે ખોટા જવાબો કમ્પ્યૂટર વિભાગને મોકલ્યા અને પોતાની ઓળખાણવાળા દસ વિદ્યાર્થીઓને આ સવાલોના ખોટા જવો જ પેપરમાં લખવાની સલાહ આપી. કમ્પ્યૂટરે આ દસ વિદ્યાર્થીના ખોટા જવાબ ખરા ગણ્યા અને દરેકને પાંચ પાંચ માર્ક આપ્યા અને બાકીના વિદ્યાર્થીઓએ સાચા જવાબ આપ્યા તેને કમ્પ્યૂટરે ખોટા ગણી દરેકના સવાલદીઠ ચાર ચાર માર્ક એટલે કુલ ૨૦ માર્ક કાપ્યા! આમ, આ પ્રોફેસરના સગલાઓને બીજા કરતાં ૨૫ માર્કની સરસાઈ મળી ગઈ! છેને પાકો બિઝનેસમૅન!

હમ દો હમારે દો

તા. ૧૯-૮-૮૬ : ટાઈમ્સ ઑફ ઇન્ડિયામાં અઠવાડિયામાં એક દિવસ 'દિલ્હી ડાયરી' નામે એક કૉલમ આવે છે. તેમાં આજે એક સૂચક ટુચકો છે. દિલ્હીની એક રિક્ષા ઉપર લખ્યું હતું, 'હમ દો હમારે દો તો ફિર રિક્ષામેં તીન ક્યોં?' (રિક્ષામાં હવે ત્રણ ઉતારૂને બેસવાની છૂટ છે.) આ સ્લોગનનો તમારે જે અર્થ કરવો હોય તે કરો - રિક્ષામાં ત્રણને બદલે ચારને બેસવા દો એમ કરો કે પછી હમારે ને બદલે હમારા એક કરી નાખો!!

ખરી વાત છે. 'તેત્રીસ કરોડ મુખથી બોલે અમારો દેશ' એવું એક ગીત અમે મીઠાના સત્યાગ્રહના દિવસોમાં ગાતા હતા. ૧૯૩૦થી ૧૯૮૧ સુધીનાં પચાસ વર્ષોમાં બંગલાદેશ અને પાકિસ્તાન 'અમારો દેશ'માંથી નીકળી ગયાં તો પણ આજે 'સિત્તેર કરોડ મુખથી માગે રોટી આપ' એવી હાલત છે અને એ માટે સરકારી પ્રયત્નો કુટુમ્બ-નિયોજનનાં ભૌતિક સાધનોના પ્રચાર ઉપર મુખ્ય ભાર મૂકે છે. પણ આ તો દર્દનાં ઉપરનાં ચિહ્નો (સિમ્પ્ટમ્સ્-Symptoms)ના ઉપચાર કરવા જેવું છે. ખેત-મજૂરી કરીને પેટ-ગુજારો કરતી દેશની ચાળીસ ટકા એટલે કે અઠ્ઠાવીસ કરોડની વસ્તી માટે બાળક તો મૂડી (asset) છે. સાત કે દસ વર્ષનું બાળકો થાય એટલે કમાવા લાગે અને ત્યારે માંડ પેટ ભરીને ખાવા પામે. આ કુટુમ્બને 'હમ દો, હમારે દો' આર્થિક રીતે પોષાય નહીં. આ રોગનાં મૂળનો ઉપાય ન કરીએ અને ફક્ત દવાખાનાં અને પ્રસૂતિગૃહો મારફત પ્રચાર કરીએ તેમાં શું વળે ?

દર વર્ષે કુટુમ્બ-નિયોજનનાં ઑપરેશન કરવાના લક્ષ્યાંક નક્કી થાય છે અને લગભગ દર વર્ષે ગુજરાત લક્ષ્યાંકો હાસલ કરવામાં દેશભરમાં મોખરે હોય છે અને છતાં ગુજરાતનો જન્મદર અખિલ ભારતના સરેરાશ દર કરતાં વધારે જ રહ્યો છે

કુટુમ્બ-નિયોજનના અમમલાં કેવાં થીગડાં મરાય છે તેની આથી વધુ શી સાબિતી હોઈ શકે ?

આ લક્ષ્યાંકો કેમ નક્કી થાય છે તે જાણવા જેવું છે. દરેક ગામમાં એક ગ્રામસેવક હોય છે. તે ગામનાં 'લાયક જોડાં' (eligible couples)ની યાદી તૈયાર કરે છે. ૧૭થી ૪૨ વર્ષ વચ્ચેની ઉંમરનું પરિણિત યુગલ 'લાયક' (eligible) ગણાય છે. આ યાદીમાંનાં બધાં યુગલોને પાંચ વર્ષમાં આવરી લેવાય તેવી રીતે લક્ષ્યાંક નક્કી થયા છે. હવે લક્ષ્યાંકને પહોંચી ન વળાય તો ગ્રામસેવકની નોકરીને આંચ આવે; એટલે ડાહ્યો ગ્રામસેવક ગામમાં હજાર યુગલ હોય તો યાદી સાતસોની જ બનાવે. પરિણામે લક્ષ્યાંક ૧૫૦ જ આવે, જે સહેલાઈથી પહોંચી વળાય. આમ, એક તરફ લક્ષ્યાંક સિદ્ધ થાય, બીજી તરફ ૩૦૦ યુગલ 'હમ દો હમારે અનેક'માં ચાલુ રહે !!

અમારા મેતામાસ્તર

તા. ૨૭-૮-૮૬ : ૫મી સપ્ટેમ્બરે ડૉ. રાધાકૃષ્ણન્‌નો જન્મ દિવસ છે. તે દિવસ દેશમાં શિક્ષક-દિન તરીકે ઉજવાય છે. આ શિક્ષક-દિન નિમિત્તે અમદાવાદ રેડીઓએ મને ૧૦ મિનિટનો વાર્તાલાપ આપવાનું આમંત્રણ આપ્યું છે. એ વાર્તાલાપની તૈયારી કરતાં મારો ચોથા ધોરણના વર્ગનો અનુભવ યાદ આવ્યો.

મારું ચોથું ધોરણ એટલે ૧૯૨૮ની સાલ. મારા વર્ગ-શિક્ષક મેતામાસ્તર. તેમની ભણાવવાની આગવ રીત હતી. પ્રશ્નોત્તરીની રીત. વર્ગમાં બધા છોકરા ગુણવત્તાના ક્રમમાં બેસે. પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ છેલ્લા વિદ્યાર્થી Z થી શરૂ થાય. Z પોતાની આગળના કોઈ પણ વિદ્યાર્થી Pને ઊભો કરે અને તેને એક સવાલ પૂછે. P સાચો જવાબ આપે તો Zનો વારો પૂરો થાય અને Yનો વારો આવે. પણ જો P સાચો જવાબ ન આપી શકે. તો પછી P Zને વળતો સવાલ પૂછે અને જો Z તેનો સાચો જવાબ આપે તો P Zની જગ્યાએ આવે અને P Zની જગ્યાએ જાય. આમ, બધાનો વારો આવી જાય ત્યાં સુધી કાર્યક્રમ ચાલે.

હું તો વર્ગનો સરેરાશ વિદ્યાર્થી હતો. મારો નંબર ૧૭મો, ૧૮મો રહેતો. એક વિદસ પ્રશ્નોત્તરીમાં હું ૭મે નંબરે હતો અને મારો સવાલ પૂછવાનો વારો આવ્યો. મેં તો ઊભા થઈ પહેલે નંબરે બેઠેલા ટીણિયાને ઊભો કર્યો અને સવાલ પૂછ્યો - સિદ્ધરાજે કયું તળાવ બંધાવ્યું? ટીણિયાએ મુનસર અને મલાવ તળાવનાં નામ આપ્યાં. પણ આ તળાવ તો મીનળદેવીએ બંધાવ્યાં હતાં. મેં સાચો જવાબ કહ્યો - સહસ્રલિંગ. પછી ટીણિયાએ મને વળતો સવાલ પૂછ્યો જે મને આવડી ગયો. આમ, હું પહેલે નંબરે આવી ગયો અને ટીણિયો સત્તરમે નંબરે.

હાઉં, પછી ૧૬, ૧૫, ૧૪ વગેરે નંબરના બધાને થયું કે પહેલો નંબર મેળવવાનો આ સરસ ચાન્સ છે એટલે પછી તો બધાયે પહેલે નંબરે બેઠેલા પ્રલ્લાદિયાને જ સવાલો પૂછ્યા અને ઓલા પ્રલ્લાદિયાને બધાના સવાલોના જવાબ આવડી ગયા! આમ, જિન્દગીમાં પહેલી વાર હું પહેલે નંબરે આવ્યો અને ત્યારથી મારી આખી વિદ્યાર્થી-કારકિર્દી બદલાઈ ગઈ!!

આજકાલ ઇંગ્લંડ, અમેરિકા જઈ શિક્ષણની ડિગ્રી લઈ આવેલા, પરીક્ષાપદ્ધતિમાં ફેરફાર કરવા માટે ઑબ્જેક્ટિવ ટાઈ ક્વેશ્ચન્સ, ક્વેશ્ચન બૅન્ક જેવી પુસ્તકમાં વાંચેલી યોજનાઓ બનાવે છે ત્યારે ઠેઠ ૧૯૨૮માં ભાવનગરની પીરછલ્લાની નિશાળના અમારા મેતામાસ્તરે શિક્ષણ-પરીક્ષણની આગવી પદ્ધતિ વિકસાવી, જેમાં ટૂંક-જવાબી પ્રશ્નો આપોઆપ તૈયાર થાય, પ્રશ્ન-બૅન્ક પણ એક વર્ષમાં તૈયાર થઈ જાય અને આ બધું વિદ્યાર્થીઓ જ કરે! અને તેમની પદ્ધતિ કેટલી સફળ હતી તેની સાબિતી તો હું પોતે!! □

આચમન

અંગુલીનિર્દેશ

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવા તેમના એક શિષ્ય સાથે વહેલી સવારના દૂર દૂર પહાડોની વનરાજિ વચ્ચે ફરવા જઈ રહ્યા હતા. ગુરુ મૌન પગલે આગળ... આગળ... શિષ્ય ચોતરફ નજર ઘુમાવતો પાછળ... પાછળ...

પહાડોની ગોદમાં એકાદ જગ્યાએ સુંદર દૃશ્ય જોતાં જ બજુવા મંત્રમુગ્ધ બનીને અચાનક ઊભા રહી ગયા - ધ્યાનમગ્ન મુદ્રામાં.

શિષ્ય પણ ગુરુની પાછળ ઊભો રહી ગયો, ને એ અદ્‌ભુત દૃશ્ય તરફ અંગુલીનિર્દેશ કરતાં આવેશમાં બોલી ઊઠ્યો : 'ઓહ ગુરુદેવ! સામે જુઓ... કેટલું મોહક દૃશ્ય છે સામે...!

ને બજુવા મોં ફેરવી આશ્રમ તરફ પાછા વળવા આગળ વધ્યા. આથી શિષ્યને આશ્ચર્ય થયું. તેણે ગુરુને પૂછ્યું, 'કેમ ગુરુદેવ! પાછા વળી જવું છે? પેલું દૃશ્ય તો જરા જુઓ...'

ગુરુ બોલ્યા : ના, હવે અહીં કંઈ જ જોવા જેવું નથી...'

'કેમ જોવા જેવું નથી?'

'જે જોવા જેવું હતું એ તો તેં આંગળી ચીંધીને અદશ્ય જ કરી દીધું!'

'પણ મને તો હજુ પણ એ દૃશ્ય દેખાય છે...' શિષ્યે કહ્યું.

ને ગુરુ ઉવાચ : 'એ દૃશ્ય પહેલાં પણ તને દેખાતું નહોતું, તો હવે કઈ રીતે દેખાતું હશે?' □

પ્રસંગ પરાગ

ઊર્મિ પરીખ

સી.એન. - પોતાનું ઘર

મારા પિતાશ્રી રસિકભાઈ પોતાનો અભ્યાસ પૂરી કરીને ૨૪ વર્ષની ઉંમરે ૧૯૩૪માં સી. એન. વિદ્યાવિહાર સંસ્થામાં ચિત્રશિક્ષક તરીકે જોડાયા. પછી ગુજરાત-મહારાષ્ટ્ર અલગ થતાં અહીં જ શરૂ થયેલ હાયર આર્ટ એજ્યુકેશનના વડા તરીકેની અને ૧૯૬૧-૬૨થી સી. એન. કલામહાવિદ્યાલયની સ્થાપના થતા તેના પ્રિન્સિપાલપદની જવાબદારી સંભાળી. સંસ્થાકીય નિયમ અનુસાર ૧૯૭૪માં ૬૪ વર્ષની ઉંમરે તેઓ નિવૃત્ત થયા અને સંસ્થાનું મકાન ખાલી કરી શ્રીનિવાસ સોસાયટીના પોતાના મકાનમાં રહેવા ગયા.

પરંતુ જીવનનાં ૪૦ વર્ષ સુધી સી. એન. સંસ્થા સાથે ઓતપ્રોત થઈ ગયેલું રસિકભાઈનું અંતર હજી નિવૃત્ત નહોતું થયું. સંસ્થા જ રસિકભાઈનું કુટુંબ હતું અને સંસ્થા જ તેમનું ઘર. તેથી પોતાના ઘરને તેઓ પોતાનું નહોતા માની શકતા. અમારે ઘેર કોઈ મહેમાન આવે તો પણ પપ્પા અમને કહેતા કે, આ મારું ઘર નથી, મારું ઘર તો સી.એન.માં છે. ક્યારેક અમને થતું કે તેમને પાર્કિનસન રોગની અસર શરૂ થઈ છે. તેથી આમ હશે... પણ એવું નહોતું તેની એક બનાવથી ખાતરી થઈ.

એક સાંજનો સમય હતો. ઘરના ઓટલે ઝૂલતા હીંચકા પર પપ્પા અને મમ્મી બેઠાં હતાં. બાજુની બેઠક પર હું બેઠી હતી. ચા પીતાં પીતાં અમે વાતો કરતાં હતાં. ઘર અંગેની આવી કંઈક વાત નીકળતાં હું બોલી; 'પપ્પા આપણું આ ઘર તમે તમારી મહેનતની કમાણીમાંથી બનાવેલું છે. માણસે પોતાના પૈસે બાંધેલું ઘર જો પોતાનું ના કહેવાય તો પોતાનું ઘર કોને કહેવાય?' તેઓ શાંત ગંભીરતાથી બોલ્યા : 'પોતાના પૈસે બાંધ્યું હોવાથી પોતાનું ઘર નથી બનતું હોતું; પણ માણસ જેને પોતાનું ગણીને રહ્યો હોય તે પોતાનું ઘર કહેવાય છે.' હું સ્તબ્ધ થઈ ગઈ! આ રસિકલાલ પરીખ છે — એક એવું વ્યક્તિત્વ જે સંપૂર્ણપણે તેની સંસ્થાને સમર્પિત છે, અને સંસ્થામય છે.

રસિકભાઈ સંસ્થાનું બધી જ રીતે હિત ઇચ્છતા. તેથી સંસ્થાનો નાનો પણ ખોટો ખર્ચ તેમને પસંદ ના પડતો. તેવો એક પ્રસંગ મારી સાથે બની ગયો હતો :

તે સમય કૉલેજનો સુવર્ણયુગ ગણાતો. ત્યારે વિદ્યાર્થીઓને કામ કરવા માટે કૉલેજ ૨૪ કલાક ખુલ્લી રહેતી. પપ્પા પ્રિન્સિપાલ હતા અને અમે સી.એન.ના ક્વૉર્ટર્સમાં રહેતાં હતાં. કૉલેજના ક્લાસરૂમની ચાવીઓનો ઝૂડો અમારે ઘેર રહેતો. કૉલેજ સમય સિવાય પણ કોઈ પણ વિદ્યાર્થીને કામ કરવું હોય તો તે અમારે ઘેરેથી ચાવી લઈ જતો અને કામ પૂરું થયે ચાવી પાછી મૂકી જતો.

હું ત્યારે ડિપ્લોમા પેઈન્ટિંગમાં ભણતી હતી. તે દિવસે કૉલેજમાં ઑફિસ પાસેના મોટા હૉલમાં મોડી સાંજ સુધી કામ કરી અમે થોડાં વિદ્યાર્થીઓ કૉલેજ બંધ કરી છૂટાં પડ્યાં. કૉલેજની ચાવીનો ઝૂડો લઈ હું ઘરે ગઈ. સૂતા પહેલાં પપ્પાને એકાએક યાદ આવ્યું ને મને ડ્રૉઈંગરૂમમાં બોલાવી. 'ઊર્મિ, અહીં આવતો...' હું તેમની પાસે ગઈ. કૉલેજ છેલ્લે કોણે બંધ કરી?' મેં કહ્યું, 'અમે બધાએ...' એ કહે, 'ક્લાસમાં લાઈટ-પંખા બંધ કર્યા હતાને?' હું ગભરાઈ. પણ સાચું જ બોલવાનું હતું. મેં કહ્યું, 'ના. એક ખૂણા પર આજે જ પૂરાં કરેલાં કેનવાસ પરનાં બે ઑઈલ પેઈન્ટિંગ્સ્ છે. તે કાલે દિલ્હીની 'ફ્રીડમ' વિષય પરની ચિત્રહરિફાઈમાં મોકલવાના છે - ટરપેન્ટાઈન તો વધું વાપર્યું છે પણ છતાં જલ્દી સુકાઈ જાય એટલે તેની ઉપરનો પંખો ચાલુ રાખ્યો છે. બીજું બધું બરાબર બંધ કર્યું છે.'

'સારું...' કશું બોલ્યા વગર તેમણે પંખો બંધ કરવા કૉલેજ જવા તૈયારી કરવા માંડી. અમારું ઘર અને કૉલેજ સી.એન.ના વિશાળ કમ્પાઉન્ડના સામસામા છેડા પર. એમ તો ખાસ્સું દૂર કહેવાય. વળી, અંધારું અને શિયાળાની રાતની થોડી ઠંડક પણ ખરી. છતાં 'હું જઈ આવું' કહી પપ્પા શર્ટ પહેરવા ગયા. મને મનમાં ગુન્હાહિત ભાવ લાગે. થાય કે, મારી ભૂલને કારણે પપ્પાને આમ અત્યારે જવાની તકલીફ લેવી પડે છે. ધીમેથી હું બોલી, 'હું જઈ આવું?' 'ના.' હું હમણાં આવું છું. કહી તેઓ ચંપલ પહેરી ચાવીનો ઝૂડો લઈ ચાલતા જ કૉલેજ જવા નીકળી પડ્યા.

કૉલેજનો બગાડ તે પોતાનો બગાડ છે, પોતાના ઘરનો બગાડ ના થવો જોઈએ તેવી તેમની તકેદારી ને ભાવના રહેતી. ☐

લઘુકથા

ઠામઠેકાણું

સૌમિત્ર ત્રિવેદી

ત્યાં,... હા,... એ ત્યાં જ રહે - બિલકુલ પાસે, ફૂટપાથ પર.

કૉલેજ જતાં-આવતાં ત્યાંથી પસાર થાઉં છું. સવારે એ ટૂંટિયું વાળીને સૂતો હોય છે અને બપોરે બાર વાગે પણ એ એમ જ એના જેવા જ બે-ચાર સાથે ઘોરતો દેખાય છે. ત્યાર પછી ખબર નહીં શું કરતા હશે એ નફ્ફરાઓ! કદાચ... કદાચ ભીખ જ માગતા હશે, બીજું શું!

હા... એ ત્યાં જ રહે છે - બરાબર બ્રિજના નાકે... હોટેલ પતંગ અને સિલ્ક મ્યૂઝીઅમની બિલકુલ પાસે... અડધો ભૂખ્યો... અડધો નાગો. ☐

કંકાવટી

સ્વ. અરુણા અસફઅલી : ભારતરત્ન



ભારતની સ્વાતંત્ર્ય-લડતનાં સત્યાગ્રહી અને '૪૨ની 'ભારત છોડો' ચળવળનાં પ્રખર હિમાયતી ક્રાંતિકન્યા સ્વ. અરુણા અસફઅલીનો જન્મ પંજાબમાં આવેલા કાલકા નામે ગામમાં બંગાળી બ્રહ્મોસમાજી કુટુંબમાં ૧૬ જુલાઈ ૧૯૦૯ના રોજ થયો હતો. કિશોરવયથી જ તેઓ રાષ્ટ્રિય આંદોલનના જાણીતા નેતા અસફઅલીના સંપર્કમાં આવેલાં અને માત્ર ૧૮ વર્ષની ઉંમરે કૉલેજ છોડીને આઝાદીની લડતમાં ઝંપલાવ્યું. આમ, તેઓ અસફઅલીના નિકટ પરિચયમાં આવ્યાં અને પોતે બ્રાહ્મણ પરિવારમાં જન્મેલાં હોવા છતાં, પરધર્મી અને તેમનાંથી ૨૦ વર્ષે ઉંમરમાં મોટા કોન્ગ્રેસી નેતા અસફઅલી સાથે ઈ.સ. ૧૯૨૯માં લગ્નગ્રંથિથી જોડાયાં.

વીસ વર્ષની ઉંમરે, મહાત્મા ગાંધીજીના નેતૃત્વવાળી સ્વાતંત્ર્ય-લડતથી તેઓ પ્રભાવિત થયાં હતાં. ઈ.સ. ૧૯૩૦માં ૨૧ની વયે તેમની રાજદ્રોહ માટે ધરપકડ થઈ અને તેમને એક વર્ષની જેલની સજા થઈ. ૧૯૩૨માં સત્યાગ્રહની લડતમાં ભાગ લેવા માટે તેમની ફરી ધરપકડ થઈ અને છ માસની સખત સજા થઈ. ૧૯૪૧માં મહાત્મા ગાંધીએ શરૂ કરેલા વ્યક્તિગત સવિનય કાનૂનભંગમાં સક્રિય ભાગ લેવા માટે તેમની ધરપકડ થઈ અને ફરી એક વર્ષ માટે તેમને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયાં. આમ, અવારનવારના કારાવાસોએ એમને લોખંડી બનાવી દીધાં.

ક્રાંતિકારી આંદોલનમાં અરુણા અસફઅલીનું નામ નોંધપાત્ર છે. વિશેષરૂપે ઈ.સ. ૧૯૪૨ની નવમી ઑગસ્ટે મહાત્મા ગાંધીની 'ભારત છોડો'ની ચળવળની શરૂઆત માટેનો ત્રિરંગો ધ્વજ, મુંબઈમાં ગોવાલિયા ટૅન્ક મેદાન પર અરુણા અસફઅલીના હાથે જ લહેરાવાયો અને આ ક્રાન્તિકન્યાએ અંગ્રેજ હકૂતમને હચમચાવી દીધી. ધ્વજ લહેરાવીને એ અંગ્રેજોના હાથે પકડાઈ જવાના બદલે, ભૂગર્ભમાં જઈને અંગ્રેજો વિરુદ્ધ જલદ પ્રવૃત્તિઓ ચલાવવાનું એમણે નક્કી કર્યું. આ પ્રસંગથી અરુણા ક્રાન્તિજગતમાં છવાઈ ગઈ. ગાંધીજીના 'કરો યા મરો'ના આદેશ પર તેઓ સંપૂર્ણપણે રાષ્ટ્રિય જીવનમાં કૂદી પડ્યાં.

ડૉ. રામમનોહર લોહિયાની સાથે મળીને એમણે 'ઇન્કલાબ' નામના એક પત્રનું પ્રકાશન પણ શરૂ કરેલું. વર્ષો સુધી તેઓ અંગ્રેજ પોલીસ અને સેનાને હાથતાળી આપતાં રહ્યાં. ભૂગર્ભ જીવનથી તેમની શારીરિક અને માનસિક તબિયત લથડી તો પણ એમણે સક્રિય લડત ચાલુ જ રાખી અને શરણાગતિ સ્વીકારી નહીં. છેક ૨૬ જાન્યુઆરી ૧૯૪૬માં તેમની સામેનાં સમગ્ર વૉરન્ટો સરકારે રદ કરેલાં જાહેર થયાં ત્યારે જ તેઓ ગુપ્તવાસમાંથી બહાર આવ્યાં!

દેશ આઝાદ થયો. ઈ.સ. ૧૯૪૭માં તેઓ દિલ્હી કોન્ગ્રેસ સમિતિનાં અધ્યક્ષ બન્યાં. ૧૯૪૮માં મૅક્સિકોમાં યુનેસ્કોના અધિવેશનમાં ભારતીય પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે તેઓ વિદેશ ગયાં. એ જ વર્ષે તેઓ સમાજવાદી પક્ષમાં જોડાયાં. ૧૯૫૦માં, સોવિયેત સંઘમાં સમાજવાદનું નિર્માણ કેવી રીતે થઈ રહ્યું છે અને ભારત માટે તે અનુભવ કેવી રીતે ઉપકારક નીવડે તે જાતે જોવા તે દેશની મુલાકાતે પણ જઈ આવ્યાં, અને ઇન્ડો-સોવિયેત કલ્ચરલ સોસાયટી - 'ઇસ્કસ'ની સ્થાપના કરી.

૧૯૫૮માં તેઓ દિલ્હી મહાનગરપાલિકાના સર્વપ્રથમ મહિલા મેયર બન્યાં, અને ૧૯૫૯માં ફરીથી ચૂંટાયા. જોકે અમલદારશાહી અને કાવદાવાથી નિરાશ થઈને એમણે એ પદ છોડ્યું. આમ, અરુણા અસફઅલી સત્તાના રાજકારણ માટે સર્જાયાં નહોતાં. તેમણે કેટલાક મહાનુભાવો સાથે મળીને ભારતમાંનાં બધાં પ્રગતિશીલ તથા લોકશાહી બળોને એક કડીમાં જોડવા અને એકત્રિત કરવા 'લિંક' નામનું સાપ્તાહિક પ્રકાશિત કર્યું, ઉપરાંત 'પેટ્રિયટ' દૈનિકના સંસ્થાપક તરીકે પત્રકારત્વની પ્રક્રિયાઓ પર તેમનો ભારે પ્રભાવ રહ્યો હતો અને એમને પ્રાપ્ત થતાં ઇનામો-પુરસ્કારોની સમગ્ર રકમ પણ આવાં કામમાં વાપરતાં. તેમણે ભારતીય મહિલાઓના રાષ્ટ્રિય મહામંડળના પ્રમુખપદે પણ સેવાઓ આપી હતી.

આમ, એમની સન્નિષ્ઠ, સુદીર્ઘ, પ્રશસ્ય સેવાઓ માટે એમને ઘણાં પ્રતિષ્ઠિત પુરસ્કારો અને ઇલકાબો પણ મળ્યા છે. વિશ્વશાંતિના ઉદ્દેશ્યમાં તેમના પ્રદાન માટે તેમને લેનિન શાંતિ પારિતોષિક અને સોવિયેત લૅન્ડ નેહરુ પારિતોષિક અર્પણ કરાયાં હતાં. ૧૯૮૬માં 'ઇન્દિરા ગાંધી ઍવૉર્ડ' તેમને મળ્યો હતો. ઈ.સ. ૧૯૯૧નો આંતરરાષ્ટ્રિય સદ્‌ભાવ માટેનો જવાહર નેહરુ ઍવૉર્ડ અને ૧૯૯૨માં રાષ્ટ્રિય ખિતાબ 'પદ્મવિભૂષણ' તેમને અપાયાં હતાં. આ ઉપરાંત 'નૅશનલ સિટિઝન્સ ઍવૉર્ડ-૯૪' મધર ટેરેસાના શુભ હસ્તે એમને એનાયત થયો હતો.

એક જીવંત દંતકથા સમાં અરુણા અસફઅલીએ, ૮૮ વર્ષની વયે, દિલ્હીની રામમનોહર લોહિયા હૉસ્પિટલમાં ૨૯ જુલાઈ ૧૯૯૬ના દિવસે લાંબી બીમારી બાદ બપોરના ૩-૪૫ કલાકે છેલ્લો શ્વાસ લીધો.

ભારતના રાષ્ટ્રપતિ ડૉ. શંકરદયાલ શર્માએ તેમના રાષ્ટ્રપતિપદની કારકિર્દીના છેલ્લા દિવસે (તા. ૨૪-૭-૧૯૯૭) સ્વ. અરુણા અસફઅલીને દેશના સર્વોચ્ચ સન્માન 'ભારતરત્ન'નો મરણોત્તર ખિતાબ આપી નવાજ્યાં છે. - કાન્તિલાલ વ. રામી

જીવનનાં વિવિધ ક્ષેત્રોની સિદ્ધ-પ્રસિદ્ધ

મહિલાઓની મુલાકાત

લેનાર
અવંતિકા ગુણવંત



ચંદ્રકળાબહેન કસ્તુરભાઈ શેઠ

(૧૯૧૪માં ચોટીલામાં જૈન જ્ઞાતિમાં સુધારાવાદી, પ્રગતિશીલ વકીલ પિતા લક્ષ્મીચંદ કામદારને ત્યાં પાંચ દીકરાઓ પછી જન્મ. મુક્ત વાતાવરણમાં લાડભર્યો ઉછેર. મૅટ્રિક સુધી અભ્યાસ. ૧૯૩૩માં અમદાવાદના ગર્ભશ્રીમંત કુટુંબના નબીરા કસ્તુરભાઈ મયાભાઈ સાથે લગ્ન. સમાજસેવાની સાથે સાથે હોટલ અને સિનેમાગૃહ જેવા પડકારરૂપ વ્યવસાયમાં ઝંપલાવ્યું અને સફળ રહ્યાં. રાજકારણમાં રસ, અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં કૉંગ્રેસ આઇની ટિકિટ પર ચૂંટાયાં. અનેક સેવાભાવી સંસ્થાઓમાં ઊંચા હોદ્દા નિભાવ્યા છે. ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે રાષ્ટ્રિય ઐક્ય અને એખલાસના વિશિષ્ટ યોગદાન માટે રાષ્ટ્રિય એકતા ઍવૉર્ડ એમને એનાયત થયો છે.)

પ્ર. તમારા જમાનામાં ગર્ભશ્રીમંત સ્ત્રીઓ મોટાભાગે દરદાગીના અને કપડાંલત્તામાં સંતોષ માનતી બહારના ક્ષેત્રે નીકળે તોય સેવાના ક્ષેત્રમાં જાય તો તેમને એવું મન ન થયું?

ઉ. સ્ત્રીસહજ સાજશૃંગારનો શોખ મને પહેલેથી નહિ. હા, સેવા કરવી ગમતી, નાતજાત કે ગરીબ-તવંગરના ભેદમાં માનું નહિ તેથી લગ્ન કરીને અહીં આવી ત્યારથી આ મિરઝાપુર અને શાહપુરની ઝૂંપડપટ્ટીમાં જતી. ત્યાંનાં બાળકોને અહીં લાવીને નવડાવતી, ધોવડાવતી, ખવડાવતી, રમતો રમાડતી. મારી પ્રવૃત્તિ વિકસતી ગઈ. બાલ્કન-જી-બારી સાથે જોડાઈ, એની પ્રમુખ બની. 'શૈશવ' મુખપત્રનું સંચાલન કર્યું. મહિલાઓના ઉત્કર્ષ અને કલ્યાણ માટે કાર્ય કરતી. ક્યાંય કોઈ દુર્ઘટના બને કે દુષ્કાળ પડે કે રેલ આવે ત્યારે રાહતના કામ કરતી; છતાંય મને થયા કરતું કે કંઈ નવું કરું.

મને વિવિધ બાંધકામમાં પહેલેથી રસ. ક્યાંય જાઉં તો પ્લાનિંગ જોઉં, ને મને ઓછી જગ્યામાં વધારેમાં વધારે સગવડોવાળા આવાસ બાંધવાનું મન થાય.

પ્ર. તમારા કુટુંબમાં કોઈનો એ વ્યવસાય હતો? તમારા પતિએ સંમતિ આપી?

ઉ. મારાં કુટુંબમાં કોઈનોય બાંધકામનો વ્યવસાય ન હતો, પણ મારા પતિની ખૂબ જમીન હતી ને એ ઉદારમનના અને સમાનહકમાં માનનાર, એથી એમણે મને સહકાર અને પ્રોત્સાહન આપ્યાં.

૧૯૩૬-૩૭ના એ જમાનામાં ઓનરશિપ ફ્લૅટનો વિચાર સાવ નવો હતો. ત્યારે મેં કસ્તુરભાઈ બ્લૉક્સ બાંધ્યા ને મધ્યમવર્ગનાં લોકોને સગવડભર્યાં પોતાનાં ઘર મળ્યાં. બાંધકામ માટે માલસામાન હું જાતે ખરીદવા જતી, કસીને ભાવતાલ કરતી ને કરકસરથી બધું ઊભું કર્યું. મારું પ્રથમ સાહસ સફળ થયું ને હું વિચારવા લાગી કે એવો કોઈ વ્યવસાય કરું કે અમને નિયમિત આવક થાય ને સમાજને પણ કંઈ મળે.

આવા વિચાર કરતી હતી ને મારે કાશ્મીર જવાનું થયું. જોયું કે હૉટલો પ્રવાસીઓ પર સરસ નભે છે. મારી પાસે જમીન હતી તો હું હૉટલ કેમ ન શરૂ કરું? એ જમાનામાં સારા ઘરના અને તેમાંય ગુજરાતીઓ હૉટલના ધંધામાં નહોતા.

પણ મને કંઈ પડકારભર્યું જ કરવું ગમે. હું બીજાં શહેરોની પ્રખ્યાત હૉટલમાં જઈને એમની કાર્યપદ્ધતિ, વ્યવસ્થા, ડેકોરેશન - બધું ઝીણવટથી જોઉં. ક્યાં શું મળે, કયું સારુંખોટું, એ બધી પૂછપરછ કરું.

એ વખતે નાણાંની જોગવાઈ ન હતી તો જુદી જુદી નાણાંકીય સંસ્થાઓ અને બૅન્કમાં જઈને લોન મેળવી. પહેલાં તો અધિકારીઓને મારી વાતમાં વિશ્વાસ ન પડે. વિચારે કે એક સ્ત્રી હૉટલ કરી શકે? પણ તેમના સવાલોના મેં જવાબ આપ્યા ત્યારે એમને મારી વાત પર વિશ્વાસ બેઠો. તેવી જ રીતે મ્યુનિસિપાલિટી અને પોલીસ કમિશન પાસેથી પરવાના મેળવ્યા ને હૉટલ બાંધી.

મારી દીકરી અનુરૂપાના નામ પરથી હૉટલનું નામ રૂપાલી રાખ્યું. અદ્યતન સગવડોવાળી ઍરકંડિશન્ડ હૉટલ, છતાં ભાવ સામાન્ય સ્થિતિવાળાને પોષાય એવા રાખ્યા.

હૉટલ ચલાવવામાં જાતજાતની અણધારી મુશ્કેલીઓ આવે, કોઈ કોઈ ગ્રાહક તરફથી, કોઈ વાર પોલીસ તરફથી. પણ ગભરાયા વિના માર્ગ કાઢું.

પ્ર. ધારો કે પોલીસ સ્ટેશને જવાનું હોય તો ય તમે જાઓ?

ઉ. હા, મને કોઈ ડર કે સંકોચ નહિ. હું વિવેક અને કુનેહથી વાત સુધારી લઉં ને ફરી વાર એવી ભૂલ ન થાય એની સાવચેતી રાખું. કોઈ વાત મારી નજર બહાર ન જાય. હૉટલની આવક ધીમે ધીમે ખૂબ વધી. દેશપરદેશથી પ્રવાસીઓ આવે ને

ત્યાં રોકાય તેથી પ્રતિષ્ઠા પણ મળી.

હોટલની સફળતાથી પ્રેરાઈને સિનેમાગૃહ બાંધવાનો વિચાર આવ્યો. એ વખતે કાયદો આવ્યો હતો કે શહેરી ખુલ્લી જમીન સરકાર એક્વાયર કરી લે. ને મારી પાસે તો ઘણી જમીન હતી. એનો ઉપયોગ કરવો જ રહ્યો.

દિલ્હી, મુંબઈ જઈને મેં સિનેમાગૃહોનો અભ્યાસ કર્યો. ખર્ચાના અંદાજી આંકડા મૂક્યા, ને નાણાં ઊભા કરવા બેન્કોમાં અરજી કરી.

અધિકારીઓને હું મળવા જાઉં ત્યારે એક સ્ત્રી સિનેમાગૃહ બાંધે છે એ વાત જ તેઓ માની શકે નહિ. મેં મૂકેલા ખર્ચના આંકડા વિશે મને પૂછે કે, તમે આ આંકડા કયા આધારે મૂક્યા? ત્યારે મેં અભ્યાસ કરેલો એનો બધો અહેવાલ આપ્યો. એમને મારી યોગ્યતાની ખાતરી થઈ. મારી હિંમત, કાબેલિયત અને જાણકારીને બિરદાવીને તેઓએ સહકાર આપ્યો.

૧૯૬૫માં ૭૦ એ.એમ. સ્ક્રીનવાળું સેન્ટ્રલિ ઍરકંડિશન્ડ છ ટ્રેક સ્ટિરિઓફોનિક સાઉન્ડ સિસ્ટિમવાળું ૧૦૦૦ બેઠકો ધરાવતું કલાત્મક 'રૂપાલી' સિનેમાગૃહ અમદાવાદમાં તૈયાર થયું.

લોકોને શ્રેષ્ઠ મનોરંજન મળે એવાં ચલચિત્રો પસંદ કરવા હું જાતે મુંબઈ જતી. ચિત્રોના કલાકારો, દિગ્દર્શક, કહાનીલેખક, સંગીતકાર બધાને લક્ષમાં લઈને ઉત્તમ કોટિનાં ચિત્રો મારે ત્યાં રજૂ થાય એવો આગ્રહ રાખતી. અંગ્રેજી ચલચિત્ર પણ લાવતી.

ફિલ્મ ઉદ્યોગ ટોચ પર હતો ત્યારે રૂપાલી થીએટર પણ ટોચ પર હતું.

પ્ર. થીએટર ચલાવવામાં મુશ્કેલીઓ તો નડી હશે?

ઉ. હા, ગમે એટલી સાવધાની રાખો તો ય અસામાજિક તત્ત્વો ચલચિત્રની ટિકિટનાં કાળાબજાર કરે ત્યારે સખત હાથે કામ લીધું છે.

અત્યારે મોંઘવારી વધતી જાય છે, વીજળીપાણીનાં બિલ મોટાં આવે, પગારવધારો ને વહીવટી ખર્ચો વધતો જાય ને બીજી બાજુ ગળાકાપ હરીફાઈ! ટી.વી. ચેનલો સાથે મુકાબલો. સમય નબળો છે.

પ્ર. તમારે ત્યાં હડતાળ પડી છે?

ઉ. હા, યૂનિયનોની માગણી ન સંતોષાય એટલે હડતાળ પડે, અસહકાર આંદોલન ચલાવે; ત્યારે ખૂબ જ ધીરજ અને કુનેહથી કામ લેવું પડે.

એક વખત મારે ત્યાં કર્મચારીઓ લાંબા સમય માટે હડતાળ પર ગયા. તેઓ સૂત્રોચ્ચાર કરી લે પછી એમના માટે ચાપાણી લઈને રોજ મારો અહમ્ ભૂલીને મળવા જાઉં ને કહું, 'અત્યારે તમારા માલિક તરીકે નહિ પણ એક સામાજિક કાર્યકર તરીકે સહાનુભૂતિથી તમારી વાત સાંભળવા આવી છું.' એમ વાટાઘાટો કરીને સુખદ અંત આણ્યો.

મારો અનુભવ વધતો ગયો, સમજ વિકસતી ગઈ, એમ ફિલ્મી સંગઠનોને મારી આવડત અને શક્તિનો લાભ આપું છું. અત્યારની ગંભીર કટોકટીની સરકારશ્રી સમક્ષ સફળ રજૂઆત કરીને રાહત મેળવી છે.

પ્ર. કામ અને તકલીફોથી થાકો છો?

ઉ. જરાય થાકતી નથી. હું નવરી હોઉં તો મને ડિપ્રેશન આવી જાય. બારચૌદ કલાક કામ કરવું મારા માટે સહેલ છે અને તકલીફો આવે તો મારી અંદરની શક્તિ ઑર જાગૃત થાય. આ કામ નહિ થાય એવી શંકા જ ન આવે. જે પડકાર આવે એને કેમ પાર પાડવો એના જ વિચાર કરું ને તેમાં સફળ થાઉં એટલે મેં કંઈ કર્યું એનો આનંદ થાય. આવી રીતે જ આપણી શક્તિ ને આવડત વધે.

પ્ર. ધંધાનો તનાવ અનુભવો કે નહિ?

ઉ. અત્યારે પરિસ્થિતિ એવી છે કે આપણો એની પર કોઈ કાબૂ નથી, માટે આપણે અકળાયા વિના કામ લેવાનું, ઘણુંબધું જતું કરવું પડે છે. મારો ધંધો એવો છે કે જે સમય સાથે બદલાય. એટલે મારેય સાથે સાથે બદલાવું જ પડે.

પ્ર. વ્યવસાયમાં સફળ થવા કયા ગુણો જોઈએ?

ઉ. વ્યવસાયનો દરેક દૃષ્ટિકોણથી થાક્યા વગર અભ્યાસ કરવો જોઈએ, ને સખત પરિશ્રમ, ધગશ, કુનેહ, નિર્ણયશક્તિ જોઈએ.

પ્રતિકૂળ સમયમાં શાંતિ, સહિષ્ણુતા, ધીરજ અને ખંતથી પ્રયત્ન; ધંધાના સાનુકૂળ સમયે મૂડીનું રોકાણ અન્ય સાથી કંપનીઓમાં કરીને આર્થિક સ્થિતિ મજબૂત કરવી. આશાવાદી રહેવું, જાગ્રત રહેવું.

પ્ર. નસીબમાં માનો? ઈશ્વરમાં શ્રદ્ધા ખરી? જાતમાં શ્રદ્ધા?

ઉ. મહેનત હોય ને ઈશ્વરની કૃપા હોય તો જ સફળ થવાય. પણ શ્રદ્ધા રાખીને બેસી ન રહેવાય. જાતમાં શ્રદ્ધા છે, ને ઈશ્વરમાંય શ્રદ્ધા છે. ક્યારેક લાગે કે આનો કોઈ ઉકેલ નથી, ત્યાં ચમત્કારિક રીતે ઉકેલ આવી જાય. હું પૂજાપાઠદર્શન કરું છું.

પ્ર. બીજા કયા શોખ?

ઉ. સંગીત. હું સિતાર શીખતી હતી. પ્રવાસનો શોખ. દુનિયાના બધા દેશો જોયા છે. સમય મળે ત્યારે પત્તાં રમી લઉં.

મને ટાઉન પ્લાનિંગમાં રસ છે. મ્યુનિસિપાલિટીમાં ટાઉનપ્લાનિંગમાં ડેપ્યુટિ ચેરપર્સન હતી.

પ્ર. નિવૃત્ત થવાનું વિચારો છો?

ઉ. ના. હજી તો મારે ચૂંટણીમાં ઊભું રહેવું છે. ઈશ્વરે આપણને મનુષ્ય અવતાર આપ્યો છે. વળી સૂઝ, સમજ, મોભો

(અનુસંધાન પૃ. ૫૭૪ પર)

સાહિત્યસંપર્ક

પ્રાગજી ડોસાનું નિધન



તા. ૨૦મી ઑગસ્ટ અને બુધવારે સવારે સવા છ વાગ્યે મુંબઈની ભાટિયા હૉસ્પિટલમાં વયોવૃદ્ધ નાટ્યકાર પ્રાગજીભાઈ ડોસાનું દુઃખદ અવસાન થયું તે નવી-જૂની રંગભૂમિ માટે લાંબો સમય ન પુરાય તેવી ખોટ સમાન છે. તેમનો જન્મ મુંબઈમાં ૧૯૦૭ના ઑક્ટોબરની ૧૦મી તારીખે એક વેપારી કુટુંબમાં થયો હતો. ૧૯૨૬માં મુંબઈની વિલ્સન કૉલેજમાંથી ઈન્ટર આર્ટ્સની પરીક્ષા ઉત્તીર્ણ કરી એમણે અભ્યાસ છોડી દીધો અને મેસર્સ ગોકુલદાસ ડોસાની રૂનો વેપાર કરતી પારિવારિક કંપનીમાં જોડાયા. એ નિમિત્તે એમણે જાપાનનો પ્રવાસ પણ ખેડેલો. પણ પછીથી એમણે નાટ્યને જ જીવનનું મહત્ત્વનું ક્ષેત્ર બનાવ્યું.

દસેકની ઉંમરે રસકવિ રઘુનાથની સાથે જૂની રંગભૂમિનાં નાટકો જોવા જતા ત્યારથી નાટક માટેનો ચસકો લાગેલો. પછીથી એ પ્રતિભાબીજ સ્વપુરુષાર્થે કોળવા લાગ્યું અને એમણે 'સમયનાં વહેણ' (૧૯૫૦), 'ઘરનો દીવો' (૧૯૫૨), 'મંગલમંદિર' (૧૯૫૫), 'છોરુંકછોરું' (૧૯૫૬), 'સહકારના દીવા' (૧૯૫૭), 'મનની માયા', અને 'જેવી છું તેવી' (૧૯૬૨), 'એક અંધારી રાત' (૧૯૬૪) 'પૂનમની રાત' (૧૯૬૬) આદિ અનેક મંચનક્ષમ નાટકો આપ્યાં.

એમણે મોટી ઉંમરે બાળનાટ્યક્ષેત્રે પણ સફળતા પ્રાપ્ત કરી હતી. 'એકલવ્ય અને બીજી બાળનાટિકાઓ' (૧૯૫૫), 'છોટુમોટુ', 'ઈતિહાસ બોલે છે' (૧૯૬૬), 'સોનાની કુહાડી' (૧૯૭૦), 'ચાલો ચોર પકડીએ' (૧૯૭૧), 'ત્રણ વાંદરા' (૧૯૭૪), 'ઈતિહાસને પાને' અને 'પાંચ ટચુકડી' (૧૯૭૫), આદિ એમનાં આધાં સફળ સર્જનો છે.

'ચરણરજ' નામનો એકાંકીસંગ્રહ એમણે ૧૯૫૫માં પ્રકાશિત કરેલો. એમણે કેટલુંક નાટ્યવિવેચનનું પણ નોંધપાત્ર કામ કર્યું છે. આવાં સર્જનોમાં 'તખ્તો બોલે છે - ભાગ ૧, ૨' (૧૯૭૮, '૮૨), 'બાળરંગભૂમિ' (૧૯૭૫) આદિને ગણાવી શકાય. 'જેની જોતાં વાટ' (૧૯૭૯) નામે એમણે લઘુનવલ પણ પ્રકટ કરી છે. 'સંતદર્શન' અને 'સંતજીવન દર્શન'માં એમણે બોધાત્મક શૈલીએ સંતચરિત્રો આપ્યાં છે. મુનશીની નવલકથા 'પૃથિવવલ્લભ'નું એમણે ૧૯૬૨માં નાટ્યરૂપાંતર કરેલું. એવી જ રીતે બ્રેખ્તના નાટકનો 'ચાકવર્તુળ' (૧૯૭૪) નામે અનુવાદ આપ્યો છે. ગિજુભાઈ બધેકાની પંદરેક જેટલી બાળવાર્તાઓનાં એમણે વનલતા મહેતા સાથે નાટ્યરૂપાંતરો કર્યાં છે.

આમ, નાટ્યલેખન-નાટ્યદિગ્દર્શન ઉભય ક્ષેત્રે એમણે પ્રદાન કર્યું છે. ગુજરાતી ફિલ્મો માટે પણ એમણે પટકથાઓ લખી છે. એમને મહારાષ્ટ્ર અને ગુજરાત સરકારનાં પારિતોષિકો ઉપરાંત ૧૯૭૬માં નર્મદ સુવર્ણચંદ્રક તથા ૧૯૮૩માં સૉવિયેટ લૅન્ડ નેહરુ ઍવોર્ડ પણ એનાયત થયેલો. દેશી નાટક સમાજ અને આઈએનટીનાં નાટકોમાં એમનો હિસ્સો સ્પૃહણીય રહ્યો છે. એમને સંગીતનો પણ શૉખ હતો. આવા એક સન્નિષ્ઠ સાચદિલ સર્જકના અવસાનથી રંગભૂમિ લાંબા સમય માટે ખિન્નતા અનુભવશે.

- ધી.પ.

પ્રાપ્ત પ્રકાશનો

ગીતા યમુના : ચંદ્રકાન્ત દેસાઈ. પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્રથમ આવૃત્તિ ૧૯૯૫, પૃષ્ઠ : ૧૪૦, ડિમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૬૦-૦૦. કૃષ્ણગોપીનાં ગીતોનો કાવ્યસંગ્રહ.

દાડમની કળી : ગોવિંદભાઈ, પ્રકાશક : પ્રણવ પ્રકાશન, બી-૩૩, પ્રિયદર્શિની એપાર્ટમેન્ટ નં. ૨, અમદાવાદ-૩૮૦૦૫૪. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ. ૫૬, ડિમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૨૦. બાળકાવ્યસંગ્રહ.

ઘનશ્યામદાસ બિરલા : ડૉ. ઉષા જોષી. પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ સામે. ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ-૩૧૮, ક્રાઉન, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૧૨૫-૦૦ હિન્દના ઔદ્યોગિક પાયાને મજબૂત બનાવનાર કર્મનિષ્ઠ, પરિશ્રમશીલ, સિદ્ધાન્તચુસ્ત સાહસિક પદ્મવિભૂષણ ઘનશ્યામદાસ બિરલાના જીવનચરિત્રનું માતબર પુસ્તક.

વેદાંત વિચાર : વેદાંત પર આપેલાં પ્રવચનોનું પુસ્તક એમાંથી બ્રહ્મ સ્વરૂપનું ગૂઢ ચિંતન પણ પ્રગટે છે. પરમાત્મા વિશેની તાત્ત્વિક ચર્ચા એમાં છે. લે. હીરાભાઈ ઠક્કર, મૂલ્ય રૂ. ૨૦-૦૦, પૃ. ૧૨૮, બીજી આવૃત્તિ, પ્રકા. ઉપર મુજબ.

પરિચય પુસ્તિકાઓ : પરિચય ટ્રસ્ટ તરફથી નીચેની પુસ્તિકાઓ પ્રગટ થઈ છે. (૧) પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ-૮૮૩ : પવનશક્તિ-લેખક : અભિજિત દોશી. (૨) ૮૮૪ : અર્થાઈટિસ-લેખક : ડૉ. રઘુભાઈ શાસ્ત્રી (૩) ૮૮૫ : આરબ-ઈઝરાયલ સમાધાન - લેખક : ઉષા ઠાકર. દરેકની કિંમત રૂ. ૫-૦૦, દરેકનાં પૃ. ૩૨, પ્રકાશક : પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨

ગત માસ (ઑગસ્ટ) ગુજરાતમાં

- અમદાવાદ મૅનેજમૅન્ટ એસોસીએશનના ઉપક્રમે અમદાવાદના વ્યાપાર-ઉદ્યોગના પંદર અગ્રણી મહાનુભાવોનું વિશેષ બહુમાન કરવાનો સમારંભ તા. ૧૨ ઑગસ્ટ-૧૯૯૭ના રોજ યોજાઈ ગયો. તેમાં ૧. અરવિંદ મિલ્સના શ્રી નરોત્તમ લાઈભાઈ, ૨. નિરમા કેમિકલ્સના શ્રી કરસનભાઈ પટેલ, ૩. કેડિલા હેલ્થકેરના શ્રી રમણભાઈ પટેલ, ૪. ગુજરાત સમાચારના તંત્રી શ્રી શાંતિલાલ શાહ, ૫. કેડિલા ફાર્મા.ના શ્રી ઇન્દ્રવદન અંબાલાલ મોદી, ૬. દીપક નવનીતલાલ પરીખ, ૭. શ્રી શ્રેણિક કસ્તુરભાઈ, ૮. ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઑપરેટિવ બૅન્ક અને કુમાર કાર્યાલય લિમિટેડના ચેરમૅન શ્રી હીરાલાલ હરિલાલ ભગવતી, ૯. શ્રી પોપટલાલ દાણી, ૧૦. શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ, ૧૧. ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ્સના શ્રી ઉત્તમભાઈ પટેલ, ૧૨. શ્રી બિહારીલાલ કનૈયાલાલ, ૧૩. શ્રી રોહિતભાઈ મહેતા, ૧૪. શ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ અને ૧૫. સ્વ. બલદેવભાઈ ડોસાભાઈનો સમાવેશ થાય છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી મેયર શ્રી લાલજીભાઈ પરમારે તા. ૧૪ ઑગસ્ટ ૧૯૯૭ના રોજ સમાજજીવનના વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સેવાઓ અને પ્રદાન આપ્યું હોય તેવી વિશિષ્ટ વ્યક્તિઓને 'નગરરત્ન' અને 'નગરભૂષણ' ઍવોર્ડથી નવાજ્યા છે જે નીચે મુજબ : 'નગરરત્ન' ૧. શ્રી અરવિંદ બુચ - મજૂર-પ્રવૃત્તિ. 'નગરભૂષણ' : ૧. સર્વ શ્રી પી. યુ. અસનાની (નગર-વહીવટ), ૨. જહાંગીર નરીમાન કામા-વેપાર, ૩. યશવંત પ્રાણશંકર શુક્લ - શિક્ષણ અને સાહિત્ય, ૪. ઇલા રમેશ ભટ્ટ - સમાજસેવા, ૫. બંસીલાલ જી. વર્મા 'ચકોર'-કલા, ૬. ડૉ. સૌદામિનીબહેન પંડ્યા - એમ.ડી., તબીબી, ૭. શ્રેણિકભાઈ કસ્તુરભાઈ લાલભાઈ-ઉદ્યોગ, ૮. આચાર્ય બ્રહ્મનિષ્ઠ સ્વામી મનુવર્યજી - સમાજસેવા, ૯. સંગીતાચાર્ય શ્રી ચંપકલાલ છબીલદાસ નાયક - શાસ્ત્રીય સંગીત, ૧૦. કૌમુદિનીબહેન લાખિયા - નૃત્ય, ૧૧. દીપક શોધન - રમત-ગમત ક્રિકેટ, ૧૨. એ.એમ. અહેમદી-જ્યુડિશ્યરી, ૧૩. બી. જે. દીવાન - જ્યુડિશ્યરી, ૧૪. પુરુષોત્તમ ગણેશ માવળંકર - રાજકારણ. શ્રી પુરુષોત્તમ માવળંકરને અન્ય ત્રણ ઍવૉર્ડ - ૧. હૅરોલ્ડ લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટના સર્વે મેમ્બરો તરફથી, ૨. 'ગુજરાત મિત્ર'નો શ્રી પ્રવીણભાઈ રેશમવાળા ઍવૉર્ડ, ૩. અમદાવાદ મૅડિકલ એસોસીએશન તરફથી ઍવૉર્ડ મળેલો છે. ૧૫. બાલકૃષ્ણ દોશી - આર્કિટેક્ટ.
- સ્વાતંત્ર્યની સુવર્ણ જયંતી પ્રસંગે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમ અન્વયે તા. ૧૪ ઑગસ્ટ ૧૯૯૭ના રોજ અમદાવાદની સાંસ્કૃતિક સંસ્થાઓ તથા સ્થળોથી મેયર શ્રી લાલજીભાઈ પરમારે, શ્રી અશોક ભટ્ટ તથા અન્ય મહાનુભાવો સાથે મુલાકાત લીધી હતી. તેમાં રાયપુર ચકલા, બઉવાની પોળના નાકે જ્યાં સ્વ. માજી વડાપ્રધાન મોરારજીભાઈ રહ્યા હતા તે સ્થળે તેમની તક્તિ મૂકીને તેમનું સૂતરની આંટી પહેરાવી બહુમાન કર્યું હતું. ત્યાર પછી બઉવાની પોળ સામે કુમાર કાર્યાલય લિમિટેડ આવેલું છે ત્યાં 'કુમાર' કાર્યાલયના સંસ્થાપક સ્વ. શ્રી રવિશંકર રાવળનો ફોટો, 'કુમાર' કાર્યાલયના મકાનનો ફોટો અને સાથે પ્રશસ્તિ વાક્યો સાથેની તક્તિ મૂકી હતી



અને ત્યાં સૂતરની આંટી પહેરાવીને મેયરશ્રી લાલજીભાઈ પરમાર, શ્રી ધીરુ પરીખ (તંત્રી 'કુમાર') તથા શ્રી અશોક ભટ્ટ (વિધાનસભા સભ્ય) સ્વ. શ્રી રવિશંકર રાવળનું બહુમાન કર્યું હતું. તેમજ મેયરશ્રીએ તથા અશોક ભટ્ટે કુમાર કાર્યાલયની મુલાકાત લીધી હતી અને 'કુમાર'ના અંકો જોઈને 'કુમાર'ની પ્રશંસા કરી હતી.
- ગુજરાતી સાહિત્ય પરિષદના આગામી બે વર્ષના પ્રમુખ તરીકે કવિશ્રી નિરંજન ભગત બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે.



કલાચાર્ય

નટુભાઈ મિસ્ત્રી



ઇડરના ગઢ પરથી ગઢ તથા તળેટીનું દૃશ્ય

'ચેતક' તખલ્લુસથી કાર્ટૂનો સર્જતા નટુભાઈ મિસ્ત્રી ચિત્રકાર, ઇલસ્ટ્રેટર, ઇન્ટીરિઅર ડેકોરેટર, ડિઝાઈનર, સામાજિક કાર્યકર છે. આજે વાનપ્રસ્થાશ્રમમાં હોવા છતાં તેઓ ચિત્રસર્જન કરી રહ્યા છે.

દાંડિયે રમતી



૧૯૩૩માં દહેગામ તાલુકાના હાલીસા ગામમાં જન્મેલા નટુભાઈ ખૂબ નાની વયે ચિત્રકલામાં રસ ધરાવતા હતા. પાંચ વર્ષની શિશુવયથી ચિત્ર કરવાના વિચારો સ્વપરિશ્રમ તથા કુદરતની મહેરબાનીથી જાણીતા ચિત્રકાર-કાર્ટૂનિસ્ટ બની સફળ થયા છે એનો તેમને સંતોષ છે.

૧૦ વર્ષની ઉંમરે હલીસા છોડી પિતાશ્રી સાથે તલોદમાં આવ્યા. ત્યાં ડ્રોઈંગની બે પરીક્ષા પાસ કરેલ શિક્ષક ખેમચંદભાઈ પાસેથી ચિત્રકલાનું પ્રારંભિક જ્ઞાન મેળવ્યું. ઘરે આવીને પણ તેઓ ચિત્રો દોર્યા કરે. પ્રથમ કામ તેમને નાની વયે જ લાકડા વહેરવાના બેન્સોનું બોર્ડ બનાવવાનું મળ્યું. વગર પૈસે ફક્ત રંગનો ખર્ચ લઈ બોર્ડ બનાવવાનું કામ સ્વીકારી લીધું. તેમનું આ સર્વપ્રથમ આર્ટવર્ક બધાને ગમ્યું. પછી તો શાળામાં કોઈ ખાસ પ્રસંગે નટુભાઈ રંગોળી કરી આપે, આખા સભામંડપને શણગારી પણ આપે.

એક જૈક




હિંમતનગરમાં જિલ્લા કોન્ગ્રેસના



રાજસ્થાનમાં કુંભળગઢ જવાના માર્ગે
આવેલા એક ગામડાનો ગઢ



રાજસ્થાનમાં ચિત્તોડગઢનો કીર્તિસ્તંભ



ઉત્કંઠેશ્વર પાસેના તળાવનું દૃશ્ય

ભરાયેલા અધિવેશનમાં નટુભાઈને સ્થાન શણગારવાની તક મળી. સમગ્ર જિલ્લામાં તેમની ચિત્રકલાની જાણકારી તથા આવડતની જાણ થઈ. ચિત્રકામના ગુરુ મહાદેવભાઈના પરિચયમાં આવ્યા પછી તેમના માર્ગદર્શન હેઠળ તેમણે બંને ગ્રેડ પરીક્ષાઓ પ્રથમ વર્ગમાં પાસ કરી મૅટ્રિક થયા એટલે પિતાશ્રીએ સ્પષ્ટ જણાવ્યું કે કમાતા કમાતા ભણો. આથી તલોદની બાજુમાં ઘડી ગામની અંગ્રેજી શાળામાં નોકરી લીધી. બીજે વર્ષે સી. એન. કલાવિદ્યાલયમાં ડી.ટી.સી.ના ઇન્ટર્વ્યૂમાં ગુજરાતભરમાં પ્રવેશ પ્રથમ આવતા. નાની ઉંમરે જ તેમને ડી.ટી.સી.માં પ્રવેશ મળી ગયો. ડી.ટી.સી.માં પ્રથમ વર્ગમાં પ્રથમ આવ્યા. અમદાવાદની આર. સી. હાઈ સ્કૂલમાં ચિત્રશિક્ષકની જગ્યા ખાલી પડતા નટુભાઈની પસંદગી થઈ. અહીં તેમણે ચિત્રકામની લાઈબ્રેરીનો ઉપયોગ કરવાનો લાભ લીધો. ચિત્રશિક્ષક તરીકે ગુજરાતીમાં ચિત્રકળા અંગેનાં પુસ્તકો કેમ નથી એ ચિંતા તેમને સતાવી રહી. તેથી તેમણે દવાલભાઈની મદદ લઈ ચાર વર્ષમાં કલા તથા કલાશિક્ષણ અંગેમાં ૨૫ પુસ્તકો પ્રસિદ્ધ કરાવ્યાં. સાથે સાથે નવલકથાઓનાં મુખપૃષ્ઠો પણ તૈયાર કર્યાં.

શિક્ષક તરીકે ૧૯૬૨માં રાજીનામું આપી 'સંદેશ' સમાચારપત્રમાં, કાર્ટૂનિસ્ટ તરીકે કામગીરી શરૂ કરી. સંદેશની કામગીરી જોઈ 'ગુજરાત સમાચારે' તેમને મુખ્ય કલાકાર-કાર્ટૂનિસ્ટની ઑફર કરી. ફલસ્વરૂપ ૧૯૬૩થી ૧૯૮૫ સુધી નટુભાઈ 'ગુજરાત સમાચાર' સાથે સંકળાયેલા રહ્યા. આ સમયને તેઓ તેમના સુવર્ણકાળ તરીકે લેખાવે છે. પછી કમર્શયલ

ગુજરાત યુનિવર્સિટી પાસેનું શહેરી દૃશ્ય



કુંભળગઢના કિલ્લાનું પ્રવેશદ્વાર



આર્ટિસ્ટ અને ચિત્રપુસ્તકોના લેખન ઉપરાંત તેમણે નાના ભાઈની સાથે બ્લૉક બનાવવાનો સ્ટૂડિઓ શરૂ કર્યો.

નટુભાઈએ તેમનાં કાર્ટૂનોનો 'ખડખડાટ' નામનો સંગ્રહ પણ બહાર પડ્યો. તેમણે ઇટાલી, ફ્રાંસ, બેલ્જિયમ, હૉલેન્ડ, ઑસ્ટ્રિયા, જર્મની, સ્વિટ્ઝરલેન્ડ તથા બ્રિટન જેવા વિવિધ દેશોનો પ્રવાસ કરી, ચિત્રકલા તથા કમર્શયલ આર્ટ અંગે ઘણી જાણકારી મેળવી. ખાસ તો ઇન્ટીરિઅર માટેની ડિઝાઈનોમાં સવિશેષ ધ્યાન આપ્યું.

હવે કોઈ કમર્શયલ દૃષ્ટિથી નહિ, પરંતુ નિજાનંદ માટે, પ્રકૃતિના સૌંદર્યને પામી તેને દૃશ્યચિત્રોમાં ઉતારવાનો સફળ પ્રયત્ન તેઓ કરી રહ્યા છે. હાલમાં જ તેમણે દૃશ્યચિત્રોની એક શ્રેણી તૈયાર કરી છે. તેઓ અન્ય કલાકાર મિત્રો જોડે રજાઓના દિવસોમાં તથા રવિવારે અમદાવાદની આજુબાજુનાં ગામડાંઓમાં જાય છે અને ત્યાં સ્કેચિંગ-ત્વરાલેખન કરે છે.

ત્વારાલેખનો ઉપરાંત તેમણે સ્થળ પર - On the spot - જ થોડા સમયમાં જળરંગોમાં સુંદર, ચિત્તાકર્ષક ચિત્રો કર્યાં છે. તેમનાં આ જળરંગોના વિષયો છે ગ્રામદૃશ્યો, સ્થાપત્યકીય ઇમારતો, સાંસ્કૃતિક વારસો ધરાવતાં મકાનો, રસપ્રદ શેરીઓ અને ખાસ તો કુદરતના વિવિધ મૂડ્ઝ-મનઃસ્થિતિઓ અને શહેરી દૃશ્યો તથા શહેરી પોળો. તેમણે સવારના પ્રકાશને, બપોરના તાપને તથા સાંધ્ય તેજને તેમનાં નયનરમ્ય દૃશ્યચિત્રોમાં જીવંત કર્યાં છે. વાસ્તવિક શૈલીનાં લાગતાં આ ચિત્રોમાં તેમની પ્રકૃતિને તથા તેના સૌંદર્યને નીરખવાની એક વિશિષ્ટ દૃષ્ટિનાં દર્શન થાય છે.


વૉશનો કલાત્મક ઉપયોગ, જળરંગોની પારદર્શિતા તથા પ્રવાહિતાને તેમણે ચિત્રોમાં દર્શાવ્યાં છે. રંગોની તેજસ્વિતા તથા સ્વચ્છતા ઊડીને આંખે વળગે છે. તે ક્યાંય ભડક બન્યા નથી. તેમણે જળરંગોના માધ્યમની ઊંડી સૂઝ મેળવી છે તથા તેના પર હથોટી પણ. આ માધ્યમ જેટલું ઝડપી અને સરળ લાગે છે તેટલું અઘરું પણ છે. તેમનાં ચિત્રોમાં છાયા-પ્રકાશની રમતનાં દર્શન થાય છે અને તેનો સારો અભ્યાસ તેમણે કર્યો છે એમ લાગે છે. દિવસના જુદા જુદા પ્રહરની ભિન્નભિન્ન પ્રકાશમય તેમણે રંગો દ્વારા અસરકારક અને સફળતાપૂર્વક ઝડપી છે. તેમણે બ્લેક ઍન્ડ વ્હાઈટ ઇન્કમાં પણ ડ્રૉઇંગ્સ તથા ત્વરાલેખનો કર્યાં છે, પરંતુ તેઓ સ્પષ્ટપણે માને છે કે જે નાટ્યાત્મક, અદ્ભુત, મનોહર પ્રાકૃતિક વાતાવરણ રંગોના કલાત્મક ઉપયોગ દ્વારા સર્જાય છે તે બ્લૅક ઍન્ડ વ્હાઈટ ઇન્કમાં કરેલાં ચિત્રોમાં સર્જી શકાતાં નથી. તેમણે તેમનાં મોટાભાગનાં ચિત્રો ચિત્રસ્થળે (on the spot) જ પૂરાં કર્યાં છે. ભાગ્યે જ તેમણે સ્ટૂડિઓમાં તે પૂરાં કર્યાં છે.

નટુભાઈનાં કેટલાંક ચિત્રોમાં ભવ્યતાનાં દર્શન થાય છે. પરિપ્રેક્ષ્ય કે ચિત્રોમાં ઊંડાણનો તેમનો અભ્યાસ લગભગ સંપૂર્ણ છે, પણ વધુ પ્રભાવક તો લાગે છે તેમની ડિઝાઈનર તરીકેની કેળવાયેલી દૃષ્ટિને કારણે તેમનાં ચિત્રોમાં અનુભવાતી સ્કેલની પકડ. આને લીધે જ આપણને ચિત્રમાંનાં સર્જાયેલા મંદિરની ભવ્યતાનાં દર્શન થાય છે. આવાં ચિત્રોમાં તેમણે રેખાઓનો ઉપયોગ પણ અસરકારક રીતે કર્યો છે. તેમાં પદાર્થોની હાજરી એવી રીતે દર્શાવી છે કે સમગ્ર સંરચનામાં સમતુલા જોવા મળે છે.


નટુભાઈનાં કેટલાંક દૃશ્યચિત્રો શુદ્ધ પારદર્શી જળરંગોમાં સર્જાયાં છે તો કેટલાંક ચિત્રોમાં તેમણે રેખાઓનો પણ ઉપયોગ કર્યો છે. તેઓ વિષય જોઈને કેવી રીતે દૃશ્ય તૈયાર કરવું તે નક્કી કરે છે. તેમને મતે સરોવર અને તેનું પાણી શુદ્ધ રંગોથી – વૉશથી કરવું પડે, પરંતુ તમારી સમક્ષ ભવ્ય મંદિર હોય અને તેની ભવ્યતાની લાગણી દર્શાવેલી હોય તો રેખાઓનો ઉપયોગ કરવો જરૂરી છે. તેમના 'વડ'વાળા દૃશ્યચિત્રમાં તેમણે કોઈ ગામના તળાવ પરના દૃશ્યને જળરંગોની મદદથી જીવંત બનાવ્યું છે, લગભગ કાવ્યની કોટિએ પહોંચાડ્યું છે. દૃશ્યાત્મક રીતે વડનાં રંગરૂપ ખૂબ જ પ્રભાવશાળી છે, છતાં એમાં બ્રશસ્ટ્રોક્સ દ્વારા વિગતે પર્ણોનું આલેખન પણ થયું છે અને તે દ્વારા વૃક્ષનું વ્યક્તિત્વ પણ ઊભું કર્યું છે. ખાસ તો આ ચિત્રમાં સૂર્યપ્રકાશને ખૂબ જ વાસ્તવિક રીતે દર્શાવાયો છે. તેમના ઇડરના એક દૃશ્યચિત્રમાં અગ્રભાગમાંથી સામેની ટેકરી તરફ જતા પરિપ્રેક્ષ્યવાળા રસ્તાને દર્શાવ્યો છે. અહીં શિલાઓથી બનેલી ટેકરી જીવંતપણે ભવ્યતા ધારણ કરી આપણી સામે ધસી આવતી હોય, તેવી લાગણી તેમણે નીપજાવી છે. અંતમાં નટુભાઈએ કેટલાંક જળરંગો અને પેસ્ટલ્સનો ઉપયોગ કરી સુંદર, પ્રભાવશાળી વ્યક્તિચિત્રો પણ સર્જ્યાં છે. - બંસીલાલ દલાલ

ધર્મેશ પંચાલ

ધર્મેશ બી. પંચાલ અમદાવાદના યુવા કલાકારોમાંના એક આશાસ્પદ કલાકાર છે. એમના પિતાશ્રી ભરતભાઈ ઘણાં વર્ષોથી સી. એન. કૉલેજ ઑવ ફાઈન આર્ટ્સ વ્યાવસાયિક કલાવિભાગમાં સેવા આપી રહ્યા છે. ધર્મેશભાઈમાં પિતાના ચિત્રસર્જનની અસરમાંથી મુક્ત થઈ સ્વતંત્ર રીતે સર્જનાત્મક ચિત્રસર્જન તરફ વળ્યા છે. ઈ.સ. ૧૯૭૦માં જન્મેલા ધર્મેશભાઈએ ૧૯૯૧માં વ્યાવસાયિક કલામાં ડિપ્લોમા મેળવ્યો. પિતાશ્રીના સર્જન-કાર્યમાંથી પ્રેરણા પામી શરૂઆતમાં તેમણે કુદરતી દૃશ્યોને જળરંગોમાં, પોસ્ટર રંગોમાં અને પેસ્ટલ રંગોમાં તૈયાર કર્યાં. જોકે આ ચિત્રો વાસ્તવિક શૈલીમાં થયાં છે. તેઓ તેમની આ ચિત્રશ્રેણીને અભ્યાસચિત્રો તરીકે ઓળખાવે છે; પરંતુ કૉલેજના અભ્યાસકાળ દરમ્યાન વર્ગના કલાવિદ્યાર્થીઓ

ધર્મેશ પંચાલ



ખડક અને વૃક્ષ

જોડે તેમણે તારંગા, ઇડર, માઉન્ટ આબુ તથા સાપુતારા જેવાં પર્વતીય સ્થળોની મુલાકાત લીધી અને ત્યાંના નૈસર્ગિક સૌન્દર્યથી પ્રભાવિત થઈ એક સર્જનાત્મક ચિત્રશ્રેણી તૈયાર કરવાની ઇચ્છા બળવત્તર બની. આ ડુંગરાળ પ્રદેશોમાં જોએલી નાની-મોટી શિલાઓ ભૂતાવળની જેમ તેમના મનોપ્રદેશમાં છવાઈ ગઈ.

આથી ધર્મેશભાઈનાં ચિત્રોમાં શિલાઓ, નૈસર્ગિક દશ્યો, સૂર્ય, ચંદ્ર તથા વૃક્ષો જેવાં તત્ત્વોને સ્થાન મળ્યું. કુદરતી તત્ત્વોને તેમણે કલાત્મક રીતે, સુંદર, મધુર રંગયોજના દ્વારા સંયોજ્યાં છે. શિલાઓનાં રંગરૂપનું વૈવિધ્ય, ગુણવત્તા, સૂર્ય-ચંદ્રનો પડતો પ્રકાશ, નાનાં વૃક્ષોની શિલાઓ પરની હાજરી ચિત્રોને જીવંત બનાવે છે અને તેના પર આપણું ધ્યાન આકર્ષિત કરે છે. ધર્મેશભાઈને ત્રણ નોંધપાત્ર ઇનામો મળ્યાં છે. તેમણે ચાર શિબિરોમાં ભાગ લીધો છે. તેમનાં ચિત્રો જાણીતી વ્યક્તિઓ તથા કંપનીઓના નિજી સંગ્રહોમાં સંગ્રહાયાં છે. □

સ્વ. કલાકાર વ્રજલાલ ત્રિવેદી

પ્રતિકૂળ પરિસ્થિતિમાં અદમ્ય ઉત્સાહ, અડગ આત્મશ્રદ્ધા અને પ્રબળ પુરુષાર્થથી ચિત્રકળામાં જીવનકીર્તિ રળનાર ગુજરાતના સમર્થ કલાસાધક અને કલાગુરુ શ્રી રવિશંકર રાવળના શિષ્ય વ્રજલાલ ત્રિવેદીનું ૮૬ વર્ષની જૈફ વયે તા. ૧૮-૮-૧૯૯૭ના રોજ બપોરે ૩-૦૦ વાગ્યે રિક્ષા-અકસ્માતને કારણે અમદાવાદમાં અવસાન થયું છે.

વ્રજલાલ ત્રિવેદી, સ્વ.



તેમનો જન્મ ઈ.સ. ૧૯૧૨માં વળા-વલ્લભીપુર (સૌરાષ્ટ્ર)માં થયો હતો. બાળપણ ઘણી જ વિપરીત પરિસ્થિતિમાં ગુજર્યું હતું. અઢી વર્ષની વયે માતા સ્વર્ગવાસી થતાં પિતાશ્રીની છત્રછાયામાં તેમનો ઉછેર થયો. અભ્યાસકાળ વલ્લભીપુરમાં વિપરીત સંજોગોમાં વિતાવ્યો. તેવામાં લીંબડીથી એક ચિત્રકાર મહેમાન તેમને ત્યાં આવ્યા. તેમને વજુભાઈના કલાકાર જીવની પરખ થઈ. તેઓ વજુભાઈને લીંબડી લઈ ગયા. અહીં ગુરુ શ્રી અંબાશંકર પાસે ચિત્રની પ્રથમ બારાખડી શીખવા મળી.

એકાદ વર્ષ ગુરુની સેવા-ચાકરી કરતાં કરતાં જે કંઈ શીખાય તે શીખી લઈ વજુભાઈ પાછા વળા આવ્યા. ત્યારબાદ ૧૯૩૧માં પાનબીડીની દુકાન કરવાના ઇરાદે તેઓ અમદાવાદ આવ્યા. પણ તેમને અમદાવાદમાં રહેવા-ઊતરવા-જમવાની કોઈ જ સગવડ કે તે માટેની ઓળખાણ ન હતી. ત્યાં તેમને કલાગુરુ રવિશંકર રાવળનો ભેટો થઈ ગયો. 'કુમાર કાર્યાલય'માં ગુજરાત કલાસંઘ ચિત્રશાળા રવિભાઈ ચલાવતા હતા અને નવોદિત કલાકારોને ચિત્રની તાલીમ આપતા હતા. વ્રજલાલ આ ચિત્રશાળામાં જોડાઈ ગયા. રવિભાઈએ વ્રજલાલને 'કુમાર કાર્યાલય'માં રહેવા-સૂવાની અને જમવાની વ્યવસ્થા કરી આપી, અને વ્રજલાલ ચિત્રકળાની સઘન તાલીમ લેવા માંડ્યા.

(અનુસંધાન પૃ. ૫૯૮ પર)




વેદના એ તો વેદ રે ભાઈ,
વેદના વીંધ્યો વેદ.
કોઈ ભોમિયો ભાળે ભેદ રે ભાઈ !
વેદના એ તો વેદ.

ઉશનસ

નંદાજીને ભારતરત્નનો ઍવોર્ડ



નિવૃત્ત થતા ભારતના રાષ્ટ્રપ્રમુખ શ્રી શંકરદયાલ શર્માએ તેમના રાષ્ટ્રપ્રમુખ-પદની કારકિર્દીના છેલ્લા દિવસે - ૨૪મી જુલાઈ ૧૯૯૭ને ગુરુવારે - શ્રી ગુલઝારીલાલ નંદાને દેશના સર્વોચ્ચ સન્માન 'ભારતરત્ન'ના ખિતાબથી નવાજ્યા છે.

સંપૂર્ણપણે ગાંધીવાદી વિચારસરણી અને જીવનશૈલીને વરેલા શ્રી ગુલઝારીલાલ નંદાનો જન્મ ૪ જુલાઈ ૧૮૯૮ના રોજ સિયાલકોટ (કાલના પાકિસ્તાન)ના ગુજરાતનવાલા ગામે થયો હતો. તેમના પિતા શ્રી બુલાખીરામ સાડી નવાણું (૯૯½) વર્ષે અવસાન પામેલા. પિતાને પગલે ગુલઝારીલાલ શતાયુ થાય છે. કિશોરાવસ્થામાં શાળાકીય અભ્યાસ પૂર્ણ કરીને તેમણે આઝાદીની લડતમાં ઝંપલાવ્યું હતું. દરમિયાનમાં તેઓ ત્યારના કૉન્ગ્રેસી નેતાઓ અને ગાંધીજીના સંપર્કમાં આવ્યા અને રાષ્ટ્રિય ચળવળના રંગે રંગાયા. '૪૨ની ભારત છોડો ચળવળમાં તેમણે સક્રિય ભાગ ભજવ્યો. આમ, તેઓ ચુસ્ત કૉન્ગ્રેસી નેતા તરીકે ઊભરી આવ્યા.

નંદાજી ગાંધીજીના અતિ નિકટના પરિચયમાં આવેલા તેથી તેઓ અમદાવાદ આવ્યા અને ગાંધીજીની મજૂર-પ્રવૃત્તિને અપનાવી લઈને મજૂર મહાજન સંઘની પ્રવૃત્તિઓને વિકસાવી. તેમણે અમદાવાદના મિલમાલિકો સાથે ચર્ચાવિચારણા કરીને મિલકામદારોના ઘણા પ્રશ્નોના સુખદ ઉકેલ આણેલા; આથી તેઓ 'મજૂરનેતા' તરીકે ઓળખાવા લાગ્યા. આમ, એમણે મજૂર મહાજન સંઘની પ્રતિષ્ઠા વધારી.

ઈ.સ. ૧૯૫૨થી ૧૯૭૦ દરમિયાનની ચાર લોકસભાના તેઓ સભ્ય રહ્યા હતા અને કેન્દ્રિય પ્રધાનમંડળમાં મજૂર, ગૃહ, રેલવે વગેરે ખાતાંઓ સંભળ્યાં હતાં. નિયોજન પંચના નાયબ અધ્યક્ષ તેમજ નિયોજન ખાતાના સર્વપ્રથમ પ્રધાન પણ નંદાજી બન્યા. એ સમયમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ ઓછું હતું. એમણે શ્રદ્ધાપૂર્વક 'સદાચાર'નું વાતાવરણ સમગ્ર દેશમાં ફેલાવવાની પહેલ કરી અને 'ભારત સેવક સમાજ' અને 'ભારત સાધુ સમાજ' જેવી સંસ્થાઓ એમણે સ્થાપી અને તેના અગ્રેસર રહ્યા.

નંદાજીની સન્નિષ્ઠા અને કાર્યકુશળતા એટલી હતી કે, ૧૯૬૪ના મે મહિનામાં જવાહરલાલ નેહરુના અવસાન બાદ અને ૧૯૬૬ના જાન્યુઆરીમાં લાલબહાદુર શાસ્ત્રીના અવસાન બાદ એમ બે વખત તેઓ કાર્યવાહક વડાપ્રધાન બન્યા હતા. ઇન્દિરા ગાંધીના પ્રધાનમંડળમાં ગૃહપ્રધાન તરીકે તેમણે સેવાઓ આપી હતી. પણ બદલાતા રાજકીય પ્રવાહોમાં જાતને ગોઠવી ન શકનારા નંદાજીએ ૧૯૭૦ પછી રાજકારણમાંથી નિવૃત્તિ લઈને સમાજસુધારાની પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

હાલ તેઓ હિંદુ કૉલોની, નવરંગપુરા, અમદાવાદમાં પોતાની દીકરી ડૉ. પુષ્પાબહેન નાયકને ઘેર છેલ્લાં થોડાં વર્ષોથી રહે છે. ઈ.સ. ૧૯૯૧માં નંદાજીને 'પદ્મવિભૂષણ'નો ખિતાબ અર્પણ કરાયો હતો ત્યારે તેમણે ઘણી નમ્રતાથી તેનો સ્વીકાર કર્યો હતો. આજે તેમના આયુના ૧૦૦મા વર્ષે જાગૃત-અર્ધજાગૃત અવસ્થામાં નબળા સ્વાસ્થ્ય સાથે બિછાનામાં રહીને પણ 'ભારતરત્ન'ના સર્વોચ્ચ સન્માનને મેળવ્યું છે. -કા. વ. રામી

સ્વ. નુસરત ફતેહઅલી ખાન

સંગીતકાર નુસરત ફતેહઅલી ખાનનું હૃદયરોગના તીવ્ર હુમલાથી તા. ૧૬-૮-૧૯૯૭ના રોજ લંડનની ક્રૉમવેલ હૉસ્પિટલમાં અવસાન થયું છે. છેલ્લા કેટલાક મહિનાથી તેમને શ્વાસોચ્છ્‌વાસની તકલીફ રહ્યા કરતી હતી અને તેની તબીબી ચકાસણી માટે તેઓ લંડન ગયા હતા.

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ઈ.સ. ૧૯૪૮માં તેમનો જન્મ થયો હતો. તેમના પિતા એક દરબારી ગાયક હતા, અને તેઓ પોતાના પુત્રને ડૉક્ટર બનાવવા ઇચ્છતા હતા; પરંતુ કિશોરાવસ્થામાં જ નુસરત હાર્મોનિયમ વગાડતા શીખી ગયા હતા. તેમના પિતાનું અવસાન થયું ત્યારે તેઓ ૧૨ વર્ષના હતા.



૨૩મી માર્ચ ૧૯૬૫ના રોજ પાકિસ્તાનમાં યોજાયેલ એક રેડિયો ઉત્સવમાં એક ફિલ્મ-પ્રોડ્યૂસરે નુસરતની શક્તિઓ પારખી લીધી અને સીધા જ ગીત-સંગીતની તાલીમ માટે હોલિવૂડ પહોંચાડી દીધા. તે સમયે પાકિસ્તાનમાં

કવાલી-ગાયક ગુલામ ફરીદ સાબરી ઘણા વિખ્યાત હતા, પણ નુસરત તો તેમનાથી આગળ નીકળી ગયા! રેડિયો, ટેલિવિઝન અને મહેફિલોમાં જેઓ તેમને સાંભળતા તેઓ આફરીન થઈ જતા હતા. તેમણે સંગીત-ક્ષેત્રે ઘણું કૌશલ્ય મેળવ્યું હતું.

નુસરતે અમિતાભ બચ્ચન કોર્પોરેશનની 'બેન્ડિટ ક્વીન' નામની હિન્દી ફિલ્મમાં સંગીત આપ્યું હતું, અને તેથી તેઓ ભારતમાં ઘણા જ લોકપ્રિય થઈ ગયા હતા. નુસરતનું છેલ્લું સંગીત એ. આર. રહેમાનની ધૂનમાં 'વંદેમાતરમ્' હતું. એક પાકિસ્તાની ગાયકના સ્વરમાં-સૂરમાં ભારતના રાષ્ટ્રપ્રેમનું ગીત આજે પણ ટી.વી. ચૅનલો પર નોખું જ તરી આવે છે. તેમની છેલ્લી હિન્દી ફિલ્મ 'ઔર પ્યાર હો ગયા' આખા ભારતમાં રીલિઝ થઈ છે અને એ ફિલ્મનું સંગીત સાંભળનારના હૃદયના તાર ઝંકૃત કરી દે તેવું છે. ઝી ટીવી પર ચાલતી 'ચટ્ટાન' સીરિઅલનું ટાઈટલ મ્યૂઝિક અને ગાન અદ્ભુત છે!

સંગીતક્ષેત્રે તેમના મહત્ત્વના યોગદાન માટે નુસરતને યુનોના કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન 'યુનેસ્કો' તરફથી ઈ.સ. ૧૯૯૫નો ઍવોર્ડ એનાયત થયો છે. તેઓ પાકિસ્તાનના નાગરિક હોવા છતાં ભારત, યૂરોપ અને અમેરિકાના સંગીત-રસિયાઓના પ્રિય માત્ર બની ગયા હતા. ખેદ તો એ વાતનો છે કે, તેઓ ફક્ત ૪૯ વર્ષની નાની ઉંમરે આપણી વચ્ચેથી ઊપડી ગયા! પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે તેમને અંજલિ અર્પતા કહ્યું કે, 'નુસરતનું અવસાન એ પાકિસ્તાન માટે મહાન ખોટ છે.'

- કાન્તિલાલ વ. રામી

લેભાગુ ડેરીઓ અને કૃત્રિમ દૂધ

ન્યૂઝટાઈમ નામના સામયિક દ્વારા તાજેતરમાં કરવામાં આવેલું એક સંશોધન જણાવે છે કે, શહેરોમાં આવેલી કેટલીક ખાનગી ડેરીઓ 'કૃત્રિમ દૂધ'નો પુરવઠો પૂરો પાડે છે. આ દૂધ અમુક પ્રક્રિયાયુક્ત ખાદ્યતેલ, ધોવાનો સોડા, યુરિયા (રાસાયણિક ખાતર), ડીટર્જન્ટ પાવડર વગેરેમાંથી બનાવવામાં આવે છે. આ કૃત્રિમ દૂધ આબેહૂબ કુદરતી દૂધ જેવો જ દેખાવ ધરાવે છે પણ તેના રસાયણોની અસરથી પાચનતંત્રની ચામડી બળી જઈ શકે છે. તેનાથી હૃદય અને મૂત્રપિંડના વ્યાધિ ઉપરાંત જીવલેણ કેન્સર પણ થઈ શકે છે. આવી ખાનગી ડેરીઓ ઉપરાંત ફેરિયાઓ દ્વારા અપાતું દૂધ પણ શુદ્ધ હોવાની શક્યતા ઘણી ઓછી છે. આ દૂધવાળાઓ પોતાનાં ઢોર પાસેથી દૂધનો વધુ જથ્થો મેળવવા માટે 'ઑક્સીટોસિન' નામના ઔષધનું ઇંજેકશન આપતા હોય છે. આ હોર્મોન દૂધ દ્વારા આપણા શરીરમાં દાખલ થાય તો ધીમા ઝેર તરીકે વર્તે છે. તેનાથી પંગુતા, રોગપ્રતિકારક શક્તિનો નાશ, હૃદય અને યકૃતની વ્યાધિઓ ઉપરાંત મૂત્રપિંડ અને પાચનતંત્રની બીમારીઓ લાગુ પડે છે. ('લોકોસ્ટ ફીચર્સ'માંથી)

મકાઈ

આમ તો હવે લગભગ વર્ષમાં બેત્રણ વાર મકાઈ બજારમાં આવતી હોય છે. તે દાણામાંથી ઊગે છે અને તેના છોડ ૬ થી ૮ ફીટ ઊંચા થાય છે. તેના છોડની ગાંઠીમાંથી પણ નવા અંકુર ફૂટે છે. એક છોડ પર ત્રણથી પાંચ મકાઈ બેસે છે. છોડની ઉપર તોરો હોય છે. જો એ તોરો તૂટી જાય તો એ છોડની મકાઈમાં દાણા બેસતા નથી.

પ્રમાણમાં મકાઈ લોકપ્રિય છે. તેમાંથી ઘણી બધી વાનગીઓ બનાવવામાં આવતી હોય છે. આમ તો દુનિયામાં સર્વ જગ્યાએ વત્તા-ઓછા પ્રમાણમાં મકાઈ ખવાતી હોય છે. અનાજમાં મકાઈનો દાણો સૌથી મોટો છે. તે મોટે ભાગે રંગે પીળો હોય છે, કદીક સફેદ પડતો, ઓફ વાઈટ જેવો હોય છે. કોક વાર જ લાલ રંગના દાણા જોવા મળે છે. અમેરિકન મકાઈ તરીકે જે મકાઈ ઓળખાય છે તેના ઘણા રંગે જરા ઘેરા પીળા અને સ્વાદમાં સારા એવા ગણ્યા હોય છે. સામાન્ય મકાઈ સ્વાદે જરા મીઠા જરૂર હોય છે પણ ગળ્યા નથી હોતા.

મકાઈને દળીને તેનો લોટ પણ વપરાય છે. ગુજરાતમાં પંચમહાલ જિલ્લામાં આદિવાસીઓનો તે મુખ્ય ખોરાક છે. આમ પણ મકાઈ સસ્તી હોવાથી ગરીબ પ્રજા તેને વધારે ખાય છે. મકાઈનાં પોષણમૂલ્યો ઘઉં વગેરે અનાજ કરતાં ઓછાં છે. પંજાબમાં તો સરસવનું શાક અને મકાઈના લોટની રોટી રાતના ખાણા માટે જાણીતી છે. આપણે ત્યાં પણ મકાઈનાં વડાં વગેરે બનાવીને ખવાતાં આવ્યાં છે. આ ઉપરાંત ઢોકળાં, બેક્ડ ડિશ તથા સૂપ વગેરમાં તે વપરાય છે.

મકાઈમાંથી કોર્નફ્લેક્સ નામનું નાસ્તામાં ખવાતું ખાણું ખૂબ જ લોકપ્રિય છે. કોર્નફ્લેક્સ સાથે દૂધ ખવાતું એટલે એ બન્ને ભેગાં થતાં પોષણમૂલ્ય પણ વધે.

મકાઈનો રોટલો બનાવી ખાખરાના પાનમાં શેકીને તેને ખાવાથી તે ખૂબ જ મીઠો અને અનોખો સ્વાદવાળો લાગે છે.

મકાઈનો મોટો ફાયદો એ છે કે ખડકાળ જમીન સિવાય તે ગમે ત્યાં ઉગાડી શકાય છે. વળી, એને વધારે પાણી કે ખાસ માવજત પણ જોઈતી નથી. ત્રણથી ચાર મહિનામાં મકાઈ તૈયાર થઈ જાય છે. મકાઈમાં સ્ટાર્ચનું પ્રમાણ વધારે હોવાથી, કપડાં માટેનો સ્ટાર્ચ પણ તેમાંથી બનાવાય છે. અમુક દેશમાં તેની મીઠાશ વધુ હોવાથી તેમાંથી સીરપ પણ બનાવવામાં આવે છે, જે ખાંડની અવેજીમાં પણ વાપરી શકાય છે.

એકલા મકાઈ પર નભનારા તથા અન્ય શાકફળ ખાસ ખાતા ન હોય તેમને લૂલાપણું કે પાંગળાપણું થવા સંભવ છે. જોકે મકાઈ ગુણમાં રુક્ષ, કફ તથા પિત્તનો નાશ કરનાર ગણાય છે. મકાઈ એકલી ખવાય તેના કરતાં દહીં, છાશ કે દૂધ સાથે

ખવાય તો વધારે સારું. આપણા દેશમાં પહેલેથી મકાઈને હલકું અન્ન ગણાવામાં આવ્યું છે. મકાઈમાંથી બનતી મોટી ધાણી કે જે પૉપકૉર્ન તરીકે ઓળખાય છે, તે બાળકોનું પ્રિય ખાણું છે. મકાઈના દાણા કાઢી લીધા પછી રહેલા ડોડા બળતણ તરીકે પણ વપરાય છે.

બેબીકૉર્ન તરીકે જે નાની મકાઈ આવે છે તેનો પણ અનેક વાનગીમાં ઉપયોગમાં કરવામાં આવે છે. અમુક પ્રદેશમાં તો મકાઈનો લોટ માત્ર બાફીને જ ખવાય છે અને તે ખાનારાઓ એમ માને છે કે તેનાથી ખૂબ જ તાકાત આવે છે.

પરદેશમાં તો ફ્રોઝન મકાઈ વધારે ખવાય છે. આપણે ત્યાં પણ હવે તેનો વપરાશ વધવા લાગ્યો છે. અનાજ સાથે કઠોળ વગેરે ખાવાનો રિવાજ છે તે સારો છે. તેથી મકાઈ સાથે અન્ય કઠોળ કે અનાજ ખાવાથી સારું રહે છે.

સૂકી તથા લીલી ૧૦૦ ગ્રામ મકાઈનાં પોષણમૂલ્યો

	કેલરી	કાર્બોદિત	પ્રોટીન	ચરબી	કેલ્શિયમ	ફોસ્ફરસ
લોહવિટામિન		એવિટામિન	બી૧વિટામિન	નાયાસિન	વિટામિન સી	
		ગ્રા.	ગ્રા.	મિ.ગ્રા.	મિ.ગ્રા.	મિ.ગ્રા.
મિ.ગ્રા.	મ્યુ.ગ્રા.	મિ.ગ્રા.	બીર મિ.ગ્રા	મિ.ગ્રા.	મિ.ગ્રા.	
સૂકી	૩૪૨	૬૬.૨	૧૧.૧	૩.૬	૧૦	૩૪૮
૨.૩	૯૦	૦.૪૨	૦.૧૦	૧.૮	૦	
લીલી	૧૨૫	૨૪.૬	૪.૭	૦.૯	૯	૧૨૧
૧.૧	૩૨	૦.૧૧	૦.૧૭	૦.૬	૬	

-ડૉ. ઉમા પટેલ ('શ્રી'માંથી)

અનુસંધાન] **કલાવાર્તા** [પૃ. ૫૯૮ થી

કુમાર કાર્યાલયમાં ઉપરના ભાગે એક મોટા ઓરડામાં ચિત્રશાળા હતી, જ્યાં કલાકારો-ચિત્રકારો ચિત્રકામની તાલીમ લેતા હતા અને નીચે 'કુમાર પ્રિન્ટરી' વિભાગ હતો, તેમાં દિવસ દરમિયાન કમ્પોઝ-પ્રિન્ટિંગ-બાઈન્ડિંગ થતું, તેમાં વ્રજલાલ ફાજલ સમયમાં પ્રેસની કામગીરી પણ કરતા. વ્રજલાલને 'કુમાર કાર્યાલય'માં ઘણું જ ફાવી ગયું અને તેમની ચિત્રસાધના અવિરત અને સઘનપણે આગળ વધતી રહી.

વ્રજલાલને શિષ્યવૃત્તિ મળતાં તેઓ ચિત્રકલાના ઉચ્ચ અભ્યાસાર્થે શાંતિનિકેતન ગયા. ત્યાં કલાગુરુ નંદલાલ બોઝ તથા અન્ય બંગાળી કલાકારો તથા મહાકવિ રવીન્દ્રનાથ ટાગોરના સાન્નિધ્યમાં વ્રજલાલે ચાર વર્ષ સુધી કલાની ઉપાસના કરી અને કલાના અનેક પ્રકારો પર પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. શાંતિનિકેતનથી અમદાવાદ આવી આ કલાકારે નૃત્યકાર ઉદયશંકરને પણ પોતાના ગુરુ બનાવ્યા.

વ્રજલાલે અમદાવાદની લગભગ નવ-દસ હાઈ સ્કૂલોમાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને કલાશિક્ષણ આપ્યું છે. તેમનો વિદ્યાર્થી-સમુદાય ઘણો બહોળો છે. તેમનાં ચિત્રો 'કુમાર', 'નવચેતન' વગેરે સામાયિકોમાં પ્રકટ થયેલાં છે. તેમને લગભગ દસેક પ્રમાણપત્રો-એવોર્ડ પણ મળેલાં છે. અમદાવાદનાં જાણીતાં શ્રીમંત સંસ્કારી કુટુંબોમાં તેમનાં બાળકોને ચિત્રકલાની તાલીમ આપવા તેઓ જતા હતા અને જીવનના છેલ્લા શ્વાસ સુધી તેમણે વિદ્યાર્થીઓને કલાશિક્ષણ આપ્યા કર્યું હતું. વ્રજલાલ 'કુમાર'ને પોતીકુ માનતા અને 'કુમાર'ના સંસ્મરણો વાગોળ્યા કરતા. તેમને છેક સુધી 'કુમાર' પ્રત્યે દિલચસ્પી રહેલી. - કાન્તિલાલ વ. રામી

કલાકારોની ૧૫મી ઑગસ્ટ

અમદાવાદના ચિત્રકારોએ આઝાદીનાં ૫૦ વર્ષ - સુવર્ણ જયંતીવર્ષ - ની ઉજવણી ૧૫મી ઑગસ્ટે વિશિષ્ટ રીતે કરી. ૧૦૦ ફૂટના કૅનવાસ પર લગભગ ૫૦ જેટલા નામાંકિત ચિત્રકારોએ આઝાદીની ઝાંખી કરાવતા ફક્ત ત્રિરંગાના રંગોમાં જ ચિત્રો દોર્યાં. ગુજરાત કૉલેજના પ્રવેશદ્વારથી કોટની રાંગ પરની કિનારીવાલાની ખાંભી સુધીના પટ પર ચિત્ર દોરવામાં આવેલું. સર્વશ્રી બાલકૃષ્ણ પટેલ, જનક પટેલ, શરદ પટેલ, ભાનુ શાહ, નટુ પરીખ, પ્રેમ રાવલ, અમિત અંબાલાલ, નટુભાઈ મિસ્ત્રી (ચેતક), મહેન્દ્ર મિસ્ત્રી, ભરત પંચાલ, કાંતિ પંચાલ, મહેન્દ્ર કડિયા, ભરત પટણી અને રાજેશ સાગરા જેવા અનેક ચિત્રકારોએ તેમાં ભાગ લીધો હતો. ઉદ્‌ઘાટન જાણીતા ફોટોગ્રાફર જગન મહેતાને હસ્તે ભારતનો નકશો દોરી કરવામાં આવેલું. કલાકારો સર્વશ્રી અપૂર્વ દેસાઈ, અરવિંદ વાકાણી, કાંતિભાઈ પંચાલ, જયેશ શુક્લ તેના આયોજકો હતા. □

કાગદ થોડો હેત ઘણો, મુખસે લિખ્યો ન જાય;
સાગર મેં પાણી ઘણો, ગાગર મેં ન સમાજય.

આ માસની પાંચમી તારીખ એટલે આપણા એક ચિંતક-શિક્ષક રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિન. તેઓ રાષ્ટ્રપતિ થયા ત્યારે તેમને મળવાપત્ર પગાર રૂ. ૧૦,૦૦૦=૦૦; પરંતુ આ દેશપ્રેમી, સાચદિલ શિક્ષકે માત્ર ૨૫ ટકા પગાર સ્વેચ્છાએ સ્વીકાર્યો. આમ, રૂ. ૨૫૦૦=૦૦ માસિક મળે તેમાંથી રૂ. ૬૦૦=૦૦ આયકર કપાય. આવી નજીવી રકમનો સ્વીકાર કરી તેમણે સંતોષી મનુષ્ય તરીકે અને એક સાચા રાષ્ટ્રભક્ત તરીકેની અમીટ છાપ ઉપસાવી હતી!

☆

કહેવતકથા : 'ગધ્ધે ખાયા ખેત, ન હુઆ પુણ્ય ને ન ચડા પાડ.' જો ખેતરમાં ગાય પેસી જાય અને ચરી જાય તો કમને પણ ધાર્મિક ભાવથી માણસ એવું મન વાળે કે, ચાલો અનાયાસે પુણ્ય મળી ગયું; પરંતુ જો ગધેડો ખેતરમાં પેસી ચરી જાય તો પુણ્ય પણ મળતું નથી અને ચરી જવા માટે ગધેડો ઉપકાર કે આભારની લાગણી પણ વ્યક્ત કરતો નથી.

☆

બે ચમચી તુલસીનો રસ મધ સાથે સવાર-સાંજ લેવાથી કફના રોગ મટે છે.

☆

જ્ઞાનદેવે અને નામદેવે મરાઠી ભાષામાં તેરસો અને ચંદ બારોટે રાજપૂતાની ભાષામાં બારસો ગ્રંથો લખેલા નોંધાયા છે.

☆

'મારી પાસે એવું ઘડિયાળ છે કે જેમાં આંકડા નથી, કાંટા નથી ને ચાવી નથી.'

'તો પછી તમે સમય કેવી રીતે જાણી શકો છો?'

'બહુ સહેલું છે. હું બીજાને પૂછી લઉં છું.'

☆

કલકત્તામાં યોજાએલા '૨૫મા આંતરરાષ્ટ્રિય ફિલ્મ મહોત્સવ' પ્રસંગે શ્રી સત્યજિત રેની યાદમાં ટપાલટિકિટ બહાર પડી હતી.

☆

શાહમૃગનું બચ્ચું કલાકના ૬૦ કિ.મી.ની ઝડપે દોડી શકે છે અને પુખ્ત શાહમૃગની એક લાત માણસના પગની નળી તોડી નાખે છે એટલા એ તાકાતવાન હોય છે.

☆

ગણિતગમ્મત : એવી કઈ ત્રણ ક્રમિક સંખ્યાઓ છે કે એ ત્રણમાંની સૌથી મોટી સંખ્યાના વર્ગમાંથી સૌથી નાની સંખ્યાનો વર્ગ બાદ કરતાં વચ્ચેની સંખ્યાનો વર્ગ આવે? (ઉત્તર : ૩,૪,૫)

☆

વૃન્દાવનમાં એક શિવાલય છે. તેમાંના શાલીગ્રામનું વજન સવામણ છે.

☆

ગળામાં જો વાળ જતો રહે તો ભાતનું નવશેકું ઓસામણ પીવાથી તે નીકળી જાય છે.

☆

જાણો છો કે, બ્રાઝિલના શહેનશાહ બાનુએ કરોળિયાના તાંતણામાંથી બનાવેલો આખો પોષાક મહારાણી વિક્ટોરિયાને ભેટ મોકલ્યો હતો?

☆

પતંગિયાને લાલ અને સફેદ રંગનું વધુમાં વધુ આકર્ષણ હોય છે!

☆

તમે જાણો છે કે અંગ્રેજી Yથી શરૂ થતા દુનિયામાં માત્ર બે જ દેશો છે. યુગોસ્વાવિયા અને યમન?

દેવું થાય તેવું ખર્ચવું નહીં.
પાપ થાય તેવું કંઈ કરવું નહીં.
લડાઈ થાય તેવું બોલવું નહીં.
શત્રુતા વધે તેવું કરવું નહીં.

એક સર્વેક્ષણ અનુસાર ગુજરાતનાં લોકો એક વર્ષમાં વિવિધ પ્રકારની ૫૦ કરોડ રૂપિયાની સોપારી ખાય છે!

☆

કોઈ વાસણમાં ડુંગળની વાસ બેસી ગઈ હોય તો મીઠું નાખેલા ગરમ પાણીમાં તે વાસણ થોડો સમય ડુબાડી રાખવું. ત્યાર બાદ સાબુથી સાફ કરવાથી ડુંગળીની વાસ જતી રહેશે.

☆

આફ્રિકામાં 'મકાઉ' નામે રંગીન પોપટ થાય છે. આ એક પોપટ લગભગ ૧૫ હજાર રૂપિયામાં વેચાય છે!

☆

નરણા કોઠે થોડા દિવસ રોજ સવારે મેથીનો તાજો ઉકાળો પીવાથી પગની એડીના દુખાવામાં રાહત અનુભવાશે.

☆

વિશ્વનું સૌથી જૂનું હયાત વર્તમાનપત્ર સ્વિડનનું 'પોસ્ટ ઑફ ઈનરિક્સ ટિડનિંગર' છે, જેની સ્થાપના ઈ.સ. ૧૬૪૫માં થઈ હતી.

☆

કલાકણિકા : તહેરાન મ્યૂઝીઅમમાંનો સુવર્ણપ્યાલો, જેની બન્ને બાજુ સિંહાકૃતિ છે. ઈ.સ.પૂ.ની ૨૧મી સદીનું આ પાત્ર મનાય છે.

